


કુમાર

અંક ૧૪૪

આવતી કાલનાં નાગરિકોનું માસિક

વર્ષ ૧૨ · અંક ૧૨ · માગશર ૧૯૯૨ ✻ તંત્રી:
રવિશંકર રાવળ · સંપાદક: બચુભાઈ રાવત

કુમાર
માગશર ૧૯૯૨
અંક ૨૪૪


મુદ્રક: બચુભાઇ પોપટભાઇ રાવત: તંત્રી અને પ્રકાશક : રવિશંકર મહાશંકર રાવળ: કુમાર પ્રિન્ટરી–કુમાર કાર્યાલય, ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.

વાર્ષિક લવાજમ, રૂા. ૬ (પરદેશ ૧૨ શિ.) છ માસિક લવાજમ રૂા ૩ (પરદેશ ૬ શિ.) છૂટક ૦-૧૦-૦

મુંબાઈના એજન્ટ : સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ; તથા આર. આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ–૨

કલકત્તા : ઉપયોગી વસ્તુભંડાર · ૧૪, અગરતલા સ્ટ્રીટ

જાહેર ખબર માટેના મુંબાઇ ખાતેના સોલ એજન્ટ
મેસર્સ રાવળ બ્રધર્સ, મૂળજી જેઠા બિલ્ડિંગ, પ્રિન્સેસ સ્ટ્રીટ.



ઉમળકા

ચિત્રકાર · વ્રજલાલ ત્રિવેદી

(ગુજરાત કલાસંઘ ચિત્રશાળા)

એક તપ



શાસ્ત્રીય પરિભાષામાં બાર વરસ એટલે એક 'તપ'. આ અંક સાથે 'કુમાર' એવું એક તપ પૂરું કરે છે અને બાર વરસ પૂરાં કરી તેરમામાં પ્રવેશ કરવાની તૈયારીમાં છે.

અમે જોઈએ છીએ કે અમારી ગ્રાહકસંખ્યાના મોટા ભાગે આ બારે વર્ષ લગી અમને ચાલુ સાથ આપ્યો છે અને નવા પણ ઘણા ઉમેરાયા છે. એક તપની આ લાંબી કૂચને અંતે એ સૌનું અમે અભિવંદન કરીએ છીએ.



અમને જણાવતાં આનંદ થાય છે કે અનેક વખતની યોજનાઓ, ઇચ્છાઓ અને ઘડભાંગો પછી, 'કુમાર'ને સમૃદ્ધ કરવાની અમારી લાંબા વખતની આકાંક્ષાને અમારી શક્તિ મુજબનું ચોક્કસ મૂર્ત સ્વરૂપ આપવાને આ એક તપને અંતે અમે શક્તિમાન થયા છીએ. તેરમા વર્ષની શરૂઆતનો આવતો અંક આપ એ નવે સ્વરૂપે જોશો.



એમાં, આવતા અંકથી અમે સોળ પાનાંનો નવો વધારો કરવા ઇચ્છીએ છીએ. એ ઉપરાંત થોડાં મુખ્ય પાનાંઓ ઉપર ચાલુ છાપ ઉપરાંત રંગની અનેરી છાંટ આપવા ઇરાદો રાખીએ છીએ.

'કુમાર' અત્યારે દર મહિને એક ત્રિરંગી અને બે સાદાં, એવાં ઉચ્ચ કોટિનાં ત્રણ ચિત્રો નિયમિત આપે છે, જે શિરસ્તો હજી સુધી આટલા લાંબા ગાળા લગી કોઈ માસિક પાળી કે ટકાવી રાખી શક્યું નથી, એ જાહેર સત્ય છે. એ ચિત્રો કલાની ઉચ્ચ અને સંસ્કારી કક્ષાના ચુનંદા નમૂના હોય છે એ પણ એટલી જ સુવિદિત હકીકત છે.

કુંજ ઉરની

· શિખરિણી ·

શ્વસે શૃંગેશૃંગે યુગયુગતણા શ્રાન્ત પડઘા,
અને વ્હેતી તાજી ઝરણસલિલે આદિકવિતા;
તળાવોનાં ઊંડાં નયન ભરી દે કાલની સ્મૃતિ,
રચે બીડે ઘાસે પવન સ્મિતનાં ખંજન રુડાં;
દ્રુમે ડાળે માળે કિલકિલી ઊઠે ગીતઝુલણાં,
લતા પુષ્પે પત્રે ઝગમગ ચૈતન્યની મીઠી;
પરોઢે સંધ્યાએ ક્ષિતિજઅધરે રંગરમણા,
—મને આમંત્રે સૌ પ્રણય ગ્રહવા વિશ્વકુલનો.

નહિ મારે રે એ પ્રકૃતિરમણીનાં નવનવાં
ફસાવું રૂપોમાં. પ્રણય જગને અર્પ્યો જ ધર્યો.
મનુષ્યો ચાહે કે કદિ અવગણે, કૈં ન ગણના.
રહું રાખી ભાવો મનુજઉરના ઉરસરસા.
મને વ્હાલી વ્હાલી કુદરત ઘણી, કિંતુ અમૃતે
મનુષ્યે છાયેલી પ્રિયતર મને કુંજ ઉરની.

ઉમાશંકર જોષી

¶ પહેલા અષ્ટકની એક એક લીટીમાં મધુરપભરી એક એક કલ્પનાથી મ્હેકતી વિશદ ભાષામાં કુદરતનું નિગૂઢ-મનોહર દર્શન મનમાં ઊતરતું આવે છે: પર્વતને શિખરે શિખરે યુગયુગના થાકેલા પડઘા શ્વસે-સહકે છે; ઝરણના પાણીમાં તાજી આદિ કવિતા (એ 'તાજી' અને 'આદિ' શબ્દોનું બળ જુઓ: માનવીનું અંતર પહેલું ઉઘડ્યું તે કાળ જેટલી પુરાતન, છતાં છેલ્લી ક્ષણની તાજપભરી એવી કવિતા) વહે છે; 'કાળની સ્મૃતિ' તળાવોનાં 'ઊંડાં નયન' (બીજા શબ્દો વડે અર્થ સમજાવવો નિરર્થક છે) ભરી દે છે; ઘાસના બીડ પર પવન સ્મિતનાં ખંજન રચે છે (કમનીય દર્શન!–અને જુઓ છેક છેલ્લે સુધી) દ્રુમે ડાળે માળે કિલકિલી ઊઠતાં ગીતઝુલણાં; લતા પુષ્પે પત્રે સોહતી ચૈતન્યની મીઠી ચમક; પરોઢે અને સંધ્યાએ ક્ષિતિજના ઓઠ ઉપર મચી રહેતી રંગરમણા:—એ સૌ વિશ્વકુલનો પ્રણય સ્વીકારવા જાણે આમંત્રે છે: ¶ પણ કવિ કહે છે કે મારે પ્રકૃતિ-રમણીનાં એ નવનવાં રૂપોમાં ફસાવું નથી. મેં તો મારો પ્રેમ માનવજગતને ચરણે ધરી દીધો છે—પછી ભલે મનુષ્યો મને ચાહે કે અવગણે, પરવા નથી. કુદરત મને પ્રિય છે, ઘણી પ્રિય છે: પણ માનવ હૃદયના સૌન્દર્ય પર કશુંક એવું અમૃત ઢોળાયું છે કે એ ઉરની કુંજ મને પ્રિયતર–વધારે વ્હાલી છે. ¶ મુગ્ધ કરી દે એવા કુદરતના પહેલા અષ્ટકના વર્ણન પછી ચાર લીટીનો ઝોલો ખાઈને છેલ્લે એટલી જ ઔચિત્યભરી ભાવની ઉત્કટતા પર કવિ લઈ જાય છે. ¶ ગયા અંકમાં પ્રકટ થએલું 'અહમ્' અને આ નીચેનું (તેમજ આપણે આશા રાખીએ કે હવે પછી મળે તે) સૉનેટ 'આત્માનાં ખંડેર' નામની માળામાંથી છે. —બ.

મારી નજરે

બાર વર્ષની પહેલી અવધ

● આ અંક સાથે 'કુમાર' બાર વરસની પહેલી અવધ પૂરી કરે છે એ અવસર સંગીન વિદ્યાર્થી-સાહિત્ય આપનાર ગુજરાતી પત્રકારિત્વમાં મહત્ત્વની જગ્યા પૂરનાર ગણાવો જોઇએ. બાર વર્ષનું 'કુમાર'નું અસ્તિત્વ શું કરી શક્યું નથી એ ગણવું રહેલું છે; પણ તેમ કરતાં પહેલાં આપણી દૃષ્ટિ પ્રગતિ કરતા દેશો તથા તેના અસંખ્ય બુદ્ધિશાળી માનવીઓ સામે રાખી, પ્રમાણ મૂકીને પછી 'કુમાર'ની સેવાઓ લેખવામાં આવે તો મારી ખાત્રી છે કે સાધન, સંખ્યા અને સમૃદ્ધિના હિસાબે અમે કોઇ ઊણપ રાખી નથી.

છતાં અમને એક બાબતનો ખેદ થાય છે કે કુમાર-વાચનની કદર કરનાર ગ્રાહકોની સંખ્યા પૂરતા પ્રમાણમાં વધી નથી, એટલું જ નહિ પણ સરેરાશનું ધોરણ પણ જળવાતું નથી. એને પરિણામે ઘણી વાર તો 'કુમાર'નું પ્રકાશન બંધ કરવાના વિચારો પણ આવી ગયા. અંગત બીમારી, માણસોની તૂટ તથા રાજકીય પરિસ્થિતિના અંકુશોના દબાણે આવા વિચારોથી ઘણો મનઃવિક્ષોભ અમને અનેકવાર થયા કર્યો છે; છતાં આ મંગલ ધ્યેયમાં શ્રદ્ધા રાખીને અમે ટકાવી રાખ્યા કર્યું છે, એટલું જ નહિ પણ આ અંકસાથે જોડેલી પત્રિકા બતાવશે તેમ 'કુમાર'ને વધારે સંગીન અને સમૃદ્ધ કરવાના મનોરથો પણ કર્યા છે. આગળ વધતા જમાનાની પત્રકારદૃષ્ટિને અનુરૂપ ચિત્રો, લેખો, આલેખો વગેરે તૈયાર કરવા તથા પૂરા પાડવામાં નવી સામગ્રી માટે ખર્ચ કરવું સાહસિક લાગે એ સ્વાભાવિક છે, છતાં અમે હવે પછી 'કુમાર'માં જે સુધારાવધારા કરવા ધાર્યા છે તે અમારી આર્થિક બાજુની કસોટી કરે એવા છે.

'કુમાર'ના વાચકો જો માત્ર એટલું જ સમજી શકે કે હિંદના કોઈપણ બીજા પ્રદેશમાં 'કુમાર' સમું કોઇ પત્ર હજી અસ્તિત્વમાં આવી શક્યું નથી તો અમારા પ્રયત્નોની વિશિષ્ટતા સ્પષ્ટ થશે અને અમે એ ધન્ય માનીશું.

'કુમારે' ભાવિ જીવનની તૈયારીમાં સાધક અને પરિપોષક સાહિત્યનો સંચય કરી આપ્યો છે, તે ઉપરાંત કેટલા યે આદર્શો અને જીવન-પરિસ્થિતિ ઉપર સ્પષ્ટ દર્શન પણ કરાવ્યું છે તેની, બાર વર્ષના લાંબા ગાળામાં લખાએલી 'મિજલસ' અને 'નજરે'-ના લેખો જોઇ જવાથી નવા વાંચનારને ખાત્રી થશે. અમને તો, ખુદ અનુભવીઓએ અને પ્રેરણા પીનારાઓએ પત્રો લખી જે કદરશનાસી બતાવી છે તેનાથી જ ખરો આત્મસંતોષ મળ્યો છે. છતાં એકબે વાતોનો ઉલ્લેખ જરૂરનો છે. આજની યુનિવર્સિટિની શિક્ષણપ્રણાલી સામે લેખો અને કટાક્ષચિત્રોનો પ્રવાહ ચાલુ રાખી અમે આ બધાં વર્ષો સુધી જે એકસરખો અવાજ ઉઠાવ્યા કર્યો છે તેના પરિણામે જ કહો, અથવા બીજા પ્રયત્નોના અનુમોદન રૂપે, પણ 'કુમાર' આજે એ જ વિચારોનો જાહેર પ્રતિઘોષ જોઇને પોતાની સાર્થકતા માને છે. એ યુનિવર્સિટિ શી રીતે વિદ્યાર્થીઓનાં તન, મન અને ધનનાં શોષણ કરે છે તે બાબત અમદાવાદની વિદ્યાર્થીપરિષદના પ્રમુખપદેથી પ્રો. કે. ટી. શાહે પુરવાર કર્યું છે; અને ભાઇ ચંદ્રવદન મહેતાએ તો યુનિવર્સિટી સામે જાણે બહારવટું જ ખેડવા માંડ્યું છે. તેમનાં ઠામોઠામ અપાએલાં વ્યાખ્યાનોનો પૂર્વાલાપ 'કુમાર'ની ફાઇલોમાં અને કેટલાં યે કાર્ટૂનોમાં ચિરસ્થાયી બની રહ્યો છે. કુમારો, વિદ્યાર્થીઓ અને છાત્રો પોતાનાં સંગઠનો કરી પોતાનાં જે દૃષ્ટિબિંદુઓ અને ભાવનાઓ પ્રકટ કરવા લાગ્યા છે એ બધાના બીજક વિચારો 'કુમારે' અગાઉ પ્રકટ કરેલા જ છે. અને હવે તો વિદ્યાર્થીજીવનની પ્રતિષ્ઠા અને સ્થાન સમાજે સ્વીકાર્યાં છે જ.

'કુમારે' ગુજરાતમાં કરેલા કલાપ્રચારનો ઇતિહાસ આજે અને હવે પછીના યુગમાં પણ જીવતો જવાબ આપતો જણાશે. પ્રાંતને ખૂણેખૂણે વેરાએલા કેટલાયે કલારસિકોના અંતરમાં આનંદ અને પ્રેરણાના જે પ્રવાહો સુંદર ચિત્રમાળાઓ મારફત પહોંચ્યા હશે તેનો પૂરો ખ્યાલ આજે અમારાથી પણ આવી શકાશે નહિ; પણ માત્ર લલિતોર્મિઓનું રંજન કરવાનું શ્રેય જ અમને બસ લાગતું નથી. ગુજરાતની એકંદર કલાભાવનામાં છેલ્લાં દસબાર વર્ષથી ઘણું સ્વરૂપાન્તર થયું છે એ કોઇપણ કબૂલ કરશે. લાક્ષણિક, પ્રાંતીય અને રાષ્ટ્રીય સ્વરૂપો તેમજ ચિહ્નો તથા પુસ્તકસુશોભનો વગેરેનો પ્રથમ પ્રચાર કરવામાં 'કુમાર' ગર્વ લઇ શકે એમ છે.

ગુજરાતી અક્ષરોના મરોડમાં આજે સર્વત્ર જે વિવિધતા અને નવીનતા માટે પ્રયાસો થઇ રહ્યા છે તેમાં પણ 'કુમાર'નાં પૃષ્ઠો તેનું અગ્રગીપદ સાબિત કરશે 'કુમાર'ના સોમા અંકમાં રાવત મરોડના અક્ષરોથી જે વ્યક્તિનો નિર્દેશ કરવામાં આવ્યો હતો તે શ્રી બચુભાઇ રાવતે આજે, ગુજરાતી લિપિને રાષ્ટ્રલિપિ કરવા માટેના તેના અમુક અક્ષરોના નાગરીકરણના નિર્માણ-પ્રયોગોમાં જે સક્રિય સાથ આપ્યો છે એ બીના ગુજરાતને ભાગે એક ડગળકો આપે એવી છે. ગુજરાતી લિપિના અક્ષરો તથા બીબાંના મરોડ સુધારવા, સંસ્કારવા અને તેમાં અનેકવિધ નવીનતા લાવવા માટેનાં એ ભાઇનાં મનોમન્થનો અને પ્રયોગો એટલા બધા ઉગ્ર છે કે બીજાં દસ વરસમાં ગુજરાતની લિપિ નવો અવતાર લીધા વિના રહેશે નહિ એટલું ચોક્કસ વિધાન કરી શકાય. એ વખતે 'કુમાર' તેની પ્રાથમિક પ્રયોગશાળાનો યશ જરૂર પામશે.

શ્રી મોતીભાઇ અમીન—ગુજરાતની વિદ્યાર્થી જનતાની પાંગરતી વાડીના અસલ માળી

● આજે નજરે પડતી આટલી બધી વિદ્યાર્થીપ્રવૃત્તિઓ, છાત્રાલયો, પુસ્તકાલયો, જ્ઞાનપ્રચાર અને વિવિધ જીવનભાવનાઓમાં પ્રથમ જીવનસંચાર ક્યાંથી અને ક્યારથી થયો એની મૂળ હકીકત ભવિષ્યની પેઢીઓ સુધી યુગોનાં પરિવર્તનોમાં પણ અવિસ્મરણીય અને અદ્વિતીય રહેશે. આજથી પચીસ-ત્રીસ



વર્ષ પહેલાંનું ગુજરાતનું શાળાજીવન, છાત્રજીવન, ગૃહજીવન કે સમાજજીવન જોયું હોય તો તેમાં નિષ્ઠા, ભાવના કે યોજનાનું તૃણ પણ ઊગેલું નહોતું. તે વખતે બેચાર સ્વયંજાગૃત બનેલા શિક્ષકોએ કોઇ એકાંત ખૂણે જ્ઞાનપ્રચાર, ભાવનામયતા અને સેવાની ઉગ્ર પ્રતિજ્ઞાઓ લીધી અને તેની પાછળ જીવન એકાગ્ર કરી નાખ્યું. એના જ પ્રતાપે પેટલાદ બોર્ડિંગ, પુસ્તકાલય-પ્રવૃત્તિ, વિદ્યાર્થીભવનો, છાત્રસંમેલનો, ઉચ્ચ શિક્ષણ માટેની લોનો વગેરે પ્રવૃત્તિઓ ઊભી થઇ અને નવી ભાવનામાં પૂરા રંગાએલા થોડાએક નવલોહિયા ગ્રૅજ્યુએટ શિક્ષકોનાં જૂથ જામવા લાગ્યાં. ચરોતર કેળવણીમંડળ જેવું સમર્થ કેન્દ્ર નવી ચમકથી ચરોતરની જડતા ભેદવા લાગ્યું. ગુજરાતનાં ગામડાંઓમાં પુસ્તકો, સાહિત્યજ્ઞાન અને પાછળથી વ્યાયામ તેમજ બાલશિક્ષણ અને બાલમંદિરની પ્રવૃત્તિઓ ઘરગથ્થુ બની ગઈ. એ અનેક ગફૂરોની પાછળ સ્થિરતા, શાંતિ અને મૌનથી કામ કરી રહેલી જે સ્વાર્થત્યાગી ભાવનામૂર્તિ વિરાજમાન હતી તે શ્રી મોતીભાઇ નરસિંહભાઇ અમીન.

આજે તેઓ વડોદરા પુસ્તકાલયના આસિ. ક્યુરેટર તરીકેના પદથી મુક્ત થઇ ગુજરાત સમસ્તને પોતાના યશસ્વી કાર્યક્ષેત્રનો વારસો સોંપી નિવૃત્ત થયા છે એ પ્રસંગે 'કુમાર' તેમનું ઊંડા હૃદયથી અભિવંદન કરે છે. તેમણે અચૂકપણે રાષ્ટ્રનિર્માતાનું સ્થાન પ્રાપ્ત કર્યું છે અને ભાવિ પ્રજા તેમને એ માટે જરૂર આદર આપશે. આપણને એમના સમી ભાવનાપરાયણ વ્યક્તિઓની હમેશાં જરૂર રહેશે.

મહાસભાનો સુવર્ણમહોત્સવ

● ભારતની રાષ્ટ્રસંસ્થા મહાસભાને આ ડિસેમ્બરે પચાસ વર્ષ પૂરાં થયાં તેનો સુવર્ણમહોત્સવ દેશસમસ્તે ઉમંગથી ઉજવ્યો અને ફરી એકવાર દેશનો ધ્વજ સર્વત્ર ફરકી રહ્યો. એ ધ્વજ ફરકતો જોઈ કયા પામરમાં પણ ભારતનું ગૌરવ ઉછળ્યા વિના રહી શકે ? દેશ તરફ માન અને ભક્તિ બતાવનારો એ પ્રસંગ આપણા જિગરમાં માતૃભૂમિ પ્રત્યે લાગણી અને સેવા કરવાની વૃત્તિ જગાડે છે અને તેના સમુદ્ધાર માટે પ્રસંગ આવતાં ભોગ આપવાનું સામર્થ્ય કેળવે છે. એવો સ્વદેશપ્રેમ આપણી નસોમાં સદા જ્વલંત રહો. સ્વદેશપ્રેમે જગતસમસ્તમાં કંઇક માનવીઓ પાસે અપ્રતિમ સાહસો કરાવ્યાં છે, નિસ્પૃહતાની પરાકાષ્ઠા જેવાં કર્તવ્યોમાં પ્રેર્યા છે તેમજ અવાજ વગર ત્રાસ અને વેદના સહન કરાવ્યાં છે. રાષ્ટ્રધર્મ એક જ એવો ધર્મ છે કે જેની પાછળ સર્વ કુરબાની કરનારની સર્વોચ્ચ જીવનસિદ્ધિ ગણાય. જેઓ માતૃભૂમિને સાચી સેવા આપી શક્યા, કુરબાની કરી શક્યા તેમને વંદન હો. ભવિષ્યની પ્રજા તેમની ઋણી રહેશે.

● શ્રીમંત ગાયકવાડ સરકારના હીરક મહોત્સવ વિષે આવતા અંકમાં લખીશું

● ગયા અંકમાં પ્રકટ થએલો ડૉ. આંબેડકરનો લેખ જે અમે 'કિર્લોસ્કર' માસિકમાંથી ઉતારેલો તેના મૂળ લેખક શ્રી શ્રીપાદ ટીકેકર છે. શરતચૂકથી એમનું નામ લેખ સાથે પ્રગટ કરવું રહી ગએલું તેનો અત્રે જાહેર સ્વીકાર કરીએ છીએ.

આપણી નજરે

સર પુરુષોત્તમદાસ ઠાકુરદાસે સુરત જિલ્લામાં ૧૦૦ ઠેકાણે શાળાગૃહ (રેસિડેન્સી) બાંધી ગામડાંના વિદ્યાર્થીઓ માટે શિક્ષણની સગવડ આપવાનું ઠરાવ્યું છે. ગામ તરફથી જગ્યા અને મકાનના ત્રીજા ભાગના ખર્ચની તૈયારી હોય તો બાકીનો ખર્ચ તેમના તરફથી મળે છે. આજ સુધીમાં ૭૮ ઇમારતો તૈયાર થઈ અને ૬૪૮૦ વિદ્યાર્થીઓની સગવડ થઇ. તેનો ખર્ચ રૂ. ૩ લાખ ૬૮ હજાર ઉપર થઇ ગયો છે.

ઇંગ્લંડ–હિંદુસ્તાનનો હવાઇ પ્રવાસ ત્રણ દિવસમાં જ આટોપી શકાય એટલા માટે એમ્પાયર એર સર્વિસનાં વિમાનો વધારે વેગવાન કરવામાં આવનાર છે.

કાઠિયાવાડમાં લીંબડી તાબેના રંગપુર ગામ આગળ મોહેં-જો-ડેરોના પ્રાચીન સિંધવી સંસ્કૃતિના અવશેષો જેવા અવશેષો જડ્યા છે. સરકારી પુરાતત્ત્વ ખાતાના અમલદાર માધવસ્વરૂપ વાટે એ ગામની જુદી જુદી જગ્યાએ ખોદાણ કરી ઇંટો,

ચમકવાળાં વાસણો, ભોટવા વગેરે મેળવ્યાં છે જે હરપ્પા અને મોહેં-જો-ડેરોને તદ્દન મળતાં છે.

પાલકોની સાંપત્તિક સ્થિતિ સારી નહિ હોવાને કારણે અમેરિકામાં શુમારે ૭ લાખ હાઈસ્કૂલ-વિદ્યાર્થીઓ ૧૯૩૪-૩૫માં શાળામાં જઇ ન શક્યા, તેથી અમેરિકન સરકારે એક 'નૅશનલ યૂથ ઍડમિનિસ્ટ્રેશન' (યુવકતંત્ર) નામની સંસ્થા સ્થાપીને તેના હાથમાં બે કરોડ એંશી લાખ રૂપિયાની રકમ સુપ્રત કરી છે.

ઝેકોસ્લોવાક પ્રજાસત્તાકના પ્રમુખ મસારિકે પોતાની તબિયતની નાદુરસ્તીને લઇ પોતાના પદનું રાજીનામું આપી દીધું છે. કૅબિનેટે હાલ જ્યાં તે રહે છે એ કિલ્લો તેને બક્ષિશ કર્યો છે અને તે ઉપરાંત ૮૦૦૦ પૌંડનું વર્ષાસન બાંધી આપ્યું છે.

સર દોરાબજી તાતા ટ્રસ્ટને આશ્રયે મુંબાઈમાં સામાજિક કાર્યની સ્નાતકશાળા આવતા જૂનમાં સ્થપાવાની છે જે હિંદમાં એ પ્રકારની પહેલી જ શાળા બનશે. સામાજિક કાર્યનાં બધાં ક્ષેત્રો સમાવતો બે વર્ષનો અભ્યાસક્રમ તેમાં રહેશે.

ડન્લોપ ટાયર્સથી જાણીતી થએલી મેસર્સ ડન્લોપ ઍન્ડ કંપની હિંદમાં રબરનું એક જબરું કારખાનું ખોલનાર છે. દક્ષિણ હિંદમાં રબરનું વાવેતર કરવાની તેની યોજના ટૂંક સમયમાં અમલમાં આવશે. મોટરનાં પૈડાંની બનાવટમાં હિંદી રૂ જ તે વાપરશે.

કોલસામાંથી પરબારો ગૅસ મેળવી શકાય કે નહિ તે જોવા રશિયાની સરકારે તાજેતરમાં જ કોલસાની આખી ખાણ સળગાવી દીધી અને નળીઓ દ્વારા તેણે જે ગૅસ મેળવ્યો તે કારખાનામાં બનેલા ગૅસ જેવો જ હતો.

બનારસ હિંદુ યુનિવર્સિટીમાં શારીરિક તાલીમની ફરજિયાત યોજના દાખલ કરવામાં આવનાર છે.

પાટણના સ્વ. શેઠ પૂનમચંદનાં પત્નીએ ત્યાં ખાતે ટેકિનકલ ઇન્સ્ટીટ્યૂટ સ્થાપવા રૂપિયા સવા લાખ અને જમીન સરકારને સુપ્રત કરવાનું જણાવ્યું છે.

આખી દુનિયાની સ્કાઉટ જંબુરી આ વરસે હૉલંડમાં ભરાશે.


જાન્યુઆરીની તા. ૨૪-૨૫-૨૬ના રોજ મુંબાઇ મુકામે હિંદ સંગીત પરિષદ ભરાશે.

ઇસ્લામના પ્રચાર પછી આજ સૈકાઓ બાદ ઇરાનમાં હમણાં પહેલી જ વાર સ્ત્રીઓએ પડદો દૂર કર્યો છે. તા. ૧ લી જાન્યુઆરીથી તે માટેનું શાહી ફરમાન અમલમાં આવ્યું છે.

કાલીકટ ખાતે ભરાએલા અખિલ હિંદ ખાદી અને સ્વદેશી પ્રદર્શનના કળાવિભાગમાં 'કુમાર'ના સુપરિચિત ચિત્રકાર શ્રી રસિકલાલ પરીખનું 'નર્તકી' ચિત્ર (જુઓ કુમાર અંક ૧૩૪નું મુખચિત્ર) સર્વોત્કૃષ્ટ ગણાતાં પ્રદર્શન તરફથી તેમને સોનાનો ચાંદ આપવામાં આવ્યો છે.

મૉન્ટેસોરી પદ્ધતિથી જાણીતાં બનેલાં મૅડમ મૅરિયા મૉન્ટેસોરી પોતાનું બાકીનું જીવન વીતાવવા હિંદ આવનાર છે.

ચીનના કિયુ ફાઉ નગરની ભાગોળમાં બરાબર મોખરે જ આરસનું એક પૂતળું ઊભું છે. બંને બાજુ સરૂની હાર વચ્ચે આવેલા એ પૂતળા પર કોતરેલું છે: 'સર્વશક્તિમાન, સર્વજ્ઞ, પુણ્યશ્રેષ્ઠ ગુરુ.'



આ આદરણીય શબ્દોએ નવાજનાર તે અન્ય કોઇ નહિ, પણ ચીનનો એ જ વિખ્યાત ફિલસૂફ અને સ્મૃતિકાર કુંગ-ફુત્-સે કે જેની જેસ્યુઇટ મિશનરીઓએ 'કન્ફ્યુશિયસ' અને અરબ લેખકોએ 'કનફૂચી'ના નામથી જગતને જાણ કરાવેલી છે. આજ અઢી હજાર વરસ થયાં એ નામ ચીની પ્રજાના હૃદયમાં ઘર કરી રહ્યું છે. ચીનના નગરેનગરે એનું મંદિર છે, આંગણેઆંગણે એની સ્થાપના છે; ચીનના પિતાનું તેને નામ આપવામાં આવ્યું છે. એનું કારણ એટલું જ કે આજે જેની બધા ધર્મોમાં ઉણપ દેખાય છે તે 'માનવતા' (Humanity)ને તેણે પોતાના બોધમાં મોખરે સ્થાન આપ્યું છે.

ઇશુ ખ્રિસ્તની પૂર્વે પહેલાં પાંચ સદીઓ પર ચીન નધણીઆતું બની ગએલું. ચાઉ વંશની સત્તા રાજ્યમાંથી ઓછી થઇ તે દૂબતો જતો હતો અને તેર નાનામોટા ઉમરાવોએ ચીનના ભાગલા પાડી લીધા હતા. શાહ તો નામનું પૂતળું જ રહેલો.

એવા વખતના એક અપશુકનિયાળ અને દુષ્કાળપીડિત વર્ષે એક ગરીબ ચીના સૈનિકને ત્યાં એક પુત્ર અવતર્યો. પહેલી સ્ત્રીથી પોતાને નવે પુત્રીઓ થતાં એ સૈનિકે ચિંગ-ત્સૈ નામની કન્યા જોડે બીજીવાર લગ્ન કરેલાં અને એને પેટે એ બાળકનો એક ગુફામાં જન્મ થએલો.

એ બાળક જ મોટપણનો કન્ફ્યુશિયસ—કુંગ-ફુત્-સે. એનો અર્થ 'ગુરુ કુંગ' એવો થાય. એનું નાનપણનું નામ તો 'કિન' હતું અને ત્યારપછી બીજું 'ચુંગ-ની'નું નામ પણ તેને અપાએલું.

બાળપણથી જ સામાન્ય રમતગમત તરફ કુંગની વૃત્તિ ન વળતી. બુદ્ધિને કસોટીએ ચડાવતા હરેક પ્રશ્ન પાછળ તે ખંતથી મંડ્યો રહેતો અને હજુ કૌમાર તો ઓળંગ્યું પણ નહોતું ત્યાં તો તેણે જીવનનું ધ્યેય પણ નક્કી કરી રાખ્યું.

ઓગણીસ વર્ષની વયે, લગ્ન થયા બાદ તેને ત્સાઉના

બગીચાઓના રખેવાળની જગ્યા મળી. એ ફરજ બજાવતાં તે રાતોની રાતો વાંચવા ને વિચારવામાં પસાર કરી દેતો.

બાવીસની વયે તેણે શિક્ષકનો ધંધો હાથ લીધો. એ દરમ્યાન તેના વિચારોથી આકર્ષાએલું એક મંડળ તેની આજુબાજુ જામતું ગયું. તેની પ્રેરણા, આદેશ અને સહકારથી એ મંડળે એવા આદર્શ નાગરિકો તૈયાર કરવાનું કામ હાથ ધર્યું કે જેઓનાં હૃદય મનુષ્યની કિંમત મનુષ્ય તરીકે પૂરતી આંકતા થાય. તે પછી એ નાગરિકોને રાજનીતિ અને કારભારનું શિક્ષણ આપી રાજ્યની નોકરીઓમાં ઘુસાડવાના હતા. આમ કરવામાં કુંગનો હેતુ એટલો જ હતો કે સમસ્ત રાજ્યનું નિયંત્રણ યોગ્ય લોકોના હાથમાં લાવી શકાય.

ત્રીસ વર્ષની તેની વય થતાં તો તેના આ નિઃસ્પૃહ કાર્યથી આકર્ષાઇ ઘણાએ તેને સાથ આપ્યો. જોઇતો સાથ મળતાં તે રાજધાનીના પ્રવાસે નીકળ્યો. ચીનમાં ત્યારે મહાન સંત લાઓત્સેનો મૂર્તિપૂજક પંથ ઘણો ફેલેલો. એ પંથ આજે પણ ટેઓઇઝમના નામથી ઓળખાય છે. કુંગનો વિચાર એ સંતને મળી ચીનની પીંખાએલી પરિસ્થિતિનો કંઇક વ્યવહારૂ ઉકેલ લાવવા પ્રયત્નવાનો હતો, પણ એ સંતે એવા કામમાં માથું મારવા ના પાડી.

અંતે પ્રવાસ સમેટી પોતાના પ્રાંત લુમાં એ પાછો આવ્યો અને ત્યાં સારા માણસોની દરખાસ્તથી તેને ચુંગ-તુના મુખ્ય ન્યાયાધીશનો ઓદ્દો આપવામાં આવ્યો.

લુમાં રાજ્યક્રાન્તિ થઇ ગયા પછી એક વખત જ્યારે તે દેશનિકાલ રાજાને મળવા જતો હતો ત્યારે રસ્તામાં એક કબર પાસે એક સ્ત્રીને તેણે વિલાપ કરતી જોઇ.



'સર્વશક્તિમાન, સર્વજ્ઞ, પુણ્યશ્રેષ્ઠ ગુરુ' એવાં ભક્તિભર્યાં વચનો વડે, આજ અઢી હજાર વરસ થયાં દુનિયાના પાંચમા ભાગની વસ્તીના હૃદયમાં સ્થાન ધરાવનાર અને 'ચીનના પિતા'નું આદરભર્યું બિરુદ પામનાર એ દેશનો જગવિખ્યાત સુધારક, સ્મૃતિકાર ને સંત-ફિલસૂફ

મહાત્મા કુંગ-ફુત્-સે (કન્ફ્યુશિયસ)

કુંગ-ફુત્-સેએ સ્ત્રીને રડવાનું કારણ પૂછતાં તેણે જણાવ્યું કે 'મારા સસરાને અહીં વાઘે મારી નાખેલો. મારા પતિને પણ અહીં જ મારેલો; અને આજે મારા પુત્રનું પણ આ સ્થાને એ જ રીતે મોત થયું.

'તો પછી આવી ભયંકર જગ્યાએથી તું ચાલી કેમ નથી જતી?'

'કારણકે અહીં જુલમી રાજસત્તા નથી' જવાબ મળ્યો.

'સુણો, બચ્ચાઓ!' તેણે પોતાના અનુયાયીઓને ઉદ્દેશીને કહ્યું: 'આ સ્ત્રીના શબ્દો ખાસ યાદ રાખો; જુલમી રાજ્યસત્તા વાઘના ભયથી પણ વધુ ભયપ્રદ છે.'

આ બનાવ કુંગના જીવનકાર્યમાં હમેશ તાજો રહેલો.

હવે તો કુંગને કીર્તિ અને લક્ષ્મી પણ વરવા લાગી. લાગવગ અને અંગત પ્રભાવ તો હતો જ, એટલે આજુબાજુનાં રાજ્યો તેના તરફ શંકાની નજરે જોવા લાગ્યાં. કુંગના અનુયાયીઓના કડક નૈતિક આદર્શ અને ધ્યેયલક્ષી જીવનને કોઇપણ રીતે પતનને રસ્તે દોરવા તેઓ ઉત્સુક થયા અને આ કાર્ય સંગીતપ્રવીણ ખૂબસૂરત વારાંગનાઓથી તેઓ સફળ રીતે પાર પાડવા માંડ્યા.

(અનુસંધાન આગળ પાન ૪૭૩ મે)



મારા આશ્ચર્ય વચ્ચે પ્યાલી હવામાં સ્થિર તોળાઇ રહી . . . . અને પછી પ્રોફેસર રાવે એ ધીમે ધીમે નીચે ઉતરતી પ્યાલીના ચોમેર ફરતાં, ઉપર નીચે અને બાજુઓ પર પોતાના હાથ વતી અનેક વર્તુલો હવામાં ચીતર્યાં

જીવનજળ

ખરેખર, પથ્થર શોધતાં શાલિગ્રામ હડફટે ચડવાનો સુખદ અકસ્માત જો કોઇના પણ જીવનમાં સાંગોપાંગ સાચો પડ્યો હોય તો તે મારા પરમ મિત્ર પ્રોફેસર રાવના જ. એમના પહેલાં પણ ઘણા શોધકોને પોતાની શોધ દરમ્યાન ધાર્યા બહારના તડાકા પડેલા મેં સાંભળ્યા છે, પણ એમાંના કોઈ આ મારા મિત્ર જેટલા સદ્ભાગી તો નહિ જ હોય. આ વખતની એમની શોધ તો આખા માનવજીવનમાં પરિવર્તન લાવી દે એવી થઇ છે; જોકે એમની શરૂઆતની નેમ તો એકાદ મામૂલી ઉત્તેજક દવા શોધવાની જ હતી. મેં એમની દવાનો સ્વાદ લઇ જોયો છે અને જ્યારે મને થએલા અનુભવો હું રજુ કરીશ ત્યારે જણાશે કે હજુ માનવજાતને માટે અકલ્પ્ય અજાયબીઓ વિજ્ઞાનના ગર્ભમાં છૂપાએલી પડી છે.

પ્રોફેસર રાવ માધુપુરામાં મારા નજીકના પાડોશી છે એ તો ઘણા જાણતા હશે. હું જો ભૂલતો ન હોઉં તો એમની જુદાજુદા ઉમરની છબીઓ પણ આપણાં બેત્રણ પ્રતિષ્ઠિત પત્રોમાં છેલ્લી લડાઇના સમયમાં પ્રસિદ્ધ થએલી. જોકે એ પત્રોના પાછલા અંકો કોઇ મારી પાસેથી માગીને વાંચવા લઇ ગએલા તે હજુ પાછા જ આવ્યા નથી, તેથી ચોક્કસ પાનાં ટાંકવાનું તો નથી બની શકતું. પણ વાચકે તેમને છબીમાં જોયા હશે તો પ્રોફેસરનું પહોળું, સહેજ નમતું કપાળ અને પેલાં કાંઈક વધુપડતાં લાંબાં ભવાં (જે એમના ચહેરાની તરી આવતી ખાસિયત છે) સ્મૃતિમાંથી નહિ ખસ્યા હોય. માધુપુરામાંથી પસાર થતી મોટરબસોના રસ્તાથી પચાસેક કદમ દૂર એમનું મકાન આવેલું છે. વીસની સાલ પછી વસેલાં પેલાં છૂટાંછૂટાં મકાનોમાં અર્ધા ભાગમાં અગાસી અને અર્ધા ભાગમાં ટાઇલ્સ પાથરેલું તેમનું મકાન તરત જુદું તરી આવે છે. એ મકાનની આથમણી બારીઓ પડે છે ત્યાં પેલા બદામના ઝાડ પાસેના ખંડમાં એમણે પોતાની ઑફિસ રાખી છે, અને એ ઑફિસમાં અમે ઘણા યે કલાકો સાથે વીતાવ્યા છે. મિ. રાવ જબરા રમૂજી છે, પણ મારી સાથે તો તેમને ખાસ પોતાના કામ સંબંધી વાત કરવાનું ઘણું ફાવે છે; કેમકે ઘણા યે શોધકોની માફક તેમને પણ એવી રીતે મિત્રો પાસે પોતાની શોધખોળોની યોજના રજુ કરતી વખતે જ નવા વિચારો સ્ફૂરે છે. અને તેથી જ તેમની આ છેલ્લી શોધનો આખો વિકાસક્રમ હું જોઇ–સમજી શક્યો છું. માત્ર એક લાભ મને નથી મળી શકતો: તેમની શોધોને અંગે થતા પ્રયોગો જોવાનો. કેમકે એ કામ તેઓ હૉસ્પિટલની અડોઅડ આવેલી પોતાની પ્રયોગશાળા (જેનો પૂરો લાભ તે એકલા જ લેતા હશે તે)માં કરે છે.

સૌકોઈ જાણે છે—અથવા છેવટ બહુશ્રુત વાચકો તો જાણતા જ હશે—કે શરીરવિજ્ઞાન શાસ્ત્રીઓમાં પ્રોફેસર રાવની સારામાં સારી ખ્યાતિ, જ્ઞાનતંતુઓ પર થતી

વિખ્યાત અંગ્રેજ લેખક એચ. જી. વેલ્સની એક બીજી વિજ્ઞાન-વાર્તાનો ભાવાનુવાદ

મિ. એચ. જી. વેલ્સ માત્ર વિનોદ ખાતર જ કદી વાર્તાઓ લખતા નથી. તેઓ પોતાની વાર્તા મારફત કાં તો વિજ્ઞાન કે તત્ત્વજ્ઞાનના કોઇ ગૂઢ પ્રશ્ન પર આડકતરો પ્રકાશ નાખતા હોય છે, અથવા તો વૈજ્ઞાનિક જગતમાં જેને સ્થાપિત સિદ્ધાંતના જેટલી પ્રતિષ્ઠા ન મળી હોય એવાં સૃષ્ટિનાં કોઇ ગૂઢ રહસ્યોને પોતાના તરફની કાંઇ પણ અંગત ટીકા વિના વાર્તાના રૂપમાં વણી આપણી આગળ ખડાં કરે છે. ક્યારેક તેઓ માત્ર પોતાને દ્રષ્ટા તરીકે સ્ફુરી આવેલી અદ્રશ્ય સંભાવનાઓનું ચિત્ર આપણી સમક્ષ રજુ કરે છે; અથવા ક્યારેક સામાન્ય માણસને નજીવાં જેવાં લાગતાં કોઇ માનસશાસ્ત્રીય સત્યોને કલ્પિત રંગભૂમિની ભૂમિકા બનાવી તેના પર બાહ્ય સૃષ્ટિનું પ્રતિબિંબ કેવું પડે છે તે બતાવતા હોય છે: અને ઉપરનામાંથી કયા દ્રષ્ટિબિંદુ ઉપરથી વાર્તા લખાઇ છે તે વાર્તાના પ્રવાહ પરથી વાચક સહજ જ સમજી શકે છે. ગયે મહીને આવેલી, અને આજે અહીં પીરસાય છે તે વાનીઓમાં તો એમની સર્વદેશીય પ્રતિભાની માત્ર એક એક બાજુનું જ આપણને દર્શન થાય છે. પણ પોતાની કલ્પનાને સંપૂર્ણ તાઝગી આપવા ઇચ્છનારો દરેક વાચક મિ. વેલ્સનો સીધો પરિચય જરૂર સાધે.

દવાઓની અસર સંબંધેના તેમના જ્ઞાન માટેની છે. ડૉક્ટરો કહે છે કે ઘેન લાવનારી, જ્ઞાનતંતુઓને શાંતિ આપનારી કે મૂર્છામાં નાખનારી દવાઓની બાબતમાં પ્રૉફેસર રાવ એક્કા છે. વળી સાથેસાથે રસાયણો સંબંધેનું તેમનું જ્ઞાન પણ ઘણા ઊંચા પ્રકારનું છે. આથી છેલ્લાં કેટલાંક વર્ષો થયાં તેઓ જ્ઞાનતંતુઓને તાઝગી આપે એવાં ઔષધોની શોધખોળ પાછળ પડયા હતા અને આ છેલ્લી મહાન શોધ પહેલાં પણ તેમાં તેમણે સારી સફળતા મેળવી હતી. તેમણે અત્યારસુધીમાં ત્રણ જુદાંજુદાં, સંપૂર્ણ સહીસલામતીથી વાપરી શકાય એવાં ઉત્તેજકો શોધ્યાં છે અને નબળાં માણસો માટે તેમનો રાવ રેડીઓ સીરપ નં. ૧ એવો આશીર્વાદરૂપ નીવડયો છે કે ડૉ. સેનના કહેવા મુજબ એ સીરપે જેટલાં જીવન બચાવ્યાં છે તેટલાં કિનારા પરની કોઇ લાઇફબોટે પણ નહિ બચાવ્યા હોય!

'**પ**ણ આવી શોધોથી મને હજુ બરાબર સંતોષ થતો નથી.' એક વખત પ્રૉફેસરે મને કહ્યું. 'આવાં ઉત્તેજકો કાં તો મગજને ઉત્તેજે છે અને જ્ઞાનતંતુઓ પર કાંઇ .. અસર કરતા નથી, અથવા તો જ્ઞાનતંતુઓમાંથી જીવનશક્તિનો પ્રવાહ વધુ સરળતાથી વહી શકે એવા તેને બનાવે છે તો મગજ પર તેની કાંઇ અસર થતી નથી. વળી આવાં ઉત્તેજકોની અસર માત્ર સ્થાનિક છે. કોઇ હૃદય પર અસર કરે છે કે જઠરને તેજ બનાવે છે તો મગજને ઢીલું પાડી દે છે; જ્યારે કોઇ દારૂની માફક મગજને ગતિ આપી અવયવોને શિથિલ કરી નાખે છે. પણ મારે તો એવી દવા શોધવી છે—અને મારી એ શોધ રાસાયણિક સંભાવનાઓની મર્યાદામાં જ છે—કે જેથી બધા અવયવો પર એકીસાથે અને એકસરખી જ ઉત્તેજક અસર થાય. મારી એ દવા તો તમારી ચોટલીથી માંડી તમારા પગના અંગૂઠા સુધી બધું એકદમ એવું તો સચેત કરી નાખે. કે જેથી બીજા બધાના જીવનમાં એક ગણાય એટલામાં તો તમારા જીવનમાં બે કે કદાચ ત્રણ ગણાઇ જાય; અને આવું થાય ત્યારે જ ઉત્તેજક શોધ્યું કહેવાય, મારા સાહેબ!'

'પણ એવી દવાથી તો માણસો તરત કંટાળી જશે;' મેં વાંધો લીધો.

'બીલકુલ નહિ; ઉલટું એ દવા તો ખુબ ઉપયોગી નીવડશે. ધારો કે તમારા ખીસામાં આવી એક શીશી

(અનુસંધાન માટે એક પાના પછી તરત પૃ. ૪૪૯ ઉપર જુઓ)

સ્મરણયાત્રા


મોટાભાઈની શક્તિ

રામદુર્ગથી અમે પાછા આવતા હતા. તોરગલનો સાત દિવાલવાળો કિલ્લો વટાવીને અમે આગળ ચાલ્યા. રસ્તામાં એક નદી આવતી હતી. કઇ નદી તે આજે બીલકુલ ધ્યાનમાં આવતું નથી. એ નદીને કિનારે બપોરના અમે મુકામ કર્યો. મેં મઝાના ત્રણ પથરા આણી, ધોઇ ચૂલો બનાવ્યો. આસપાસનાં સુકાઈ ગએલાં લાકડાં ભેગાં કરી એ ચૂલો સળગાવ્યો. સૌથી મોટા ભાઇએ નાહીને નદી પરથી પાણી આણ્યું. રસોઇ તૈયાર થતાં એક વાગી ગયો. પિતાશ્રી ખૂબ થાકેલા હતા. પણ પૂજા કર્યા વગર તો જમાય નહિ. ગોંદુએ ક્યાંકથી તુલસી અને બેચાર ફૂલ આણ્યાં. પિતાશ્રીને પૂજા કરતાં જરાક વાર લાગી. અમે નાના છોકરાઓ ભૂખથી પીડાતા એક ખૂણામાં ભૂખ અને ઊંઘ વચ્ચે ઝોલાં ખાતા હતા. પિતાશ્રીની પૂજા ઝટ પતે નહિ અને છોકરાઓને વખતસર ખાવાનું મળે નહિ, એટલે મારાં બા જરા ચીડાયાં હતાં. મુકામે આવતાંવેંત ભાતું છોડીને છોકરાઓને કંઇક ખાવા આપવું એવો પિતાશ્રીનો વિચાર હતો. પણ છોકરાઓ અત્યારે ભાતું ખાશે તો જમશે શું? અને આખો દિવસ પાણી પાણી કરશે, એમ કહી બાએ અમને ખાવા આપવાની ચોકખી ના પાડી. તે વખતથી જ કંઈક બગડ્યું હતું. પિતાશ્રીને ચીડાવાની ટેવ જરાયે ન હતી. પણ જ્યારે ચીડાય ત્યારે ભાન ભૂલી જાય. પણ તે અમ છોકરાઓ ઉપર જ. કચેરીમાં કારકુન ઉપર તેઓ ભાગ્યે જ ચીડાતા. પટાવાળાઓને પણ આકરા શબ્દો કહેવાની ટેવ એમને ન હતી. પણ કોણ જાણે આજે પિતાશ્રી ખૂબ જ ચીડાયા હતા. 'પૂજા ઝટ પતે નહિ' એમ બાએ કહ્યું કે તરત જ ગરમ થઇ પિતાશ્રીએ કાંઇક આકરાં વેણ સંભળાવ્યાં. બાને ભારે અપમાન જેવું લાગ્યું અને તે પણ અમારા બધાનાં દેખતાં! મને બરાબર યાદ છે. બાનું મોઢું રાતુંપીળું તો શું સાવ નીળું થઈ ગયું. અમારા દેખતાં રોવાય પણ કેમ? ભારે પ્રયત્ન કર્યો તોપણ બે મોતી તો ટપકયાં જ. હું કશું સમજું નહિ, એટલે ત્યાં ને ત્યાં જ હેબતાઇને ઊભો રહ્યો. મોટાભાઇ અમારા બધાનાં અજાણતાં ત્યાંથી છટકી ગયા. મોટાભાઇ ભાગ્યે જ પિતાશ્રી સાથે બોલતા. નાનપણથી જ, બીકથી કહો કે અંતર રાખવાની આદતથી, તેઓ પિતાશ્રી આગળ ઊભા રહેતા જ નહિ. કંઇક જોઇતુંકારવતું હોય તો મારી મારફતે પિતાશ્રીને કહે. હું સૌથી નાનો. મને બીક શરમ શાની? પિતાશ્રી ઝટ માને નહિ તો એમની સાથે દલીલ પણ કરું!

જમવાનો વખત થયો. થાળીઓ—ના પતરાવળાં પિરસાઇ રહ્યાં. ગોંદુ તો શરૂ કરવા આતુર થયો હતો. પણ મોટાભાઇ ક્યાં? એ તો ત્યાંથી છટકી ગયા હતા. મેં એમને 'બાબા બાબા' કહી ખૂબ બૂમો પાડી. પણ બાબા હતા જ ક્યાં? પિતાશ્રીએ કહ્યું 'જા, આસપાસ ક્યાંક બેઠો હશે; જઇને એને બોલાવી લાવ'. આસપાસ હું ખૂબ રખડ્યો. આખરે બાબાને એક ઝાડ તળે બેઠેલા જોયા. બેઠેલા નહિ, માથું નીચું રાખીને આંટા મારતા હતા. હું બરાબર જોઇ શકયો કે બાબા ધૂંધવાતા હતા. મેં કહ્યું, 'ચાલો જમવા; બધા રાહ જુએ છે.' એમણે કહ્યું, 'મારે આવવું યે નથી અને જમવું યે નથી.' મેં દલીલ કરી: 'પણ ભાણાં તૈયાર છે તે? ગોંદુએ શરૂ પણ કર્યું હશે. બધા તમારી રાહ જુએ છે.' આકરા સ્વરે બાબાએ કહ્યું, 'ગોંદુને કહેજે કે ધરાઇને ખાય. તું જા, મારે નથી આવવું.' મેં પાછા આવી બનેલી બીના રજુ કરી. પિતાશ્રીએ કહ્યું, 'શી હઠીલાઇ આ છોકરાની! એને કહેજે કે હું રાહ જોઉં છું. ઝટ આવી જાય.' હું ફરી દોડતો ગયો. આ વખતે બાબા જેટલા શાંત દેખાતા હતા એટલા જ આકરા થયા હતા. ખૂબ વિચારપૂર્વક એમણે પોતાનો સંદેશો વાક્યમાં ગોઠવ્યો હતો. મને કહે—અને કહેતાં એક એક અક્ષર ઉપર બરાબર ભાર મૂકતા ગયા—'કહેજે કે આવું જ સાંભળવાનું હોય તો જમવું યે નથી અને ઘેર આવવું યે નથી.'

ઘરમાં જ્યારેજ્યારે મતભેદ હોય ત્યારેત્યારે અમે બાળકો હમેશાં પિતાશ્રીનો પક્ષ જ તાણતા; કેમકે એ મોટો પક્ષ. બાનું તો હંમેશાં સહન કરવાનું જ વ્રત.

(અનુસંધાન આગળ પાન ૪૬૩મે)



આમ્રકુંજ

ચિત્રલેખા · શ્રી સોનુબ્હેન શાહ (શાન્તિનિકેતન કલાભવન)



દેવઘર

પાટણની જૂની લાકડકામની કારીગરી

છે.' આમ કહી એમણે લીલા કાચની એક શીશી મારી સામે અદમ્ય ઉત્સાહથી ધરી: 'એ નાજુક શીશીમાં બધું બમણું કરવાની શક્તિ, જ્યારે તમે વાપરવા માગતા હો ત્યારે કામ લાગે એવી રીતે ભરેલી પડી છે: બમણી ઝડપથી વિચાર કરવાની શક્તિ, બમણી ઝડપથી અને બમણા પ્રમાણનું કામ કરવાની શક્તિ, અને એવું તો બીજું ઘણું ય'.

'પણ એમ થવું સંભવિત છે?'

'હું માનું છું કે છે. નહિતર તો મારું આ આખું વર્ષ પાણીમાં જ જાય ને! હાઇપો-સલ્ફાઇટોની આ બધી બનાવટો એમ માનવાને કારણ આપે છે કે... ઠીક, કાંઈ નહિ તો દોઢગણું થાય તો યે ચાલે.'

'જરૂર' મેં મત આપ્યો.

'ધારો કે કાંઇ પોલિટિકલ મામલો હોય, વખતની મારામારી ચાલતી હોય, અને તમારે તાત્કાલિક નિર્ણય પર આવવાની જરૂર પડી તો આ શીશી...'

'પછી તો પોતાના પ્રાઇવેટ સેક્રેટરીને પણ એકાદ શીશી પાઈ દેવાય ને?' મને એમના ઉત્સાહનો ચેપ લાગવા માંડ્યો.

'અને બમણો સમય મેળવી લેવાય--કદાચ ત્રણ ગણો પણ, કોને ખબર છે?—અને ધારો કે તમારે એકાદ પુસ્તક પૂરું કરવું છે...'

'હા, જોકે અત્યારની સ્થિતિમાં તો એ શરૂ કરવાનું પણ મન થતું નથી.' મેં કહ્યું.

'અથવા તો કોઇ ડૉક્ટરને દરદીની અસાધ્ય અવસ્થામાં ત્વરિત નિર્ણયની જરૂર પડી અથવા કોઇ વકીલ—અરે, તમારે પરીક્ષા જ આપવી હોય ત્યારે...'

'સોના કરતાં પણ કીમતી થઈ પડે.'

'અને વળી આખા શરીર પર સરખી અસર થતી હોવાથી તે નુકસાન પણ કાંઇ ન કરી શકે. હા, એક જ અગવડ છે. થોડા પ્રમાણમાં આ દવા તમને વૃદ્ધાવસ્થાની પાસે લઇ જાય ખરી; કેમકે બીજાં માણસો સામાન્ય જીવન જીવ્યાં હોય ત્યાં આ દવાની અસર નીચે આપણે બમણું કે ત્રણગણું જીવી લીધું હોય.'

'મને લાગે છે કે કુસ્તી વખતે આ દવાનો ઉપયોગ વ્યાજબી તો...'

'એ શોધકને જોવાનું ન હોય' તેમણે કહ્યું.

મેં વળી પૂછ્યું, 'પણ તમે નક્કી કહો છો કે આવું થવું સંભવિત છે?'

'તદ્દન સંભવિત' પ્રોફેસરે બારી તરફ જોતાં કહ્યું, 'ખરું જોતાં તો...'

પ્રોફેસર બોલતા વચ્ચે અટકી ગયા પછી ઊંડેથી આવતું હોય એવું સ્મિત મારા તરફ કર્યું અને હાથમાંની લીલી શીશી વડે તેમણે ટેબલની કિનારી પર ટકોરો માર્યો: 'મને તો એ બધાં રસાયણો નજર સામે છે. અત્યારે જ ક્ષણે મને કંઇક સ્ફૂરે છે.' અને એમના ચહેરા પરનું વિચારમગ્ન સ્મિત સૂચવતું હતું કે એમના શબ્દો પાછળ છૂપું બળ ઘણું હતું. પોતાની શોધ પૂરી થવા આવી હોય ત્યારે જ ઘણુંખરું તે શોધ સંબંધી તેઓ નિશ્ચિત વાત કરતા. 'અને કદાચ—કદાચ શું નક્કી! પણ ધારો કે કદાચ—એ દવા બમણા કરતાં પણ વધારે ઝડપી થાય તો યે નવાઇ નહિ.'

'તો તો ફાંકડું કામ થાય' મેં કહ્યું.

'ફાંકડું, જરૂર' તેમણે મારાથી અનેકગણા ઉત્સાહથી જવાબ આપ્યો. પણ પોતાની કલ્પનાથી પણ અનેકગણી ફાંકડી એ દવા નીવડવાની છે એની પ્રોફેસરને એ વખતે ખબર ન હતી.

એ પછી તો અમે એ દવા વિશે ઘણી વખત વાતો કરેલી, અને દર વખતે એની શક્યતા વિષેનો પ્રોફેસરનો ઉત્સાહ વધતો જ જતો હતો. અમે એ ભવિષ્યમાં શોધાનારી દવાને 'જીવનજળ' એવું નામ આપ્યું. કેટલીક વખત એ દવા લેવાથી શરીરમાં ધાર્યા બહારના કેવા-કેવા ફેરફારો થાય એની કલ્પનાએ પ્રોફેસર વિચારમાં પડી જતા, તો ક્યારેક માત્ર આર્થિક દૃષ્ટિએ જ અમે એની સમાલોચના કરતા. એક વખત પ્રોફેસરે દલીલ કરેલી. 'આ કાંઇ જેવીતેવી શોધ ન કહેવાય, અને તેથી હું જગતને જે કાંઇ આપું છું તેની આર્થિક વળતર મેળવવાનો મને સંપૂર્ણ હક્ક છે. જગત ઉપર વિજ્ઞાન ઉપકારો કરતું જ આવ્યું છે, તેમજ વિજ્ઞાનીને મન દ્રવ્ય કરતાં શોધ એ મુખ્ય વસ્તુ હોય છે, એ બધું બરાબર; પણ એનો બધો લાભ એકલા વેપારીઓ જ ઉઠાવે એ તો આપણાથી સહન ન જ થાય. આથી આપણને કમમાં કમ દસ વર્ષની મૉનૉપલી તો મળવી જ જોઇએ.

ધીમેધીમે એ દવામાં મારો પણ રસ વધતો ગયો, પણ જુદી દૃષ્ટિએ. કેમકે મારું માનસિક વલણ તત્ત્વજ્ઞાન અને અધ્યાત્મ તરફ વધુ છે. દિક્ અને કાળની આંટી-

ચૂંટીઓ ઉકેલવામાં મને ખૂબ રસ પડે છે અને તેથી હું સ્પષ્ટપણે જોઇ શકયો કે પ્રોફેસર રાવની શોધ માનવના કાળ સાથેના સનાતન વિગ્રહમાં માનવને વિજયી બનાવશે. ધારો કે કોઇ માણસ એ દવાનો ઉપરાઉપર પ્રયોગ કરવા માંડે તો તે અતિશય વેગવાળું જીવન જીવી લે. એટલે એ પ્રશ્નને બીજી રીતે જોઇએ તો જગતનો સામાન્ય કાળ ગણતાં તે અગિયાર વરસનો હોય ત્યારે તેના જીવનક્રમની દૃષ્ટિએ તે યુવાન થઇ ગયો હોય, અને એ પ્રમાણે એની પચીસમી જન્મતિથિએ તે આધેડ થઈ ગયો હોય (અલબત્ત, રૌપ્ય કે સુવર્ણમહોત્સવના નિર્ણય માટે એક વિકટ પ્રશ્ન!) ને એમ ત્રીસ વરસે તો એના જીવનનાં પૂર ઠીકઠીક ઓસરી ગયાં હોય. મને લાગ્યું કે એક રીતે એમ થવું તદ્દન અશકય તો ન જ હતું. કેમકે જ્યારે મેં પૂર્વ અને પશ્ચિમના લોકોના જીવનક્રમ તપાસ્યા ત્યારે મને ઝાંખો ખ્યાલ આવ્યો કે ત્યાં કુદરત કાંઇક એવો જ પ્રયોગ કરી રહી છે; કેમકે પૌર્વાત્યો તથા યાહુદીઓનાં જીવન તથા બુદ્ધિશક્તિ બધું પશ્ચિમવાસીઓના હિસાબે અમુક ચોક્કસ પણ અગમ્ય પ્રમાણમાં વેગવાળાં છે. સમગ્ર જીવનને એકસરખું ગતિમય કરનાર કોઇ નૈસર્ગિક બળોની અસરનું જ એ અનિવાર્ય પરિણામ હોય તોપણ કોને ખબર છે? અને વળી માનસિક શક્તિઓ પૂરતું તો સ્વપ્નમાં આપણો સમય ઝડપી ગતિ કરે છે એ તો સર્વસામાન્ય અનુભવ છે. આથી મને એમ તો ખાત્રી થઇ જ કે પ્રો. રાવ જે કરવા માગતા હતા તે તદ્દન અકુદરતી તો ન હતું. અને દવાઓની ચમત્કારિક અસરથી કોણ અજ્ઞાન હોય! આપણે દવાની મદદથી માણસને ગાંડો પણ બનાવી શકીએ અને શાંત પણ પાડી શકીએ; અતિ ચપળ અને મજબૂત પણ બનાવી શકીએ કે પળવારમાં નિર્જીવ ચીંથરા જેવો કરી શકીએ. અને એ જ મુજબ એની લાગણીઓને પણ ધારીએ એમ નચાવી શકીએ. અને એ બધા ચમત્કારોમાં આ દવાથી માત્ર એકનો વધારો થવાનો હતો. પણ પ્રોફેસરને આ બધી વાતોની પડી નહોતી. એમને તો પ્રથમ દવા શોધવી એ મુખ્ય ધ્યેય હતું.

ઑગસ્ટની ૮મી તારીખે પ્રોફેસરે મને ખબર આપ્યા કે જે ભઠ્ઠી પર દવાના આખા ભવિષ્યનો આધાર હતો તે છેવટની ભઠ્ઠી ચડાવી દેવામાં આવી હતી. દસમી તારીખે હું બહાર નીકળવાની તૈયારી કરતો હતો એવામાં પ્રોફેસર ઉત્સાહભેર દોડતા આવતા મારા કૅમ્પાઉન્ડના દરવાજામાં જ મને સામા મળ્યા. પોતાની શોધની ફતેહના સમાચાર મને આપવા માટે જ તે આવતા હતા.

મને જોતાં જ તેમણે મોટેથી બૂમ મારી: 'કમાલ!'

'કામ આપે છે?' મેં એમના એક જ શબ્દથી આખો ઇતિહાસ પામી અધીરાઇથી પૂછ્યું.

'અરે! કામ શું, આ તો ગજબ બની છે!'

'એટલે? બમણી ફાસ્ટ ચાલે છે?'

'ઘણાગણી. તમે એ જોશો ત્યારે તમને સાચો ખ્યાલ આવશે. ચાલો તમને અજમાયશ માટે જ તેડવા આવ્યો છું' કહેતાં એમણે મારું કાંડું એવા તો જોરથી પકડયું અને એટલી ઝડપથી ચાલવા માંડયું કે મારે કાંડું છોડાવવું કે દોડીને પણ એમની સાથે રહેવું એની સમજણ મને ન પડી. રસ્તે મળતાં માણસો અમારા તરફ આશ્ચર્યભરી આંખે જોઇ રહેવા માંડયાં. થોડી વારમાં તો મને શ્વાસ ચડી ગયો.

'ભાઇસાહેબ, હું પડી જઇશ.' મેં હાંફતાં કહ્યું.

પણ તેણે કાન ફોડી નાખે એવા ઊંચા સાદે જવાબ આપ્યો: 'હું એવો બધો ઉતાવળો કયાં ચાલું છું?' અને પછી પોતાની ગતિ ધીમી પાડીને સોલ્જરોના ક્વિક માર્ચ જેટલી ઉતારી.

'તમે દવા તો નથી પીધીને?' મેં પૂછ્યું.

'અરે ના રે ના; જે કાચના પ્યાલામાં દવા હતી તે તો મેં રાત્રે જ ધોઇને સાફ કરેલો. પણ મેં હમણાં એ જ પ્યાલાથી પાણી પીધું એમાં કદાચ એની સહેજ અસર આવી ગઇ હોય તો કોણ જાણે. બાકી દવા રાત્રે લીધેલી, પણ એ તો અત્યારે બહુ જૂની વાત થઇ ગઇ!'

'અને એ બમણી ઝડપી થઈ છે?' મેં પરસેવાથી રેબઝેબ શરીરે એમના દરવાજા પાસે આવતાં પૂછ્યું.

'બમણી શું, હજારગણી—કહો કે હજારો ગણી.' કહેતાં તેણે પોતાના કમ્પાઉન્ડના દરવાજાને અમાનુષી તાકાતથી આંચકો મારી ઉઘાડ્યો.

'હેં!' મારા આશ્ચર્યનો પાર ન રહ્યો.

'કેટલા હજારગણી એ તો જો કે હું હજુ નક્કી નથી કરી શકયો; પણ . . . .'

'ત્યારે તમે . . . .'

'જ્ઞાનતંતુઓની કાર્યપ્રણાલી પર આ દવા અજબ પ્રકાશ પાડે છે. આપણને . . . .'

'પણ . . . .'

'રંગનું જ્ઞાન થવા પાછળ સાચું રહસ્ય શું છે તે આ દવા બતાવી આપે છે. . . . આહ! કોણ જાણે કેટલા યે હજારગણી ફાસ્ટ જતી હશે! એ બધો હિસાબ આપણે પછી કાઢીશું. હિસાબ કેમ ગણવો તેનો પણ મેં વિચાર કરી રાખ્યો છે: દુનિયાનો સમય બતાવતી ઘડિયાળ સાથે આપણી નાડીની ગતિ માપીને; સમજ્યા-ને?—હં. પણ પ્રથમ તો આપણે હમણાં જ તેની અજમાયશ લઈએ.'

'અજમાયશ?' મેં ચમકીને પૂછ્યું.

'જરૂર.' ઑફિસમાં પ્રવેશતાં તે બોલ્યા: સામે ટેબલ પરની લીલી શીશીમાં જ તે છે. તમે એવા પ્રયોગથી ડરતા તો નથી ને?'

હું એક સિદ્ધાંત તરીકે હિંમતમાં માનનારો છું પણ જિંદગીની અનેક ઠોકરોએ મને જોઈને પગલું માંડવાની ટેવ પાડી દીધી છે. તેથી વસ્તુતઃ હું ડરતો તો હતો જ, પણ એમ સીધેસીધું કહી દેતાં મારો ગર્વ ઘવાતો હતો.

આથી મેં સંકોચ પામતાં કહ્યું, 'ખાસ કાંઈ નહિ. તમે એક વખત તો એની અજમાયશ લીધી છે ને?'

'જરૂર, જરૂર! અજમાયશ તો લીધી જ હોયને! અને છતાં મને કાંઈ નુકસાન થયું હોય એમ તમને લાગે છે? તમે મારામાં કોઈ સંગીન ફેરફાર જોઈ શકો છો?'

'કાંઈ ફિકર નહિ.' મેં ખુરશી પર બેસતાં કહ્યું. 'બહુ બહુ તો મારે અત્યારે વાળ કપાવવા જવું હતું તે નહિ જવાય, અને વાળ કપાવવાની પણ શિષ્ટ સમાજ માથે એક આફત જ છે ને? એમાંથી છૂટવા! ચાલો, તમે દવા કેમ લો છો?'

'પાણીમાં.' કહેતાં તેમણે ઊભા થઈ એક પ્યાલીમાં પાણી ભરી 'જીવનજળ'નાં થોડાંક ટીપાં તેમાં નાખીને મારા તરફ ધરી અને બીજી એવી જ પ્યાલી તૈયાર કરી પોતાની પાસે રાખી.

'આમ જુઓ; તમને એક ચેતવણી આપવાની.' એમણે પ્યાલી હાથમાં લેતાં કહ્યું: 'જેવી તમે આ દવા પીઓ કે તરત આંખ મીંચી જજો અને પછી એકાદ મિનિટ જવા દઈને આંખ ખોલજો. પછી પણ આંખ તો પહેલાંના જેવું જ જોશે, કેમકે જોવાની વસ્તુઓના રંગ અને પ્રકાશના જ્ઞાનનો આધાર પ્રકાશના પ્રકંપોની સંખ્યા ઉપર નહિ પણ લંબાઈ ઉપર છે; અને આપણે દવા પીએ તેથી કાંઈ તે લંબાઈમાં ફેર પડતો નથી. જો રંગનો આધાર એક સેકંડમાં આવતાં પ્રકાશનાં મોજાંની સંખ્યા પર હોત—જેમ અવાજના જ્ઞાનમાં બને છે—તો આપણી સેકંડ ટૂંકી થઈ જવાથી આપણને આ દવાની અસર નીચે રંગ જુદા જ સ્વરૂપમાં દેખાત. આમ છતાં દવા લેતી વખતે જો આંખ ખુલ્લી હોય તો નેત્રપટ ઉપર કાંઈક આઘાત લાગે છે અને તેથી ચક્કર આવવા જેવું થાય છે. માટે આંખ બંધ કરવાનું ન ભૂલતા.'

'ન ભૂલું;' મેં કહ્યું: 'બીજું કાંઈ?'

'હા. બીજું એ કે લીધા પછી પણ તદ્દન શાન્ત બેસી રહેવું, આમતેમ ફરવું નહિ; કેમકે તમે દવા લીધા પછી તમારી સામાન્ય ગતિ કરતાં કેટલાક હજારગણી ગતિથી બધું કામ કરવાના. અને તેથી જો કોઈ ચીજ સાથે અફળાયા તો એટલા હજારગણા જોરથી તે ચીજને ધક્કો લાગશે. તમારું હૃદય, ફેફસાં, સ્નાયુઓ, મગજ એ બધું પણ એટલાગણું ઝડપથી ચાલવા માંડશે. પણ તમને એની કાંઈ ખબર નહિ પડે, કેમકે એ ગતિનો વધારો શરીરની બધી ક્રિયાઓમાં એકસરખો થયો હોવાથી એ ફેરફાર માપવાનું કોઈ સ્થાયી ધોરણ તમારા શરીરમાં નહિ રહ્યું હોય. તમને તો જેવું અત્યારે લાગે છે એવું જ બધું લાગશે. માત્ર આપણે ગતિમાં આવ્યા એનો અર્થ એટલો કે પછી દુનિયા આખી એટલા-ગણી ધીમી પડી ગએલી આપણને દેખાશે. આ દવાની બધી મજા જ એમાં છે.'

'વાહ!' મારાથી બોલી જવાયું: 'અને તમે એમ કહો છો કે . . . .'

'એ બધું પીશો એટલે ખબર પડશે; હં . . . અને બીજું: દવા પીઓ એટલે પ્યાલીને ટેબલ પર ન મૂકતા. તમારા ગોઠણ પર હાથ ટેકવજો અને પ્યાલીને પકડી રાખજો. જો જો આંખ મીંચવાનું ન ભૂલતા; અને બે મિનિટ શાન્ત બેસવાનું. પછી તમે મને બોલતો સાંભળશો.'

તેણે પોતાની પ્યાલી મારી સામે હવામાં ઊંચી કરી સલામી આપી. મેં પણ મારી પ્યાલી તેની સામે ધરી તેની પ્યાલી સાથે અડકાડી: 'આ નવી દવા

'જીવનજળ'ની ખુશાલીમાં...' અમે બોલ્યા અને અમે દવા એકી સાથે પી ગયા.

મેં એ દવા પીધી ત્યારે થોડી વાર તો જાણે મારું અસ્તિત્વ જગત ઉપરથી એકાએક ભૂંસાઇ જઇને કોઇ નવી સૃષ્ટિમાં હું અવતાર પામતો હોઉં એવો કાંઇક અકથ્ય અનુભવ મને થયો. પછી પ્રોફેસરની આંખ ખોલવાની સૂચના મેં સાંભળી અને મેં આંખ ખોલી. મારી સામે પ્રોફેસર પહેલાંની માફક જ ઊભા હતા. માત્ર તેમના હાથમાંની પ્યાલી ખાલી હતી એટલો જ ફેર પડ્યો હતો.

'બસ?' મેં પૂછ્યું.

'કેમ, કાંઇ ગભરાવા જેવું તો લાગતું નથી ને?'

'જરા યે નહિ. શરીરમાં સહેજ તાઝગી આવી લાગે છે; બાકી કાંઇ નહિ.'

'અને અવાજ?'

'બધું શાંત લાગે છે... અરે! પણ આ શું? કાંઇ જ સંભળાતું નથી. અને જાણે જુદીજુદી વસ્તુઓ પર વરસાદ વરસતો હોય એવી ધીમી ફરફર જ માત્ર સંભળાય છે. એ શું હશે?'

'અવાજનાં છૂટાં છૂટાં આંદોલનો...' એવું કાંઇક તેમણે કહ્યું. પણ હું એમાં કાંઇ સ્પષ્ટ સમજ્યો નહિ. તરત તેમણે બારી સામે જોયું અને મને કહ્યું: 'તમે કોઇ દિવસ બારીમાં પડદાને આવી રીતે લટકતો જોયો હતો?'

મેં બારીમાં નજર કરી તો મોતીનો પડદો હવામાં ઝૂલતાં જાણે કેમ એકાએક અક્કડ થઇ થીજી ગયો હોય એમ એમાં સ્થિર મોજાં પડી ગયાં હતાં.

'આ તો બહુ વિચિત્ર લાગે છે' મેં કહ્યું.

'અને આમ જુઓ:' કહી તેમણે પોતાનો પ્યાલીવાળો હાથ હવામાં ઊંચો કરી પ્યાલી પડતી મૂકી દીધી. મેં ધારેલું કે હમણાં પ્યાલી પડી જશે. પણ પડવાને બદલે તે હવામાં સ્થિર તોળાઇ રહી!

'કારણ સમજ્યા?' પ્રોફેસરે મને પૂછ્યું: 'જુઓ; સામાન્ય રીતે પદાર્થ આપણા અક્ષાંશમાં પહેલી સેકંડમાં ૧૬ ફૂટ પડે. અત્યારે પણ આ પ્યાલી સેકંડના ૧૬ ફૂટની ગતિથી નીચે પડી રહી છે. પણ હજુ સુધીમાં સેકંડના સોમા ભાગમાં તે જેટલી પડવી જોઇએ એટલી પણ નથી પડી. દુનિયાની સેકંડ કરતાં આપણી સેકંડ કેટલી ઝડપથી વહે છે એની અટકળ—ઓ, અટકળ શું, ઍક્ઝૅક્ટ માપ—આપણે કાઢી શકીએ. એને માટેની ફૉર્મ્યુલા આ પ્રમાણે: કોઇ વસ્તુ ૧૬ ફૂટ પડે એટલા વખતમાં આપણા હૃદયના ધબકારાની સંખ્યા $\times \frac{૬૦}{૭૨} =$ સામાન્ય જીવનથી આપણું જીવન કેટલું વેગવાળું છે તેનું માપ.'

અને આમ કહીને પ્રોફેસરે એ ધીમેધીમે નીચી ઊતરતી પ્યાલીની ચોમેર ફરતા, ઉપર, નીચે અને બાજુઓ પર પોતાના હાથ વતી અનેક વર્તુળો હવામાં ચીતર્યાં. છેવટે તેમણે તેને તળિયેથી પકડી લીધી અને બહુ જ કાળજીથી ટેબલ પર મૂકતાં મારા તરફ ફરી દિલભર હાસ્ય કર્યું.

'એ વાત તો સાચી.' મેં કહ્યું. અને હું મારી ખુરશી ઉપરથી ઊભો થયો. એ વખતે મારા શરીરમાં થએલા અજાયબ જેવા એક ફેરફારે મારું ધ્યાન ખેંચ્યું. શરીર તદ્દન હળવું પડી ગએલું લાગતું હતું અને છતાં બેચેની કે એવું બીજું કોઇ ચિહ્ન જણાતું ન હતું. તેમજ મારું ચિત્ત પણ સંપૂર્ણ શુદ્ધિમાં હતું. જો મનુષ્યની જીવન જીવવાની ખુમારી ટકાથી જણાવાતી હોય તો મને હું સો ટકા જીવતો લાગતો હતો. મારા શરીરનો એકેએક અવયવ અતિશય ઝડપે ચાલી રહ્યો હતો—અથવા કહો કે એવી ગતિ કરી રહ્યો હોવો જોઇએ, કેમકે મારા સમગ્ર જીવનવ્યાપારો, શારીરિક તથા માનસિક બધી ક્રિયાઓ એક સરખી ઝડપી થએલી હોવાથી એ ગતિ મારી પોતાની દૃષ્ટિમર્યાદાથી તો પર હતી. તેમ છતાં અટકળ કરી શકાય કે મારું હૃદય સેકંડમાં હજારેક વાર ધબકતું હશે તથા મારું લોહી પણ એટલી ઝડપે ફરી રહ્યું હશે; જોકે મને તો એ બધું સ્વાભાવિક જ લાગતું હતું.

મેં ઊભા થઇ બારીમાંથી બહાર નજર કરી અને મારા મહાન આશ્ચર્ય વચ્ચે સાઇકલ પર માથું નીચું વાળી બેઠેલા એક યુવાનને મેં રસ્તા પર જોયો. સાઇકલ અને સવાર બંને જાણે જમીન સાથે જડાઇ ગયાં હોય એવાં સ્થિર મને લાગ્યાં અને સાઇકલની પાછળ હવામાં ઊડેલી ધૂળની શેરો પર હવામાં એવી જ સ્તબ્ધ થઇ ગએલી, ઊડતા ફૂવારા પર ઓચિંતું હિમ પડે અને પ્રવાહીમાંથી અક્કડ બરફ બની ગએલી ધારાઓ જમીન પર ઊભી રહે એમ ઊભી રહેલી મને લાગી.

મેં અધીરા થઇ પૂછ્યું: 'રાવ સાહેબ, આ અસર

તે આમ ક્યાં સુધી રહેશે ?'

'કોણ જાણે,' તે કહે, 'ગયે વખતે મેં દવા લીધેલી ત્યારે તો બધું ઊંઘમાં જ કાઢેલું. તમને સાચું કહું ? હું તો પહેલવહેલો જરા ગભરાઇ ગએલો. અસર તો બનતાં સુધી થોડી મિનિટ જ રહે છે—કે કદાચ સેકંડ—; પણ જાણે કેટલા ય કલાક તે ટકી હોય એવો ભાસ થાય છે. અને અટકે છે ત્યારે તે ઓચિંતી અટકી જાય છે.

હું આ દવાથી થતા વિચિત્ર અનુભવે ડરતો ન હતો એ વિચારે મને ગર્વ આવ્યો. પણ એનું કારણ તો કદાચ અમે બે હતા એ હશે. મેં પૂછ્યું. 'આપણાથી બહાર તો નહિ જવાય ને ?'

'શા માટે નહિ?'

'માણસો આપણને જુએ તો આપણી મશ્કરી કરે.' મેં જરા સંકોચ પામતાં કહ્યું.

'ના . . . . જી.' પ્રોફેસરની આંખમાં ઉત્સાહની ચમક આવી: 'આપણે કેટલી ઝડપે ચાલતા હોઇશું તેનો તમને ખ્યાલ આવે છે ? જાદુગરના લખોટા કરતાં કે બંદુકની ગોળી કરતાં યે આપણી ઝડપ વધારે હશે. અને એટલી ઝડપે જતી વસ્તુને જોવાની શક્તિ માનવી આંખોમાં નથી—અલબત્ત, આ દવા ન પીધી હોય ત્યારની હું વાત કરું છું.—માટે એ ચિંતા ન કરવી. ચાલો કયે રસ્તે ચાલવું છે: બારણામાંથી કે પરભારું બારીમાંથી ?'

અને બારીમાંથી અમે બહાર કૂદી પડ્યા.

આખરે, મેં કલ્પેલા કે અનુભવેલા અથવા બીજાં માણસોની તવારીખમાં વાંચેલા બધા વિચિત્ર અનુભવો કરતાં અમારી એ વખતની નાની મુસાફરીનો અનુભવ મને વધુ વિચિત્ર લાગ્યો. અમે પ્રોફેસરના કૉમ્પાઉન્ડમાંથી નીકળી બહાર રસ્તા પર આવ્યા ત્યારે ત્યાં શિલ્પની રંગભૂમિ જેવી દેખાતી કોઇ નવીન જ સૃષ્ટિ અમે જોઇ. ઘોડાગાડીઓનાં પૈડાંના પાટા તથા ઘોડાઓના કોઇકોઇ પગ, ગાડીવાનના ચાબુકનો છેડો તથા બગાસું ખાવાની તૈયારીમાં ખૂલેલું ગાડીવાનનું નીચલું જડબું એ બધાં કાંઇક જોઇ શકાય એવી ગતિ કરતાં લાગતાં હતાં. બીજું બધું તો જાણે તદ્દન સ્થિર થઇ ગયું હતું. અને અવાજ તો બીલકુલ સંભળાતો ન હતો સિવાય કે એક માણસ—જે તેના દેખાવ પરથી ઊંચેથી બૂમ મારતો હોવો જોઇએ તેના ગળામાંથી અતિ મંદ અને ધીમો તથા જાડો અસ્પષ્ટ અવાજ ક્યારેક તુટક તુટક આવતો હતો. આ હીમમાં ઠરી ગએલ જેવા દેખાતા દશ્યમાં એ ગાડીવાન ઉપરાંત એકાદ ડઝન માણસો હશે ! શરૂઆતમાં તો આ દશ્ય આશ્ચર્ય ઉપજાવતું હતું, પણ ધીમેધીમે અમારી ઇન્દ્રિયો ઉપરથી અમારો વિશ્વાસ ઉડાડી મૂકે એવું તથા કંટાળાભરેલું તે લાગવા માંડ્યું. અમારી સામેની આખી સૃષ્ટિ અમારા જેવાં જ માણસોની બનેલી હતી, અને છતાં જાણે કે અમારા બે સિવાય આ સૃષ્ટિનું ચાલતું ચિત્રપટ ઑપરેટરની બેદરકારીથી એકાએક ચાલતું અટકી પડ્યું હોય એમ, એ બધાં માણસો જુદીજુદી હીલચાલની વચ્ચે ઝડપાઇ ગએલાં લાગતાં હતાં. એક યુવાન અને એક યુવતી એકબીજા તરફ સ્મિત કરી રહ્યાં હતાં. પણ આ તો સ્મિત છે કે મશ્કરી ! જાણે અનંતકાળ સુધી એ સ્મિત પૂરું જ નહિ થાય એમ લાગતું હતું. એક ગાડીમાં બેઠેલી કોઇ સ્ત્રી સળીઆ પર હાથ ટેકવી પ્રોફેસરના બંગલા પર સ્થિર નજરે તાકી રહી હતી. એક માણસે જાણે મીણનું પૂતળું હોય એમ પોતાની મૂછ પકડી રાખી હતી, અને બીજાનો હાથ એની ટોપી પર કાંઇ ન સમજાય એવા હેતુથી અડી રહ્યો હતો. અમે આ બધાં માણસોને જોયાં અને પેટ પકડીને હસ્યા. અમે એ બધાંની કેટલી યે મશ્કરી કરી, પણ જાણે એ કોઇનું અમારા તરફ ધ્યાન જ ન હતું. છેવટે કંટાળી અમે આગળ ચાલ્યા, અને પેલા સાઇકલિસ્ટને પાછળ રાખી આગળ વધવા માંડ્યું.

'આહ !' પ્રોફેસરે મારું ધ્યાન ખેંચતાં કહ્યું: 'આમ જુઓ.'

એમણે હવામાં જ્યાં આંગળી ચીંધી હતી ત્યાં મેં જોયું તો એ આંગળીનાં ટેરવાં પાસે જ હવામાં, કોઇ માણસ પાણીમાં તરતો હોય એવી ધીમી ઝડપે પાંખો ફફડાવતી, એક મધમાખી ઊડતી—અથવા કહો કે હવામાં સરતી—જતી હતી.

છેવટે અમે બાગમાં આવી પહોંચ્યા. પણ અહીં તો અમારું આશ્ચર્ય ઊલટું વધ્યું. બાગની વચ્ચેના છાપરમાં બૅન્ડ વાગતું હતું. પણ એ બૅન્ડમાંથી અમારે કાને તો કાંઇ ધીમો અસ્પષ્ટ ઘોંઘાટ જ પડી શક્યો. ક્યારેક આ અવાજમાં કોઈ રાક્ષસી ઘડિયાળના યંત્રકામમાંથી આવે એવો અથવા તો નગારાંને ફરતાં કપડાં વીંટીને વગાડ્યું હોય અને જે અસ્પષ્ટ તાલ

ઉડે એવો કાંઇ તાલ પૂરાતો હતો. સ્થિર થઇ ગએલાં અને ચાલવાની, દોડવાની, બોલવાની, બગાસું કે છીંક ખાવાની, હસવાની કે એવી બીજી અનેક ક્રિયાઓની વચ્ચે ઝડપાઇ ગએલાં, છતાં પોતે સ્વતંત્ર હયાતી ધરાવતાં પ્રાણીઓ છે એવી સમજ ધરાવતાં હોય એવાં દેખાતાં માણસો આમતેમ વેરાએલાં હતાં. એક કૂતરો કૂદતાં કૂદતાં જાણે હવામાં લટકી રહ્યો હતો તેની પાસેથી હું પસાર થયો ત્યારે ધીમેધીમે જમીન પર ઊતરવાની સ્થિતિમાં દેખાતા એના પગનું દૃશ્ય રમૂજ ઉપજાવે એવું લાગ્યું.

પણ એવામાં મારૂં ધ્યાન પ્રોફેસરના અટ્ટહાસ્ય તરફ ખેંચાયું. એક ભોભાદાર ગૃહસ્થ કોઇ બે બાનુઓ તરફ મીઠું નેણનું હાસ્ય હસી રહ્યા હતા. પણ હાસ્ય ગમે તેવું સુંદર હોવા છતાં આવી બારીકાઇથી તેને તપાસવાનો અવસર મળે ત્યારે તો તેના તરફ સૂગ જ ચડે. જે વખતે તેમાંથી ત્વરા અને તેથી મળતી તાઝગી ચાલ્યાં જાય છે એ વખતે એ અરધી બીડાતી આંખો કેવી અળખામણી લાગે છે! કાળા ડોળાનાં અર્ધચંદ્રાકાર અને તેની નીચે દેખાતી સફેદ કિનારી થોડી વારમાં જ આંખને કંટાળો આપે છે.

'મને જો આ બધું યાદ રહેશે તો હવે હું જીવનભર હસી શકીશ નહિ.' મેં કહ્યું.

'અને સ્મિતનું પણ તેમ જ.' પ્રોફેસરે મારૂં ધ્યાન પેલી સ્ત્રીના સ્મિત તરફ દોરતાં કહ્યું.

'હું ગરમીથી અકળાઉં છું; ધીમે ચાલો.' મેં કહ્યું.

'હવે ચાલો ને.' પ્રોફેસરે મારો હાથ ખેંચ્યો. રસ્તાની બંને બાજુએ કોચ પર બેઠેલાં માણસો નિશ્ચલ છતાં સ્વાભાવિક સ્થિતિમાં જ બેઠેલાં જણાતાં હતાં. સહેજ લાલ ચહેરાવાળા એક નીચા ગૃહસ્થ પવનના ઝપાટા સામે પોતાનું છાપું સંકેલવાની ગતિમાં જ સ્થિર થઈ ગએલા લાગતા હતા. બીજાં પણ એવાં ઘણાં ચિહ્ન હતાં જેથી એમ માનવાને કારણ મળતું હતું કે સખ્ત પવન વાતો હોવો જોઇએ. પણ અમને એવા કાંઇ પવનનો ખ્યાલ આવતો ન હતો. અમારી જ્ઞાનેન્દ્રિયો પૂરતો તો પવન જાણે તદ્દન પડી ગએલો જણાતો હતો. એ બધાં માણસો બેઠાં હતાં ત્યાંથી જરા દૂર ફરતાં અમે આ બધું દૃશ્ય જોયું ત્યારે મોઢાના ભાવો પરથી જીવંત છતાં ગતિ તરફ જોતાં જડ જેવો બનેલો આખો માનવસમાજ જોવાનું દૃશ્ય ન વર્ણવી શકાય કે ન માની શકાય એવું આશ્ચર્યકારક લાગવા માંડ્યું. અમારી આસપાસ બેઠેલાં આ બધાં માણસોના સમય સાથે સરખાવતાં અમે જે કાંઇ કરતા કે વિચારતા હતા તે બધું નિમેષ માત્રમાં બની જતું હતું. એ લોકોની પળો એ અમારા ત્વરિત જીવનમાં કલાકો હતી, એ વિચારે મને સ્વાભાવિક ગર્વ થયો.

પણ હું આમ વિચાર કરતો હતો એવામાં પ્રોફેસરમાં એક બાલિશ છટા આવી ગઇ. તેમના એક ઓળખીતા પોતાનો કૂતરો લઇને ફરવા આવેલા તે કૂતરાને તેમણે એકાએક ઉંચકીને દોડવા માંડ્યું. પ્રોફેસરે જેવો કૂતરાને ઉપાડ્યો એવો જ તે એ લોકોની દૃષ્ટિમર્યાદાની બહાર ચાલ્યો ગયો હોવો જોઇએ. અને એ કૂતરો બિચારો ન જરા પણ ભસ્યો કે ન સળવળ્યો. જાણે એની બધી ઇન્દ્રિયો બહેર મારી ગઇ હોય એમ શિથિલ બની તે પ્રોફેસરના હાથમાં લટકી રહ્યો. પણ અરે! પ્રોફેસરનાં કપડાંનો રંગ આમ એકાએક ઝાંખો કેમ પડવા માંડ્યો? અને કૂતરાનાં રૂંવાં પણ? મને કાંઇક પ્રકાશ પડ્યો. મેં એકાએક બૂમ મારી: 'અરે ગિ. રાવ. એ કૂતરાને છોડી દો, બિચારો સળગી જશે. જુઓ તમારાં કપડાં પણ દાઝવા માંડ્યાં! સેકંડના બે ત્રણ માઇલની ઝડપે હવા સાથે શરીર ઘસાયું છે, સમજ્યા?'

'હેં!' પ્રોફેસરે કૂતરા તરફ જોયું.

'હા, ખરતા તારાની માફક આપણી ગતિ આ પણને સળગાવી મૂકશે. પણ અરે! મને આટલી બધી ગરમી થાય છે! અને આમ જુઓ, હવે માણસો સળવળતાં લાગે છે. દવાની અસર નાબૂદ થતી જતી લાગે છે. પણ તમે કૂતરાને છોડી દો. આપણી ગતિ સાથે એ જીવતો નહિ રહી શકે.'

'હા. મને પણ એમ જ કાંઇક થાય છે. હું તો આખો પરસેવાથી નાહી રહ્યો છું.'

અને પ્રોફેસરે મારી સામે અને પછી બૅન્ડ તરફ જોયું. બૅન્ડના અવાજ ધીમેધીમે ઊંચે આવતા જતા હતા. તરત તેમણે હાથમાંના કૂતરાને ઊંચે ઊડાડ્યો. શબવત્ બનેલો કૂતરો ઊંચે ઊડ્યો અને ઘુસપુસ કરતાં માણસોના એક ટોળા પર તોળાઇ રહ્યો. પ્રોફેસરે કાંઇક અજ્ઞાત ભયથી મારો હાથ પકડ્યો. 'સાચે જ,



તે કૂતરાને તેમણે એકાએક ઉંચકીને દોડવા માંડ્યું એમ જ છે. જુઓ પેલો માણસ રૂમાલ હલાવતો લાગે છે. આપણે હવે અહીંથી પોબાર ગણવા જોઇએ.'

પણ અમે કાંઈ નિશ્ચય પર આવીને દોડીએ તે પહેલાં તો દવાની અસર એકસામટી નાબૂદ પણ થઇ ગઇ અને એક રીતે તે સારૂં જ થયું. કેમકે નહિતર આ માણસોની દૃષ્ટિમાં ન પડવાના અમારા નિશ્ચયને વળગી અમે કદાચ દોડત, અને એમ થાત તો અમારાં બધાં કપડાં અને વાળ હવા સાથે ઘસાઇ સળગી ઊઠત. સળગવાની અણી ઉપર તો એ બધાં ક્યારનાં આવી ગયાં હતાં. દવાની અસરની અનેક ગણતરીમાં અમે આ બાબત તો તદ્દન ભૂલી જ ગએલા. આમ એક સેકંડના અતિ અલ્પ અંશમાં જાણે કોઇ પડદો નજર આગળથી ખેંચી લેવામાં આવે એવી રીતે દવાની અસર નાબૂદ થઇ ગઇ. મને પ્રોફેસરે તરત બેસી જવા ફરમાવ્યું અને ધબ દઇને હું નીચે બેસી ગયો. જે સ્થળે હું બેઠેલો ત્યાં મારા શરીરની ગરમીથી ઘાસ સળગી ગએલું એ નિશાની હજુ પણ ત્યાં રહી ગઇ છે. એકાએક અમારી આસપાસની નિર્જીવ સૃષ્ટિમાં ચેતન આવતું લાગ્યું. બૅન્ડનાં ન સમજાય એવાં આંદોલનો હવે સંગીતનું સ્વરૂપ પકડવા માંડ્યાં; ચાલનારા કે દોડનારા જેના જેના પગ અત્યાર સુધી હવામાં લટકી રહેતા લાગતા હતા તે હવે જમીન પર પગ માંડવા લાગ્યા; વાવટા, કપડાં અને છાપાં હવામાં ફરફરવા માંડ્યાં; પેલા હસતા ગૃહસ્થનું હાસ્ય હવે પૂરૂં થયું ને બાનુના સ્મિતમાં ભાવ પૂરાયો, અને છૂટાંછવાયાં બેઠેલાં બધાં માણસો હાલતાંચાલતાં અને બોલતાં થઇ ગયાં.

આખું જગત હવે જાણે અમારી ગતિએ વહેવા માંડ્યું—અથવા કહો કે અમારી ગતિ જગતની ગતિ સાથે પાછી સુસંગત થઇ ગઇ. ઝડપથી ચાલતી ટ્રેન એકાએક ઊભી રહે અને તેમાં પ્રથમ મુસાફરી કરનારને જે અનુભવ થાય તેની સાથે અમારો અનુભવ કાંઇક સરખાવી શકાય. થોડીવાર તો બધું ફરતું લાગ્યું; મને જરા બેચેની પણ થઇ; પણ બીજી જ પળે અમારૂં શરીરયંત્ર જગતની સામાન્ય ગતિ સાથે ટેવાઇ ગયું અને પેલો કૂતરો પ્રોફેસરના ફેંકવાથી હવામાં અદ્ધર લટકી રહેલો લાગતો હતો તે સેકંડના ૧૬ ફીટની ગતિએ નીચે બેઠેલાં માણસો વચ્ચે પડ્યો.

આ કૂતરાએ અમારો ઘણો બચાવ કર્યો. કેમકે જે પળે અમારી ગતિ અટકી અને અમે બેઠા એ પળે કોઇ જાદુગરના ખેલની માફક અમે તે સ્થળે એકાએક દેખાવા જોઇતા હતા. પણ એક ગૃહસ્થ સિવાય બધાંનું ધ્યાન આ કૂતરા તરફ વળ્યું. માત્ર એ ગૃહસ્થ એ પછી વખતેવખતે અમારા તરફ શંકાશીલ નજરે જોતા હતા અને પોતાની પાસે બેઠેલા મિત્રને અમારા તરફ આંગળી ચીંધવા જતા હતા. પણ પેલા મિત્રને એ કૂતરાની વાતમાં જે રસ પડતો હતો તે અમારામાં પડે એમ ન હતો. ચમત્કારને નહિ માનનારા આ વિજ્ઞાન-યુગમાં, બૅન્ડસ્ટૅન્ડની જમણી બાજુ એક ગૃહસ્થ પાસે આરામથી સૂતેલો કૂતરો એકાએક અદૃશ્ય થાય અને એવા જ કોઇ અગમ્ય બળના આધારે જરા દાઝેલો તે એ જ વખતે દૂર ઊભેલાં માણસોનાં ટોળાં ઉપર નજરે ચડે અને ત્યાંથી પડે એ દેખાવ જોનારાને પોતાની આંખ ઉપરથી વિશ્વાસ ઉઠાડી દે એવો હતો. કદી પણ તાલ ન ભૂલનારા બૅન્ડ વગાડનારાઓ પણ એક વાર જુદા પડી ગયા. સદી પહેલાંનું વહેમી માનસ એકાએક માણસોમાં જાગ્રત થયું અને નાસભાગ થઇ રહી. એ બધા ગભરાટનું સમાધાન શી રીતે આવ્યું હશે તે મને ખબર નથી. કેમકે પેલા ગૃહસ્થ બીજાઓનું ધ્યાન અમારા દૃશ્ય થવાના ધ્યાન તરફ ખેંચે તે પહેલાં

અમારે ત્યાંથી નીકળી જવું હતું. અમે માત્ર જતાં જતાં એક વાક્ય સાંભળ્યું: 'મારી પાસેથી તમે જ એ વખતે પસાર થતા હતા. અને તમે કૂતરાનો ઘા ન કર્યો તો પછી બીજા કોણે કર્યો?' પાછળ જોતાં જોયું કે તે કૂતરાના માલિક અને તેની પાસે ઊભેલા કોઈ કૉન્સ્ટેબલ વચ્ચે આ તકરાર હતી.

અમે કાંઇક ઉતાવળમાં હતા તેથી, કાંઇક ગરમીથી ગભરાયા હતા તેથી, અને કાંઇક સૃષ્ટિમાં આમ એકાએક સ્ફૂરેલું આ ચેતન જોઇ અમારી કલ્પના મૂઢ થઇ ગઇ હતી તેથી, વધારે બારીક અવલોકન કરવાનો અમને પાછા ફરતાં અવકાશ ન રહ્યો. અલબત્ત, એટલું તો નક્કી કે પેલી માખી આગળ ચાલી ગઇ હતી, પેલો સાઇકિલવાળો રસ્તાને છેડે અદૃશ્ય થયો હતો, અને ગાડી હવે પોતાની સ્વાભાવિક ગતિએ ચાલી જતી હતી. વળી અમે ઘેર પાછા આવી જોયું તો જે બારી-માંથી અમે કૂદ્યા હતા તેનું લાકડું દાઝી ગયું હતું અને નીચે જમીન પર અમારા બૂટની ખૂબ ઊંડી છાપ પડી ગઇ હતી.


આ મારો 'જીવનજળ' સાથેનો પહેલવહેલો અનુભવ. ખરૂં જોતાં તો દવાની અસર અમારા ઉપર એકાદ સેકંડ જ રહી હશે. અને તેથી અમે જે કાંઇ પરાક્રમ કર્યાં તે બધાં જગતના સામાન્ય કાળની એક સેકંડમાં જ થએલાં. પણ અમને તેની ઉલટી અસરથી એવો ભાસ થતો હતો કે જાણે અમારે માટે જગતનો કાળ થંભી ગયો હતો. જોકે અમે કરેલી કેટલીક અજડાઇને કારણે અમને કેટલીક તકલિફ પડી. તેમ છતાં પ્રોફેસર રાવની આ શોધ જો યોગ્ય રીતે વપરાય તો જગત પર ઉપકાર કરી શકે તેવી છે એમાં અમને શક ન રહ્યો.

એ પછી તો પ્રોફેસર રાવ પોતાની દવાને કેમ નિયમનમાં રાખવી તે પ્રશ્નનો જ અભ્યાસ કરી રહ્યા છે. તેમની દેખરેખ નીચે મેં માપેલા પ્રમાણમાં ઘણી વખત એ દવા લીધેલી છે. જોકે હવે હું દવાની અસર નીચે બહાર જવાની હિંમત તો કરતો નથી, પણ એક દાખલો આપું કે આ આખી વાત એ દવાના એક જ ડોઝમાં લખાઇ છે. મેં ૬-૨૫ કલાકે લખવાનું શરૂ કરેલું અને અત્યારે મારી ઘડિયાળમાં સાડા છ થયા છે. આમ, બહુ કામ હોય ત્યારે આ દવાની મદદથી વખતની સામે થઇને કામ કરી શકાય છે એ એનો ફાયદો છે. હમણાં પ્રોફેસર રાવ જુદીજુદી તાસીરવાળાં માણસો પર આ દવાની થતી અસરનો અભ્યાસ કરી રહ્યા છે.

અને આ દવાની બધી બાજુઓનો અભ્યાસ પૂરો થયા પછી પ્રોફેસર એથી અવળી અસરવાળી દવાની શોધ પાછળ પ્રયત્ન કરવાના નિશ્ચય પર આવ્યા છે! એ બીજી દવા જેને અમે 'આરામાસવ' નામ આપવાના છીએ એની અસર પીનારના શરીરયંત્રને એકદમ ધીમું પાડી દેવાની થશે. એ દવા જો 'જીવનજળ'ની સાથે સાથે લેવામાં આવે તો 'જીવનજળ'થી મળતી ગતિ પર જોઇતો કાબુ રાખી શકાશે, અને જો એ દવા એકલી જ લેવામાં આવે તો પીનારને સામાન્ય જીવનના કલાકો માત્ર એટલી સેકંડો લાગે અને તેથી કંટાળા-ભરેલા સમયને તે ઝડપભેર પસાર કરી શકે. અમે દવા પીધી ત્યારે જેવું જગત અમને લાગતું હતું તેવો 'આરામાસવ' પીધેલો માણસ જગતની દૃષ્ટિએ લાગે. એટલે આ બે દવાના ઉપયોગથી આપણે સમયના બંધનથી પર જઇ શકીએ. કેમકે જ્યારે આપણી શક્તિ અજમાવવાની જરૂર પડે ત્યારે અથવા આનંદના સમય-માં 'જીવનજળ'નો એક ડોઝ લઇ ટૂંકા સમયને લંબાવી શકાય, અને એથી ઉલટું તકલિફ કે કંટાળાભર્યો સમય પસાર કરવા માટે 'આરામાસવ'નો એક ડોઝ બસ થઇ પડે. હવે જોકે 'આરામાસવ' તો હજુ શોધાવાને વાર છે પણ 'જીવનજળ' તો પ્રોફેસર થોડા જ વખત-માં બહાર પાડશે. તેમનો વિચાર એવો છે કે જેમ જુદીજુદી ઝડપની ફોટોગ્રાફિક ફિલ્મ આવે છે તેમ 'જીવનજળ'ની પણ ત્રણ જુદીજુદી ઝડપની શીશીઓ ભરવી. હાલ તો તેમણે એક ૨૦૦ની, બીજી ૯૦૦ની અને ત્રીજી ૨૦૦૦ની ઝડપ રાખી તેને અનુક્રમે પીળાં, લાલ તથા સફેદ લેબલો મારવાનું નક્કી કર્યું છે.

અલબત્ત, આ દવાથી કાયદામાં કેટલીક નવી આંટી-ઘૂંટી ઉત્પન્ન થશે, કેમકે સમયની ચુંગાલમાંથી નીકળેલાં માનવીઓ શું કરશે તે અગાઉથી કહી ન શકાય અને વળી આ દવાના વધુ ફેલાવાથી જગતના કાળનું સ્થાયી માપ પણ ભૂંસાવા જેવું કદાચ બને. પણ એ બધા વિચારો કરવાનું કામ અમારૂં નથી. અમે તો દવા બનાવીને વેચીશું અને પરિણામ માટે તો જોયું જશે.

હરિકૃષ્ણ વ્યાસ



વનવાગળાંનું નિવાસસ્થાનઃ ઊંધે માથે લટકીને એક હાથે ફળ પકડીને નીરાંતે આરોગતું વનવાગળું

વન વગડાનાં વાસી

જળજંગલની જીવસૃષ્ટિની રસમય પરિચયમાળાનો આગળ હપતો...

મધરાતના મહાજન

૧—વનવાગળ અને ચામાચીડિયાં

એની ઓળખાણ મારે શી રીતે કરાવવી ?

એને બે પગ છેઃ છતાં એ ચોપગાંમાં ગણાય છે. ચાલે ખરૂં: તો ય પગે પંજે નથી. ઊડે છે પંખી પેઠે: પણ એની પાંખો પર પીંછાં ન મળે. આંખોથી જૂએઃ પણ જોવા માટે એને પ્રકાશની આવશ્યકતા નથી હોતી; અજવાળું હોય ત્યાં છતી આંખે આંધળું ભીંત. ઘોર અંધકારમાં એની 'નજર' દીવા જેવીઃ પણ ખરે બપોરે પ્રકાશ જોવા એને અજવાળાની જરૂર પડે !

આવું તે વળી કોઇ હોતું હશે?

છતાં જે પ્રાણીનો આ અદ્ભુત જીવન પરિચય છે, એને ભાગ્યે જ કોઇ નહિ ઓળખતું હોય. એનું નામ ચામાચીડિયું—Bat. આ અજબ પ્રાણીએ પ્રાણિસૃષ્ટિમાં ભારે અરાજકતા ફેલાવી છે. પ્રાણીવિદ્યાવિશારદોના સમાજમાં એણે મોટો ઉલ્કાપાત મચાવ્યો છે. પ્રચ્છન્ન સ્વરૂપવાળા આ પ્રાણીના જીવનવ્યવહાર વિષે આ વિશારદો હજુ યે ગોથાં ખાય છે. એણે નિસર્ગનો ભાગ્યે જ કોઇ નિયમ તોડ્યો નહિ હોય.

પ્રાચીનો એને 'પંખી' કહેતાઃ ઊડે તેથી. * પણ પંખીને આંચળ ક્યાં હોય છે? ચામાચીડિયું તો આંચળવાળું. એટલે એની ગણના સ્તનપાયી-Mammal વંશમાં થવા લાગી. એના હાથનો ઉપયોગ પાંખો તરીકે થતો હોવાથી કેટલાકે એનો Cheiroptera નામનો વર્ગ નક્કી કર્યો. પણ એનો આહાર મુખ્યત્વે જીવાતનોઃ એની કાયા ઊંદરને મળતી. એટલે બીજા નિષ્ણાતોએ એને જીવાત ખાનારાં-Insectivora-છછુંદર તથા શેળાના વર્ગમાં મૂક્યું. પણ આ વર્ગના પશુઓને તો ઝાઝાં આંચળઃ ચામાચીડિયાને તો બે જ. વળી એના હાથ, પગ કરતાં લાંબા. એટલે અન્ય વૈજ્ઞાનિકોએ એને વાંદરાના વર્ગ-Primates-નો પશુ ગણ્યો.

એક જ પ્રાણીમાં આવા પરસ્પર ભિન્ન સ્વભાવ અને ધર્મોનો સમન્વય બીજે ક્યહીં પણ દીઠો છે?

એની રીતભાત પણ અવળચંડી. સૌ પશુપંખી

* જેમ હજુ પણ પ્રાકૃતજન વ્હેલને માછલી કહે છેઃ પાણીમાં તરે તેથી. વળી કાનખજુરો અને વીંછી સાપનાં સગાંસંબંધી ગણાય છેઃ એ બંને પેટ ઘસડતાં ચાલે તેથી.

વાસ્તવિક રીતે તો વ્હેલ આંચળવાળાં Mammal વંશનું પશુ છેઃ માછલી નથી. તેમ જ વીંછી અને કાનખજુરો સાપનાં સગોત્રી સરીસૃપ-Reptiles નથી પણ ખીરખુડી (ગોચીડો કે ઇન્દ્રગોપ), કરોળીઆ, ઝેમેલના વર્ગ-Arachnida અને Myriapoda નાં પ્રાણી છે.

આગળ પાછળ રીતે ચાલે ત્યારે ચામાચીડિયાં ડાબા જમણી--આડાં જ ચાલનારાં. મોટે ભાગે પશુઓ અંધકારમાં ન દેખે ત્યારે આ ચામાચીડિયાં અંધારામાં જ અદ્ભુત દિવ્ય દૃષ્ટિ ધરાવનારાં. આખું જગત ઉચ્ચ મસ્તકે ઊભું રહે અને બેસે, ત્યારે આ વિચિત્ર પ્રાણી ઊંધે માથે જ રમે જમે અને ઊંઘ-આરામ લે!

સૃષ્ટિમાં ત્રણ વર્ગનાં પ્રાણીઓને જ ઊડવાનું સામર્થ્ય મળ્યું છે. મેરુદંડવાળાં–Vertibrates પ્રાણીઓમાં પંખીઓને અને ચામાચીડિયાંને, અને મેરુદંડ વિનાનાં –Invertibrates પ્રાણીઓમાં જીવડાંને. આ ત્રણેનાં ઉડ્ડયનયંત્ર–પાંખો–ની રચનાનો પાયો એક જ પ્રકારનો ઘડાયો છે: આડાઅવળા રેસાની બનેલી એક જાળી–છાતીની સાથે મજ્જાગરાથી જડેલી. એના છેડાને ઊંચા-નીચા હલાવી શકાય: જેને લીધે આ જાળી નીચે ઊતરતી વખતે હવાને અથડાય. પાંખનો આ પાયો. આ સપાટ જાળી મુલાયમ, સ્થિતિસ્થાપક સ્વરૂપની હોઈ, તેનાપર (૧) પંખીઓમાં લાંબાં પીંછાં (જે ચામડીથી આ જાળી અગર પાંખનાં હાડકાં ઢંકાએલાં છે તેમાં ચોંટાડેલાં), (૨) ચામાચીડિયામાં પાતળી ચામડાની ત્વચા (જે હાથ અને પગનાં હાડકાંને જોડતી પથરાએલી છે) તથા (૩) જીવડાંમાં પાતળું બરડ ત્વચાનું આવરણ (જેના પર નસોને ઢાંકનાં નાનાં scales–પીંછાં બિછાવ્યાં છે) પથરાએલાં છે. આ ત્રણ પ્રકારે અનુક્રમે પંખીઓની, ચામાચીડિયાંની તથા જીવડાંની પાંખો બનેલી છે.

ચામડી મઢેલી પાંખો પર ચામાચીડિયાં રજ પણ અવાજ કર્યા સિવાય ઘણી જ સરળતાથી હવામાં તરે છે, ભારે ઝડપથી ગાઉનાગાઉ અણથાક્યાં જાય છે અને એના આધારે જ ઊડતાં ઊડતાં અધવચ આમતેમ, ઉલટસુલટ ગુલાંટ ખાતાં સરળતાથી દિશા બદલી શકે છે. આવી 'ચામડાની પાંખે' (अजिनपत्र) ઊડનારૂં હોવાથી 'ચામાચીડિયું' (चर्मचटका 'ચામડાની ચકલી') કહેવાયું છે.

એની પાંખ એટલે હાથ, પગ, પૂંછડી વગેરેને જોડતો સળંગ સપાટ પડદો. બંને કાખમાંથી પહોળી થઇ, ઠેઠ બંને હાથની આંગળીઓનાં ટેરવાં સુધી ફેલાએલી પીઠ પરની ચામડી, તે જ આ પડદો. કવચિત બંને પગની વચ્ચે ઠેઠ પાનીઓ સુધી પણ આ પડદો ફેલાએલો છે. એની પૂછડી એમાં ગૂંથાઇ જવાથી ઘણી વખત સમૂળગી દેખાતી નથી: ક્યાંક દેખાય તો એકાદ બે આંગળ જેટલી જ. (પૂછડી આવી રીતે ઢંકાએલી હોય કે છૂટી લટકતી હોય તેના આધારે આ પશુઓનું વર્ગીકરણ કરાય છે.)

દરેક પ્રાણીના જીવનસંગ્રામને અનુકૂળ નીવડે એવું શરીરયંત્ર કુદરત ઘડે છે. ચામાચીડિયાંનો મુખ્ય ધર્મ 'ઊડવું' હોવાથી, અન્ય સ્તનપાયીથી ભિન્ન પ્રકારનો પણ પંખીઓને મળતો, એમના શરીરમાં મુખ્ય ફેરફાર હાથનાં અંગોમાં થએલો છે: જેમ વાંદરાંના જીવનપ્રવાહને અનુકૂળ ફેરફાર એમના, પગ કરતાં લાંબા થએલા હાથમાં દેખાય છે. પાંખની ચામડીથી ઢંકાએલા એમના હાથની આંગળીઓમાં માત્ર અંગૂઠો જ છૂટો રહે છે. એને છેડે તીણો વાંકો નહોર હોય છે. કોઇકોઇ જાતમાં તો અંગૂઠા ઉપરાંત પહેલી આંગળી પણ છૂટી રહી ગઇ દેખાય છે.

આ પાંખ પહોળી કરવી હોય ત્યારે કાગળના પંખાની દાંડીઓ પેઠે પોતાના હાથની આંગળીઓ પહોળી કરીને એ ઉઘાડવાશ કરી શકે છે.

ચામાચીડિયાના પગે પાંચ આંગળાં અને એને છેડે નાના પણ તીક્ષ્ણ નહોર હોય છે. આ નહોરની મદદથી એ પથ્થર, ભીંત, ખડક, લાકડાં વગેરે પર ચોંટીને લટકી રહે છે. પગની પાનીએ એક લાંબો અણીદાર નખ—'કાંટો' હોય છે. જ્યારે એ ચામાચીડિયાં લડે છે ત્યારે, કુકડા કે તેતરની પેઠે, આ 'કાંટા'નો કાતિલ ઉપયોગ કરે છે. ખાતી વખતે ફળને પકડવામાં પણ એના પગ અને અંગૂઠો કામ લાગે છે.

એમના કાન લાંબા: કોઈના છેડેથી ગોળ, કોઇના અણીદાર.


કેટલાંકના નાકના છેડે ટેરવા પર પાંદડાના જેવા આકારનું ચામડાનું આભૂષણ 'चर्मपत्र' હોય છે. ચામાચીડિયાના જીવનમાં શરીરની ત્વચા કેટલો અને કેવો મહત્ત્વનો ભાગ ભજવે છે એનો આ વધુ દૃષ્ટાંત. ચામડીના આવા અવનવા વિસ્તાર પર તો આ પશુનું આખું જીવન અવલંબે છે.

ચામાચીડિયાની આંખો ઝીણી, કાડિયાં જેવી, પણ અન્ય નિશાચર વાઘ, બિલાડી વગેરેના જેવી નથી હોતી. ચામાચીડિયાં ગમે તેવા ગાઢ અંધકારમાં

ભાળી શકે છે, તે એ આંખ વડે નહિ પણ એમની આંખની ગરજ સારે એવાં વિશિષ્ટ સાધન વડે. આ સાધન તે એમની અદ્‌ભુત સ્પર્શશક્તિ. જેમ સાપની ચપળ જીભ એની સ્પર્શેન્દ્રિયની ગરજ સારે છે તેમ ચામાચીડિયાને એના દેહની—પાંખોની ચામડી પર પથરાએલા અત્યંત મર્મગ્રાહી સૂક્ષ્મ જ્ઞાનતંતુઓના જાળાથી સૂચિભેદ્ય અંધકારમાં પણ સૂક્ષ્મમાં સૂક્ષ્મ સ્પર્શજ્ઞાન થાય છે. એના નાકને ટેરવે ઊગેલું ચર્મપત્ર તો આ દેહની ત્વચાની સ્પર્શશક્તિ કરતાં યે તીવ્રતર સ્પર્શજ્ઞાન આપનારી અત્યુત્તમ સ્પર્શેન્દ્રિય છે. એનાં અતિ લાંબાં કાનનાં ટેરવાં પણ વાતાવરણમાં સ્પર્શજ્ઞાનથી દિશાજ્ઞાન આપવામાં સહાયક બને છે. આ ત્રણે સાધનોથી પ્રલયકાળ જેવા અંધકારમાં પણ ગમે તેવાં પ્રતિબંધક નડતરોની વચ્ચે એ બંધ આંખે સરળતાથી વિચરી શકે છે. જ્યાં ઝીણામાં ઝીણી તેજસ્વી આંખો પણ આંધળી નીવડે એવા ઘોર અંધકારમાં ચામાચીડિયું આ અદ્‌ભુત સ્પર્શજ્ઞાનથી નીડરપણે ફરી છે.*

એમને ચાલતાં નથી આવડતું. જમીન પર મૂકાએ તો ડગમગતાં પેટ ઘસડતાં ચાલે. ઘવાયાં કે માંદાં ન હોય તો જમીન પરથી એમની જાતે ઊડતાં અડચણ નથી આવતી. અબાબીલ તથા ચામાચીડિયાંના પગ ચાલવામાં તદ્દન નકામા, ભારે નિર્બળ: માત્ર કંઈપણ પકડવા પૂરતા જ ઉપયોગી. તેથી એ બંનેની જમીન પરની ચાલ માંદલા જેવી જ: ઘસડતી.

ચામાચીડિયાં વીઆય ત્યારે એક જ બચ્ચું જણે; ભાગ્યે જ બે; ત્રણ તો કદી પણ નહિ. વાંદરાંની પેઠે એ બચ્ચાને છાતીએ વળગાડીને ધવડાવે અને એ



વનવાગળનું મોં કૂતરા કે લોંકડીના મોંના જેવું લાંબું હોવાથી એનું અંગ્રેજી નામ Flying fox પડ્યું છે.

નિરાધાર હોય ત્યાં સુધી સાથે લઇને ઊડ્યા કરે.

ચામાચીડિયાંનું વંશવાચક અંગ્રેજી નામ Bats. જીવનવ્યવહારના ભેદે આ વંશના બે વિભાગ પાડવામાં આવે છે: એક તો જેનું મોં લોંકડી કે કૂતરા જેવું લાંબું હોય તથા જેમનો દેહ સામાન્યરીતે મોટો હોય તે (Mega cheiroptera) Flying Foxesનો: આપણે એને વનવાગળ કે વડવાગળ કહીએ છીએ. બીજો વિભાગ ચામાચીડિયાં–Batsનો. આમનાં મોં ટૂંકાં,ઉંદર જેવાં.શરીર નાનાં(Micro cheiroptera). એમને કાનકેડિયાં અગર ચીપકાં પણ કહે છે. શરીરના બાંધાને લીધે ચામાચીડિયાંના વંશના આવા બે વિભાગ હોવા છતાં કેટલાંક વનવાગળાં ચામાચીડિયાંથી પણ શરીરે નાનાં હોય છે.

अ વનવાગળ

વનવાગળ અત્યંત પરિચિત પશુ છે. ગામડાં કે શહેર ગમે ત્યાં પણ મનુષ્યનો નિકટ સહવાસ સેવનાર આ પ્રાણીને ભાગ્યે જ કોઇ નહિ ઓળખતું હોય. ક્વચિત ગામની સીમે રહે; ક્વચિત ભરભરાં શહેરની વચ્ચોવચ પણ ધામા નાખનારું. ચામાચીડિયાંની પેઠે ખૂણેખાંચરે ભરાઇ બેસવા અંધારા ઓરડા જ શોધનારું એ પ્રાણી નથી. એને તો ખુલ્લી હવા, પુષ્કળ સૂર્યપ્રકાશ અને વૃક્ષની વિસ્તૃત ઘટા નિવાસસ્થાન અર્થે જોઇએ છે. આમ છતાં, આશ્ચર્ય તો એ છે કે વનવાગળાં જંગલમાં રહેતાં દેખાતાં નથી!

વનવાગળાંની એક જ જાત આપણે ત્યાં થાય છે: Pteropodidae. એમનો આહાર કેવળ ફળ. ચોખ્ખાં વનસ્પતિભક્ષક. ભારતવર્ષમાં એમની જે ચાર-

* ચામાચીડિયાંના આ ગૂઢ સ્પર્શજ્ઞાનનો શોધક Spallanzani નામનો યુરોપીય વૈજ્ઞાનિક હતો. આ પ્રાણિશાસ્ત્રીએ ચામાચીડિયાંના શરીર પર અનેક પ્રયોગો કરી—એમની આંખો સીવી લઇને, એમના નાક, કાન વગેરેમાં દાટા મારીને, એમની ચામડી પર વાર્નિશ લગાડીને—એમની પાંખો ઉપર પથરાએલા જ્ઞાનતંતુઓની સ્પર્શગ્રાહક શક્તિનું અસ્તિત્વ નક્કી કર્યું.

ચામાચીડિયાંની આવી સૂક્ષ્મ સ્પર્શગ્રાહકતા હોવા છતાં, નવાઈની વાત એ છે કે, વનવાગળાં રાતે ઊડે ત્યાં વચ્ચે વીજળીના તાર આવે તો તેને અથડાઇને મરણશરણ થાય છે. બે તારની વચ્ચેના અંતરનો અડસટ્ટો ન કાઢી શકતાં હોય તેને લીધે, એમની વચ્ચેથી ઊડીને જતાં એમની પાંખો living વિદ્યુતથી ભરેલા તારની સાથે અથડાય કે તરત નિર્જીવ બને છે.

૭ પેટા જાતિઓ છૂટીછવાઈ નજરે પડે છે તેમાં સૌથી મોખરે તો આપણી ગુજરાતી 'વાગળ' આવે છે. એનું વૈજ્ઞાનિક અભિધાન **Pteropus Medius.** સંસ્કૃત વલ્ગુલિકા–વાગળ. કહે છે કે 'જે સ્ત્રી ધણીની અગાઉ જમી લે તે બીજે ભવ વાગોળ થાય. પતિવ્રતાધર્મના ભંગ બદલ સજા ભોગવતી અસદ્દગતિ પામેલી સ્ત્રીઓ એ જ વાગળ–આવી માન્યતાને લીધે 'વાગળ' કેવળ સ્ત્રીલિંગવાચક નામ છે. સંસ્કૃત ભાષામાં પણ વાગળના બધા યે પર્યાય સ્ત્રીલિંગવાચક જ છે. વાસ્તવિક રીતે તો વાગળમાં પણ, અલબત્ત, અન્ય પશુઓની પેઠે નર અને માદા ઉભય હોય છે.

એમના શરીરની રચના તદ્દન સાદી. પીઠે પૂંછડી જ ન મળે. એમના કાન સીધા સાદા. નાકને ટેરવે 'ચર્મપત્ર' નથી હોતું. બે પગની વચ્ચેની પાનીને સાંધનારી ચામડીનો પડદો નહિ જેવો. પગ ચપટા સપાટ. હાથનો છૂટો અંગુઠો લાંબો: છેડે તીક્ષ્ણ વાંકડિયો નહોર. પહેલી આંગળી નહોરવાળી.

એનો આહાર ઝાડનાં ફળ. બોર, જામફળ, કેળાં, જાંબુ, ભૂનાં, ટેટા, લીંબોળિયો વગેરે એને ખૂબ ભાવે.

એમનાં નિવાસસ્થાન મુખ્યત્વે આમલીનાં ઝાડ. પીપળ, પીપળા, વડ, ઉમરા, અરડુસા કે લીમડા પર પણ એ રહે છે ખરાં. એમના સ્વભાવની એક વિશેષતા એમની ટોળે વળી રહેવાની ટેવ છે. જ્યાં જુઓ ત્યાં વનવાગળાં પચીસ, પચાસ કે સોબસોનાં જૂથ બાંધીને જ રહેતાં હશે. એકલદુકલ તો નહિ જ દેખાય.

સાંજ પડે કે એમના દિવસનો ઉદય થાય. સૂરજ નમે એટલે વનવાગળાંની જમાતમાં સળવળાટ થવા માંડે. જે ઝાડ બપોરનું શાંત હોય તેમાં નવું ચેતન ઊભરાતું નજરે પડે. આળસ મરડીને વનવાગળાં જાગે. જાગ્યાં કે બબ્બે ત્રણત્રણનાં ટોળાંમાં આસ્તે આસ્તે ઝાડની ડાળેથી ઊડવા માંડે. કોઈ વહેલાં: કોઇ મોડાં. પણ રાત પડતાંમાં તો આખું યે ઝાડ ખાલી થઇ જાય અને વનવાગળાં ચરવા નીકળી પડ્યાં હોય. જે ઝાડ પર એમનો અનુકૂળ આહાર મળે તેવાં સ્થળે એ પહોંચી જાય. એ કાજે એ દસપંદર કે વધારે ગાઉ દૂર પણ ઊડી જાય છે. મારા મિત્ર ભાઇ દવે કહે છે કે એમના પાટણનાં વાગળાં તો રોજ રાતે ઠેઠ ડીસા અને પાલણપુરના બગીચામાં ફરવા જાય છે. પુરા ૨૦ ગાઉ! ઝાડની ડાળે ઊંધું લટકી, અંગ્રેજો ખોરાકમાં કાંટો (**Fork**) ભરાવીને ખાય છે તેવી રીતે, એક હાથે ફળમાં નખ ભરાવીને એને પકડે ને મોંથી મોટા ટુકડા કરીને ગલોફાં ભરતું જાય. વચ્ચે જો કોઇ વાગળું ફળ ઝૂંટવવા આવ્યું તો એનું આવી જ બન્યું સમજવું.

પણ ત્યાં ને ત્યાં ખાવાનો એમનો રિવાજ નથી. એટલે મોંમાં માય ને ગાલ ફાટુંફાટું થાય તેટલા કકડા ભરી લે છે. પછી એકાદ એકાંત સ્થળે જઇને લટકતાં લટકતાં એ કકડા નીરાંત જીવે ચૂસે છે.

એ આખા કકડા પેટમાં ઉતારતું નથી; પણ માત્ર એનો રસ જ ચૂસી લે છે. આવું મોટું પ્રાણી પણ માત્ર ફળના રસ ઉપર જીવે છે એ ઓછું આશ્ચર્યકારક નથી. રસ ગળતું જાય અને એના કૂચા ઠળિયાને હેઠે જમીન પર નાખતું જાય. એની આ ટેવને લીધે એને वाग्गुद्‌: અને मुखविष्ठा જેવાં હલકાં નામ અપાય છે. એથી જ કેટલાક ભૂલથી માની બેઠા છે કે વનવાગળાંને મળોત્સર્ગનો માર્ગ નથી હોતો.

સવાર થવા આવે કે વાગળાં ચારિયાળેથી પાછાં ફરે ને પોતાના નિવાસસ્થાન ભેગાં થઇ જાય. એ વખતનો એમનો કકળાટ અસહ્ય થઇ પડે છે. પહેલું આવે તે એક ડાળીએ લટકે. બીજું આવે તે પણ ત્યાં જ લટકવા માગે: એટલે થાય બે વચ્ચે કજીઓ. આખું વાતાવરણ એમની ચીસો, ફાંકિયારી અને ફફડાટથી ગાજી ઊઠે. નવાં આવતાં જાય તેમ આ તોફાન વધે. આમ કલાક બે કલાકે લડતાં વઢતાં થાકીને બધાં વગેસગે થાય એટલે ઝાડમાં કાંઇક શાંતિ જામે. પછી આસ્તેઆસ્તે આખું ટોળું ઊંઘવા માંડે ને જે સ્થળ કલહથી ઊકળતા આંધણ પેઠે ઊભરાતું હોય તે જ ફરી નીરવ શાંતિવાળું બની જાય.

એમના શયનનો વિધિ પણ અપૂર્વ છે. એક જ પગે ડાળ પકડીને ઊંધાં લટકે અને પછી બીજા પગે તથા હાથે પાંખની ચામડીના પછેડાથી આખું શરીર લપેટી ઢાંકી દે! દાઢી છાતી સાથે દબાવીને માથું ઊંચું વાળે ને પછી નીરાંતે ઊંઘે. આમ આખો દેહ ચામડીથી ઢંકાય એટલે વરસાદથી પલળતાં અને ઉપરથી નીતરતા એમના જ પેશાબમાં નહાતાં એ અને એની કેશવાળી બચી શકે છે. તેમજ ટાઢતડકાથી પણ આ રીતે થોડુંઘણું એને રક્ષણ મળે છે.

વનવાગળાં જેવાં ગંદાં અને ગંધાતાં પ્રાણી ભાગ્યે જ હશે. એમના ઝાડ નીચે જુઓ તો ચાવેલાં ફળોના કૂચા અને ઠળિયાનો ઊકરડો પથરાયો હોય. એમના જ પેશાબથી એમનાં આખાં શરીર, ઝાડનાં ડાળાં, પાંદડાં અને હેઠેની જમીન ચીકણી દુર્ગંધવાળી થઇ હોય (એની આ ટેવને લીધે એનું નામ तैलपायिका પડ્યું હશે). એના પેશાબની અસરથી તો ઝાડનાં પાંદડાં યે મરીને ખરી પડે છે. આટલું અધુરૂં હોય તેમ પ્રકૃતિએ એના નરના—ક્વચિત માદાના પણ—શરીરમાં એક રસગ્રંથિ મૂકી છે: કસ્તુરીમૃગના નાભિ પેઠે;—જેમાંથી અત્યંત ઉત્કટ અસહ્ય ગંધ નીકળે છે જેથી એના વસવાટની આસપાસનું વાતાવરણ દુર્ગંધમય બની જાયછે.

વનવાગળાં એમનાં નિવાસસ્થાન ઘડીએ ઘડીએ બદલતાં નથી. વર્ષો સુધી એકના એક જ ઝાડ પર એ રહે છે. મારા જાણવામાં આવાં બે સ્થાન છે. એક સ્થળે તો એક જ ઝાડ પર છેલ્લાં ત્રીસ વર્ષથી વનવાગળાંને રહેતાં હું જોતો આવ્યો છું. એ બધાં એકનાં એક જ હશે કે એમાં બીજાં ઉમેરાયાં હશે, અથવા તો એક ટોળું ખાલી કરીને ગયું ને બીજાએ એનું સ્થાન લીધું,—એ જાણવાને મારી પાસે કાંઇ સાધન નથી. પણ કોઇ પણ વરસ એ સ્થાન સૂનું તો નથી જ પડ્યું એટલું તો નક્કી જ.

તમે ઝંદાઝુલણની ભવાઇ જોઈ છે? સુપ્રસિદ્ધ પરાક્રમી પુરુષ અડવા શાહની જુવાનપત્ની તેજાંએ દિલ્હીના બાદશાહના ફકીર વેશે આવેલા કુંવર ઝંદાને જે કૂવાની પાળે પ્રેમના કોલ દીધા તે કૂવાની ઉપર છાયા ઢાળીને એક વિશાળ આમલીનું વૃક્ષ ઊભું છે. આ ઝાડ જ પેલાં વાગળાંનું નિવાસસ્થાન. આસપાસ ગમે તેટલાં માણસોનો અવરજવર કે પાસેના તળાવમાં ઢોરઢાંખરનો પગરવ હોવા છતાં, તેમજ પાણીઆરીઓના વાર્તાલાપ ને ક્વચિત કૂવાકાંઠે ઠલવાતાં હૈયાંના શોરબકોરમાં પણ એ વાગળાં નીરાંતે લટકી રહ્યાં છે. આ મેં જોએલું તે પહેલું સ્થાન.

આવું બીજું એક સ્થાન અમદાવાદની વચ્ચોવચ એલિસબ્રિજની ઊગમણી ભાગોળે હતું. વિક્ટોરિયા ગાર્ડનના ઝાંપા આગળ રસ્તાની વચ્ચોવચ આમલીનું વિશાળકાય ઝાડ છે. એની એક ડાળે વનવાગળાંની મોટી ફોજ રહેતી હતી. સને ૧૯૧૪માં હું પહેલવહેલો આ શહેરમાં આવ્યો ત્યારે ત્યાં મેં એ પશુઓને જોયાં હતાં. તે પહેલાં કેટલાં વરસથી એ રહેતાં હતાં તે હું નથી જાણતો, પણ સને ૧૯૧૪થી છેક ૧૯૩૦ સુધીના ગાળામાં સળંગ આ એક ઝાડ વનવાગળાંનો અખાડો બની રહ્યું હતું. મોટરોનો ભયંકર ઘોંઘાટ અને ગાડીઘોડા તેમજ માણસોના અવરજવરમાં પણ આ વનવાગળાંનો આત્મપરિતોષ કદી યે વિક્ષિપ્ત થયો દેખાતો નહતો. એમના સહવાસમાં પાસેની ડાળે ધોળાં બગલાં (Cattle Egrets)ની જબરી જમાત—Heronry રહેતી. સવારે એ બંને (વાગોળ ચરીને પાછાં આવતાં હોય અને આખી રાત ઊંઘેલાં ભૂખ્યાં બગલાં ચરવા જતાં હોય) મોં છૂટાં મૂકે ત્યારે ગાઉગાઉમાં ઊભા રહેવું ભારે થઇ પડતું. અધૂરામાં પૂરૂં એમના શરીરનો—વાગળાંના મૂત્ર વગેરેનો અને બગલાંના આમિષાહારનો દુર્ગંધ એમાં ભળતો ત્યારે તો તે સ્થળેથી નીકળવું અસહ્ય થઇ પડતું. છતાં એમના સમાજજીવન--Gregarious natureનું અવલોકન કરવાની મઝા પડતી.

પણ અમદાવાદીઓ ક્યાં ગુણજ્ઞ છે? એમને આ નિર્દોષ પશુપંખીઓનો વસવાટ અસહ્ય લાગ્યો. અમદાવાદની મ્યુનિસિપાલિટી–(કેવળ) મનુષ્યપાલયિત્રીએ હુકમ છોડ્યો કે છે કોઇ હાજર! આ ગડબડિયાંને વિદાય કરો. પછી તો એમનો ઇજનેર મથ્યો; એના માણસો મથ્યા. ભડાકા કર્યા; કંઇકંઇ કર્યું. પણ આ વાગળાં એમ જાય? એમણે તો પહેલાં આ બધાંમાં માણસની રમતીઆળ વૃત્તિ જોઈ. પણ આખરે તો એ ય થાક્યાં. ધિક્કારની એક નજર કરી વાગળાં અને એમનાં પડોશીઓએ એ સ્થાનનો ત્યાગ કર્યો. બગલાં ક્યાં ગયાં તે જણાયું નથી, પણ વનવાગળાંએ તો વિક્ટોરિયા ગાર્ડનની પાસે જ, ઓતરાદે,અમદાવાદના ફર્સ્ટ ક્લાસ સિટી મૅજીસ્ટ્રેટની કોર્ટના કૅમ્પાઉન્ડમાં ધામા નાખ્યા. પહેલાં તો સંકડાશે ગોકળાશે એક જ ઝાડ પર રહેતાં: હવે આ નવા મુકામે પીંપળા, લીમડા વગેરે મળી ખાસાં આઠ ઝાડ એમણે બથાવ્યાં છે. રોજ સવાર થાય છે ને પડકાર કરે છે કે હે મનુષ્યપાલયિત્રી! લે લેતી જા. માણસ કાજે તેં અમને કાઢ્યાં. પણ અહીં તારાથી શું થાય એમ છે? હવે તો અમે પડ્યાં છીએ સરકાર માબાપના આશરે: એના ન્યાયાસનની છાયામાં. અહીં અમને કોણ રંજાડનાર છે? છે ગુંજાશ?



ચામાચીડિયાની પાંખ

હાથ અને પગને સાંધતી તથા પૂંછડીને ઢાંકી દેતી 'પાંખ'ની આ ચામડીનો વિસ્તાર પક્ષીની પાંખથી મોટો હોવાથી ચામાચીડિયાં પક્ષી કરતાં વધારે ઝડપથી ઊડી શકે છે.

તમે કદી ભદ્રમાં ગુજરાત પ્રાંતિક સમિતિના મકાને જાઓ તો સામે જ કોર્ટના વાડામાંથી તમને વન-વાગળાંના આ ઉદ્ગાર સંભળાશેઃ જરૂર.

વનવાગળાં આમ તો ટોળે મળીને રહેનારાં; પણ ઊડે ત્યારે છૂટાંછવાયાં. બેત્રણ પાસેપાસે ઊડે, પણ એમનો ય પરસ્પર સંસર્ગ તો નહિ જ.

ગયા ઉનાળે સાબરમતીના મોટી ગાડીના સ્ટેશને એક દિવસે સાંજે હું ઊભો હતો. ત્યાં ઊગમણી દિશા-માંથી આવીને સાબરમતી જેલની ભણી વનવાગળાં જતાં હતાં. અરધોએક કલાક હું ઊભો હોઈશ એટલામાં આશરે બસો જેટલાં વાગળાં ત્યાં થઈને ગયાં હશે. પણ એક પણ વખત બેત્રણથી વધારે સંખ્યામાં ભેગાં ઊડતાં દેખાયાં નહોતાં.

વાગળ ઊડે ત્યારે પગ પાછળ લાંબાપહોળા કરીનેઃ જાણે બે પૂંછડીઓ હવામાં ફરકતી ન હોય! કારણકે એના પગ, વચ્ચેથી અન્ય જીવાતખાઉ ચામાચીડિયાં પેઠે ચામડીથી સંધાએલા નથી હોતા, પણ છૂટા હોય છે.

એની ઊડવાની રીત સીધી, એકધારીઃ ખંજન જેવી ઊંચેનીચે ઉદ્ભ્રાંતિની નહિ. ઝડપ ભારે. પંખીઓ પણ ઊડે છેઃ પણ ચામાચીડિયાં જેટલી ઝડપથી નહિ. કારણ પંખીઓની પાંખો એટલે એમના હાથ એકલા જ. જ્યારે ચામાચીડિયાંની પાંખમાં તો હાથ, પગ, પગની વચ્ચેનું બોડીબાઝું ને પડખાં—બધું યે સમાય. એટલે એક જ વખત પાંખ હલાવીને ચામાચીડિયું પંખી કરતાં ત્રણ ચારગણી હવા એકેસપાટે વીંઝી શકે છે.

વનવાગળાંને પાણી ભાવે છે, પણ એમની પાણી પીવાની રીત જુદી. કોઇ જગ્યાએ તળાવ કે નદી પર પાણીમાં ઢૂકે એવું ઝાડ હોય તો તેની ડાળીએ ઊંધાં લટકીને પાણીમાં મોં બોળી લપલપ કરતાં પીએ. નહિતો પછી સાંજે જ્યારે આહાર શોધવા નીકળે ત્યારે રસ્તે આવતાં તળાવમાં પાણીની લગોલગ ઊડતાં જાય ને પાણી મોંમાં ભરતાં જાય. શોખીન પણ એવાં કે ક્વચિત પાણીને બદલે તાડના ઝાડ પર લટકાવેલાં ડોઘલાંમાંથી તાડી પણ પીએ. પછી ઘેનમાં આવી ડોલતાં જાયઃ લથડાતા અવાજે કીકિયારી પાડે ને નીરાંતે આખો દહાડો ઊંઘે.

ચામાચીડિયાંના આખા વર્ગમાં સૌથી મોટાં પશુ આ વાગળ જ છે. આપણી વનવાગળ ખાસા એક ફૂટ લાંબા દેહવાળી. એની પાંખો પહોળી કરીએ તો ચાર ફૂટ થાય. દુનિયામાં સૌથી મોટામાં મોટી વાગળ **'Kalang'** કાલાંગ નામની મલાયામાં થાય છે. એનું શરીર ૧૪ ઇંચ લાંબું અને પાંખો પૂરા ૫ ફૂટ પહોળી.

વનવાગળાના શરીરનો રંગ કાળાશપડતો કે ઘેરા છીંકણી રંગનો. માથું અને ગરદન જુદી છાયાવાળાં. બોચી, ખભા, છાતી તથા પેટનો ઉપલો ભાગ રતાશ પડતા પીળા કે પરાળના જેવા આછા સોનેરી રંગનાં—ક્વચિત મેલા કાટ જેવાં, બદામી રંગનાં—રૂવાંથી ઢંકાએલાં હોય છે. એના કાન રૂવાંટી વિનાનાઃ છેડેથી અણીદાર. પાંખની ચામડી ઘેરા તપખીરીઆ રંગની. એના નીચેના ભાગમાં શરીરની અડોઅડ વાળ ઊગ્યા હોય છે. એને પૂંછડી નથી હોતી.

એ માર્ચ–એપ્રિલમાં બચ્ચાં જણે છે. ધારીએ તો વનવાગળાંને સહેલાઇથી પાળી શકાય છે.

આ ચામાચીડિયાં

આ પ્રાણી પણ આપણને ખૂબ પરિચિત છે. એનો બિભત્સ દેખાવ, બેડોળ આકાર, ઝાંખો ધુમાડા જેવો રંગ, ખૂણેખાંચરે અંધારામાં ભરાઇ છુપાઇ રહે-વાની એની ટેવ, રજ પણ અવાજ કર્યા સિવાય અત્યંત ઝડપથી જીવાત માટે આખી રાત ઘરમાં, આંગણામાં કે પોળમાં આમતેમ આડાંઅવળાં ચક્કર મારવાનો સ્વભાવ,—આ બધું કોને અજાણ્યું છે? આ અંતર્વર્ગનાં ચામાચીડિયાં મુખ્યત્વે માંસાહારી એટલે જીવાત ખા-નારાં છે. એમનાં મોં વાગોળના જેવાં લાંબાં નથી

હોતાં, પણ ટૂંકાં હોય છે. વાગોળની પેઠે એમના શરીરે રૂપાળી કેશવાળી નથી હોતી. કોઇ પૂંછડીવાળાં તો કોઇ બાંડાં. વળી કેટલાંક ચામાચીડિયાંના નાકના ટેરવે 'ચર્મપત્ર' પણ હોય છે. એમના બે પગ વચ્ચેનો ખૂણો ચામડીથી સંધાએલો હોય છે. આ જાતના પશુ આખી રાત જીવાત પકડે ને દિવસે ઘરનાં છાપરાં, અવાવર મંદિર કે મસ્જિદ વગેરે સ્થળે અંધારામાં ભરાઇ બેસે. સવારે પણ ઘણીવાર સૂરજ ઊગે ત્યાં સુધી એ ભમતાં દેખાય છે. આપણે ત્યાં સૌથી વધારે પ્રમાણમાં જોવામાં આવતું ચામાચીડિયું તો સાંજે સૂરજ હોય તે વખતે નીડરતાથી ચરવા માટે બહાર નીકળે છે. એ વખતે એ અબાબીલ–swallows–ના ટોળામાં ભમતું નજરે પડે છે. બધાં ચામાચીડિયાં સ્વભાવથી જ એકલવાયાં હોઇ કોઇ દિવસ વાગળની પેઠે ટોળાં બાંધીને રહેતાં કે ફરતાં નથી. કહેવાય છે કે ઉત્તર હિંદમાં ચામાચીડિયાં આખો શિયાળો ઊંઘી જાય છે અને આહાર શોધવા બહાર નીકળતાં દેખાતાં નથી. પણ આપણે ત્યાં શિયાળામાં રાતે વનવાગળાં ક્વચિત અને ચામાચીડિયાં રોજ ફરતાં દેખાય છે.

આખા હિંદુસ્તાનમાં આ માંસભક્ષક ચામાચીડિયાંની સોએક જાતો થાય છે. એમાંની ઘણીખરીની જીવનચર્યા તો કોઇ જાણતું નથી. આપણે જેને ડેરહેર જોઇએ છીએ એ ચામાચીડિયું—Indian Pipistrelle—શાસ્ત્રીય સંજ્ઞા (Vespertilis Abramus) નામે અંગ્રેજીમાં ઓળખાય છે. એના પગ વચ્ચેની ચામડીમાં પૂછડી છુપાઇ ગએલી હોવાથી નજરે પડતી નથી.

આ વર્ગનું એક Vampire (Phylastomidae) નામનું ચામાચીડિયું અમેરિકામાં થાય છે. એને નાકે 'ચર્મપત્ર' હોય છે. સ્વભાવે ઘણું જ ક્રૂર હોઈ એ ઢોર, ઘોડા, ખચ્ચર અને વખતે માણસનું પણ રૂધિર પીએ છે. રાત પડે અને એ ફરવા નીકળે. લાગ ફાવે કે તરત વાડામાં પૂરેલાં પશુઓને વળગે. માણસ ગાફલપણે ઊંઘતો હોય તો એના શરીરે ચોંટતાં પણ આંચકો ન ખાય. એવી સિફતથી લોહી પીએ કે તરત તો એના દંશની ખબર પણ ન પડે: જેમ ઊંદર ફૂંકતો જાય છે ને પગ કરડતો જાય છે તેમ. આ વિભાગનાં બધાં ચામાચીડિયાંના દાંત અત્યંત તીણા હોય છે.

આવી અપૂર્વ જીવનચર્યાવાળા આ પ્રાણીને હું જોઉં છું ત્યારે મારા મોંમાંથી નીકળી પડે છે કે, त्वमेवचमत्कृतिः—પ્રકૃતિના સુનિયંત્રિત સંસારમાં પણ તું એક જ અપવાદરૂપ અનિયંત્રિત અજબ ઉત્પત્તિ છે !

સ્મરણયાત્રા [મોટાભાઇની શક્તિ]

. . . . . (અનુસંધાન પાછળના પાન ૪૪૮થી)

એટલે પિતાશ્રીનો પક્ષ તાણવો એ જ સહેલો માર્ગ હતો. પણ બાબાને આજે આમ એકદમ પક્ષાંતર કરતા જોઇ મારા આશ્ચર્યનો પાર ન રહ્યો. બાબાની છાપ જ એવી હતી કે ઝાઝું બોલાય જ નહિ. હું સીધો પાછો આવ્યો અને રીપોર્ટરની પેઠે મોટાભાઇનો સંદેશો બરાબર બોલી ગયો. એ વખતે પિતાશ્રીને શું થયું હશે એની કલ્પના આજે થાય છે. પોતે કોઈ કાળે ચીડાય નહિ તે ચીડાયા અને આકરૂં બોલાઇ ગયું; બાને ભારે દુ:ખ થયું; હું ભૂખ્યો અહીંથી ત્યાં ને ત્યાંથી અહીં દોડાદોડી કરૂં છું; ગોંદુ જમવાનું છોડી પિતાશ્રીના મોઢા તરફ તાકીને જુએ છે; અને બાબા જે કોઇ કાળે સામો ઊભો પણ ન રહે તે આવો સંદેશો મોકલે છે ! કેટલા ય વખત સુધી તેઓ બોલ્યા જ નહિ. આખરે કાંઇક મુસ્કેલીથી બોલ્યા: 'એને કહેજે કે જમવા આવી જાય.' હું શું જાણું કે આ વાક્યમાં બધું જ આવી જતું હતું ? મેં કહ્યું કે 'આમ તે નહિ આવે.' એટલે પિતાશ્રી મારા પર ખીજાયા. પણ ખીજાઇને કંઇ બોલે એ પહેલાં જ હું ત્યાંથી ખસી ગયો. મને થયું કે આવા સંદેશા આજે કેટલા લઈ જવાના હશે તે કોણ જાણે. પણ ગયો તો ખરો, અને બાબાને બરાબર કહ્યું. અને શું આશ્ચર્ય ! જરા યે આનાકાની કર્યા વગર અને કાંઇક સંતોષથી મોટાભાઇ જમવા આવ્યા.

આ પ્રસંગનું રહસ્ય મારા ધ્યાનમાં તે વખતે બીલકુલ ન આવ્યું તેથી જ એ પ્રસંગ ધ્યાનમાં રહ્યો. અને સાચે જ, તે દિવસથી તે બાના અંત લગી કોઇ કાળે પિતાશ્રીએ બાની બાબતમાં પોતાનો મિજાજ ખોયો નહિ. મોટાભાઇમાં આટલી શક્તિ હશે એનો મને ખ્યાલ સરખો યે ન હતો. જેમજેમ એ પ્રસંગને યાદ કરૂં છું તેમતેમ પ્રેમનો કાયદો વધારે ને વધારે સમજતો જાઉં છું અને આખરે મન સાથે નિશ્ચય થાય છે કે પ્રેમનું સામર્થ્ય અમોઘ છે. પ્રેમ એ જ સાર્વભૌમ અને સર્વશક્તિમાન છે. **દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર**

કુમારનો
શરીરવિકાસ વિભાગ

અખાડો

નિરીક્ષક
શ્રી હરિનારાયણ આચાર્ય

બે ઉપયોગી પ્રકાશનો

[૧]

કોઈ પણ શાસ્ત્રીય વિષય જ્યારે અંગ્રેજી ભાષામાંથી દેશી ભાષામાં ઉતારવાનો હોય છે ત્યારે પહેલી મુશ્કેલી યોગ્ય પરિભાષાની નડે છે. શરીર-રચનાનો વિષય શાસ્ત્રીય છે. શરીરનાં વિવિધ અંગો તથા તેનાં ઘટક તત્ત્વો માટે અંગ્રેજી ભાષામાં જે પરિભાષા વપરાય છે તેના પર્યાય દેશી ભાષામાં નથી જડતા, એટલે અંગ્રેજી શબ્દો નિરુપાયે વાપરવા પડે છે. દા.ત. પ્રત્યેક વ્યાયામની ઉપાસના કરનારને 'બાઇ-સેપ્સ' નામનો સ્નાયુ પરિચિત છે. એ શબ્દનો ધાત્વર્થ 'બે મૂળવાળો' એવો છે. પણ જ્યાં સુધી એનો વાચ્યાર્થ દર્શાવનાર તદ્ભવ કે દેશી ગુજરાતી શબ્દ ન મળે ત્યાં સુધી આવો અંગ્રેજી શબ્દ વાપર્યા વિના છુટકો નથી થતો. કેવળ વ્યાયામના વિષયમાં જ આવી અડચણ આવે છે એવું કંઇ નથી. જેમને જેમને શરીરરચના સાથે હંમેશાં વ્યવહાર કરવો પડે છે એવા વૈદ્યો અને ચિત્રકાર તથા મૂર્તિકાર-શિલ્પીઓને પણ આવી જ અડચણ પડે છે. આ ઉણપ ત્યારે જ ટળે કે જ્યારે શરીરશાસ્ત્રની વિશ્વસનીય પરિભાષા રચાય. યુરપ વગેરે દેશોમાં કોઇપણ વિષયની નવી પરિભાષા રચવામાં ગ્રીક ને લૅટિન ભાષાઓનો ઉપયોગ થાય છે. જપાનીઓ સ્વભાષાનો જ વપરાશ વધારે છે. આપણા દેશમાં આવી પરિભાષા રચવામાં સંસ્કૃતનું અવલંબન કરવું પડે છે. એટલે જ શરીરશાસ્ત્રનો પ્રથમ શાસ્ત્રીય ગ્રન્થ આપણે ત્યાં સંસ્કૃતમાં રચાયો છે. એનું નામ प्रत्यक्षशारीर. એના લેખક બંગાળના ખ્યાતનામા કવિરાજ ગણનાથ સેન છે. Anatomy જેવા નીરસ વિષયનો અત્યંત સુંદર અને સરળ સંસ્કૃત ભાષામાં લખાએલો આ ગ્રન્થ અત્યારે હિંદુસ્તાનમાં સર્વોત્કૃષ્ટ મનાય છે. આપણા સદ્ભાગ્યે ગુજરાતમાં એનું ભાષાંતર શ્રી બાલકૃષ્ણ અમરજી પાઠકે કર્યું છે. શ્રી પાઠક નવી પદ્ધતિનું શિક્ષણ પામેલા નિષ્ણાત દાક્તર છે એ સાથે પ્રાચીન આર્ય વૈદકના તલસ્પર્શી અભ્યાસી છે. એટલે એમના હાથે થએલું આ ભાષાંતર શુદ્ધ અને સરળ થયું છે. શ્રી ગણનાથ સેનના કથનથી જ્યાં પોતાનો ભિન્ન મત હોય છે ત્યા એમ કહેવાની નીડરતા એમણે દર્શાવી છે. શરીરને સુંદર રચવા ઇચ્છનાર પ્રત્યેક વ્યાયામપ્રિયને આ ગ્રંથ ખૂબ ઉપકારક નીવડશે. જેનો વાચ્યાર્થ પણ ન સમજાય એવા અંગ્રેજી શબ્દોવાળાં ઍનેટામીનાં પુસ્તકો રાખવા કરતાં અત્યંત સરળ ભાષામાં શરીરશાસ્ત્રનું જ્ઞાન આપનાર આ ગ્રન્થ પ્રત્યેક વ્યાયામશાળાએ રાખવા જેવો છે. એમાં આપેલી પરિભાષાના થોડા નમૂના જુઓ:

Muscle: માંસપેશી, પેશી ('સ્નાયુ' નહિ)
Trapezius: પૃષ્ઠચ્છદા
Rhomboid: અંસાપકર્ષિણી
Deltoid: અંસચ્છદા
Biceps: દ્વિશિરસ્કા
Triceps: ત્રિશિરસ્કા
Pectoralis major: ઉર:પ્રચ્છદા, ગુર્વી
,, minor: ,, લઘ્વી
Serratus magnus: અગ્રિમારિત્રા
Latisimus Dorsi: કટિપાર્શ્વચ્છદા
Sartorius: દીર્ઘયામા
Thigh Flexors: ઉરૂપ્રસારણી
Gastrocnemius: જંઘાપિણ્ડિકા

આ 'સ્નાયુ'ઓ (ગુજરાતીમાં રૂઢ શબ્દ સ્નાયુ છે, વાસ્તવિક રીતે 'પેશી' વાપરવો જોઇએ) પ્રત્યેક વ્યાયામોપાસકને પરિચિત હોવાથી જ એમની પરિભાષા નમૂના પૂરતી દર્શાવી છે.


[૨]

'હોલ્ડ હુકમદાર' 'હાલબેલ' આવા બોલ કોણે નથી સાંભળ્યા? લશ્કરનો દમામ રાખવા, પોલીસને કવાયત શીખવાડવામાં આવે. એના હુકમ અંગ્રેજી ભાષામાં અપાય. સાંભળનારો બીચારો દેશી ભાષામાં પોતાનું નામ પણ ન લખી શકતો હોય. તેને પાછું અંગ્રેજી ભાષામાં ઑર્ડર આપવાની ફરજ પાડવામાં આવે. એટલે 'હોલ્ટ, હુ કમ્સ ધેર' અને 'ઑલ વેલ'ની દશા ઉપર દેખાડ્યા જેવી બને. અંગ્રેજી ભાષાનો આવો

ત્રાસ સ્કાઉટિંગમાં પણ હોય છે. અર્થાત જ્યાંજ્યાં સંઘવ્યાયામ કરવાનો હોય ત્યાંત્યાં હુકમ માટે અંગ્રેજી વાક્યો વાપરવાં જ પડે એવો ધારો પડી ગયો છે. એ ત્રાસમાંથી છૂટવાનો ભગીરથ પ્રયત્ન શ્રીમાણિકરાવજી આજે વર્ષોથી કરતા આવ્યા છે. એમના 'સંઘ વ્યાયામ'ની નવી આવૃત્તિ હમણાં બહાર પડી છે. એમાં કવાયત તથા દેશી વ્યાયામ પદ્ધતિઓના હુકમ શુદ્ધ હિંદુસ્તાનીમાં આપ્યા છે. પ્રો. માણિકરાવને એમની વ્યાયામશાળામાં આ હુકમ આપતા જુએ તો ભલભલી Crack રેજીમેન્ટના ડ્રિલ સારજંટનાં પણ ગુમાન ગળી જાય, એવી મરદાનગી આ હુકમમાંથી નીતરતી દેખાય છે. પ્રત્યેક વ્યાયામશાળા તથા 'સ્કાઉટ ટ્રૂપો' આ પુસ્તિકાનો ઉપયોગ કરવા માંડે તો અંગ્રેજી ભાષાનો વળગાડ વગર ભૂવે ને વગર ધૂણે આપોઆપ જતો રહે.

સ્વાસ્થ્ય - શક્તિ - સૌન્દર્ય

ભાઇ પરશુરામ નંદાણી. ઉંમર ૩૦ વરસ, ઊંચાઇ ૫'૭", વજન ૧૩૫ રતલ. કરાચીના ગુજરાતી વ્યાયામ-પ્રિય. એમણે રોમન રિંગ્સ, ડંબેલ્સ, હૅન્ડ બૅલૅન્સિંગ, વગેરેના સતત અભ્યાસથી સુંદર, સુરેખ, ઘાટદાર શરીર કેળવ્યું છે. આખા શરીરનું ચિત્ર નથી એટલે એની પૂરી કીમત આંકવી શક્ય નથી. એ કેવળ જિમ્નૅસ્ટિક્સમાં જ નિષ્ણાત નથી, પણ મેદાની રમતોમાં પણ એમની કુશળતા ઉત્તમ પ્રતિની છે. હાથનાં આંગળાં વડે રમવાની દડાની રમત (Hand Ball) આ તરફ જાણીતી નથી, પણ સિંધમાં એ ખૂબ રમાય છે. એ ફાઇવ્ઝની રમતની દર વરસે કરાચીમાં જાહેર હરીફાઇ થાય છે જેમાં આખા સિંધના ખેલાડીઓ ભાગ લે છે. ભાઇ નંદાણીએ આ હરીફાઇમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે અને 'સિંધ ફાઇવ્ઝ ચૅમ્પીઅન'નું બિરૂદ છેલ્લાં ત્રણ વરસથી ભોગવે છે. આવું માન મેળવનાર એ પહેલા જ ગુજરાતી છે એ અત્યંત હર્ષની વાત છે.



નવાં પુસ્તકોની નોંધ

આલબેલ (કાવ્યસંગ્રહ): લેખક-કરસનદાસ માણેક, પ્રકાશક-મગનલાલ શેઠ, સોલ એજન્ટ-ગુજરાત પુસ્તકભંડાર કરાચી, ૧-૮-૦; **ગુજરાતની વનસ્પતિ** (કાઠિયાવાડ કચ્છ સાથે): લેખક-પ્રકાશક-સુરેશ દીક્ષિત, ત્રીજોરીવાળા બિલ્ડિંગ સાન્ટાક્રુઝ; **સરખેજનું રેખાદર્શન**: લેખક-પ્રકાશક-દેવદત્ત ઇચ્છાશંકર ત્રિપાઠી, ૦-૪-૦; **શ્રી ભારતધર્મ અને અંધારા રંગમહેલનો રાજા**: અનુવાદકો-નરસિંહભાઇ ઈશ્વરભાઇ પટેલ અને સેવાનંદજી, પ્રકાશક-સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય અમદાવાદ, ૧-૮-૦; **કાઠિયાવાડ-કમળા** (કાવ્યો): રચનાર અને પ્રકાશક-પ્રાણશંકર રાઘવજી વ્યાસ મુ. દેવળકી (કાઠિયાવાડ) થાણાદેવળી, ૧-૪-૦; **યુગાવતાર ગાંધી**: ખંડ પહેલો, લેખક અને પ્રકાશક-રામનારાયણ નાગરદાસ પાઠક, લોકોપયોગી સસ્તી ગ્રંથમાળા કાર્યાલય, પોરબંદર; ૨૧૦ પાનાં, સચિત્ર, બોર્ડનું પૂઠું, ૦-૭-૦; ટ. ખ ૦-૨-૯ **ગદ્ય-રત્ન-માલા** (મધ્ય હિંદની માધ્યમિક શાળાઓ માટેનું હિંદી પાઠ્યપુસ્તક): સંકલનકર્તા અને સંપાદક-મહામહોપાધ્યાય રાયબહાદુર ગૌરીશંકર હીરાચંદ ઓઝા, પ્રકાશક-એજ્યુકેશનલ પબ્લિશર્સ લિમિટેડ અજમેર, ૧-૪-૦; **ગૃહવિજ્ઞાન**: લેખક અને પ્રકાશક-રેવાશંકર ઓઘડભાઇ સોમપુરા ભાવનગર; ૦-૧૦-૦; **રાજીનામું**: લેખક-નટવર મ. પટેલ, ૦-૬-૦ તથા **બિલીપત્ર**: લેખક-રમણીક કી. મહેતા, ૦-૨-૦; પ્રકાશક-દીવેટિયા સન્સ, પાનકોર નાકા અમદાવાદ.

મુંબઇગરા સાવધાન!

જૂની વાર્તાઓમાં રાક્ષસ-રાક્ષસી આવે છે, જે 'માણસ ગંધાય, માણસ ખાઉં' કરતાં ફરે છે, અને માણસને દાઢે મૂકતાં નથી. એવા કાળસ્વરૂપ જીવ સાચે જ હશે કે નહિ તે તો ભગવાન જાણે; પણ વર્તમાન યુગમાં એક ભયાનક રાક્ષસી જાગી છે ને એનું નામ મોટર છે. આ રાક્ષસીએ હવે તો દિગ્વિજય જ કર્યો છે એમ કહી શકાય. એવા પ્રદેશ આપણા દેશમાં હજી પણ છે, જ્યાંના લોકોએ રેલગાડી ન જોઈ હોય; પણ મોટર તો ત્યાં પણ પહોંચી ગઇ છે. અને મોટર કેવી જીવલેણ છે એ જોવું હોય તો, જ્યાં જેટલી મોટર છે એટલી બીજે કદાચિત્ ક્યાંય નહિ હોય તે અમેરિકાનાં સંયુક્ત રાજ્યો (યુનાઇટેડ સ્ટેટ્સ)ના આંકડા વિચારવા. સ્ટુઅર્ટ ચેઇઝ નામે લેખકે ૧૯૩૨માં લખ્યા પ્રમાણે વર્ષેવર્ષે ૩૦,૦૦૦ અમેરિકનોનો ત્યાંના રાજમાર્ગો ઉપર વધ થાય છે; અને એ જ સંયુક્ત રાજ્યોમાં બે વર્ષથી ઓછા ગાળામાં એટલાં માણસોની મોટરે કતલ કરી, કે જેટલા અમેરિકન સૈનિકો વિશ્વવિગ્રહમાં માર્યા ગયા હતા. અને જેટલા સૈનિક વિગ્રહમાં ઘાયલ થયા હતા તેનાથી સાતગણાં માણસોને મોટરે ઘાયલ કર્યાં.

આ વિશ્વવ્યાપિની રાક્ષસીથી બચવાની કળા આપણે એકેએકે સાધ્યે જ છૂટકો છે. આ કળાને લગતી એક નાનકડી ચોપડી કલિકાતાની પોલિસે પ્રકટ કરી છે એને આધારે આ નીચેનું લખ્યું છે.

આપણી સાંકડી શેરી ઉપર મોટર જેવાં પવનવેગી વાહન ચાલશે એની શેરી કાઢનારને મન લેશમાત્ર કલ્પના નહોતી, એટલે એવાં વાહનના વ્યવહાર સારુ તે તદ્દન અયોગ્ય હોય છે. વળી ઘણાખરા રસ્તા ઉપર પગપાળાની રક્ષા સારુ કાંઇ વ્યવસ્થા જ હોતી નથી, અને ક્યાંક પગથી હોય છે તો તે એટલી સાંકડી હોય છે કે એનો ઉપયોગ ન થઇ શકે. એ પગથી ઉપર પણ પાછા કાં ફેરિયા બેઠા હોય, ને કાં હાટવાળાનો માલ કે લાકડફૂટ કે બેલાં કે એવું કાંઇ પડ્યું હોય. એટલે પગપાળાને ગાડીને માર્ગે જ ચાલવું પડે છે, અને સાવધાન ન રહે તો અકસ્માતના ભોગ બનવું પડે છે. તેથી સાવધાન કેમ રહેવું એની કેળવણી નાનાંમોટાં, ભણેલ–અભણ સર્વેએ અવશ્ય લેવી ઘટે છે. અક્ષર ન આવડે તો ચાલ્યું જાય, પણ જીવ બચાવતાં તો અચૂક આવડવું જોઇએ.

આપણામાં કહેવત છે કે 'ચેતતો નર સદા સુખી'. નેવું ટકા અકસ્માત માણસ ચેતતા રહેતા નથી એને લીધે થાય છે. અકસ્માતથી ચેતીને ચાલીએ તો અકસ્માતથી બચવા પામીએ. એટલે મુંબઇમાં ગિરગામથી ચોપાટી જવું હોય, અમદાવાદમાં ગાંધીરોડ ઉપર ચાલવું હોય, કે પછી અસલાલી કે બારેજાને પાદર ફરવું હોય,—મોટા નગરમાં હોઇએ કે નાના ગામડામાં, પણ હમેશાં ચારે દિશાએ ધ્યાન રાખીને ને ભયની અપેક્ષા રાખીને ચાલવું.

વેગ

બીજું, જૂનાં ધીમાં વાહન અને મોટરના વેગમાં મોટું અંતર છે તે લક્ષમાં રાખવું. મોટર કલાકના ૨૦ માઇલ ચાલતી હોય, તો તે એક સેકંડમાં ૩૦ પદ (ફૂટ)નું અંતર કાપે. ધીમા વાહનને એટલું જ અંતર કાપતાં લગભગ દસગણો વખત લાગે. સિપાઇનો જ્યાં અંકુશ ન હોય ત્યાં મોટર હાંકનાર કલાકના ૨૦ નહિ, પણ ૩૦–૪૦ માઇલને વેગે જતાં પણ આંચકો ખાતા નથી.

વળી, ધીમું વાહન બહુ તો ૧૦ પદની અંદર ઊભું રાખી શકાય, પણ મોટર ઊભી રહે રહે ત્યાં કેટલું ચાલી જાય એનો આધાર તો—

(૧) વેગ ઉપર રહે છે;

(૨) રસ્તાની સ્થિતિ ઉપર રહે છે. રસ્તો ભીનો કે લપસણો હોય ત્યારે મોટર ઊભી રહે એવી આશા રાખવી એ ભયને નોતરવા જેવું છે;

(૩) મોટરના રોકણિયા (બ્રેક)ની જાત ઉપર છે:

વેગ	રોકણિયું લગાડ્યા પછી મોટર ઊભી રહેતાં પહેલાં કપાતું અંતર
કલાકે ૨૦ માઇલ (બે પૈડે રોકણિયું)	૩૯ પદ
,, (ચાર પૈડે ,,)	૨૦ પદ
કલાકે ૩૦ માઇલ (બે પૈડે રોકણિયું)	૮૮ પદ
,, (ચાર પૈડે ,,)	૪૫ પદ

મથાળું ભલે એકલા મુંબઇગરાને ઉદ્દેશીને હોય, પણ આ લેખ તો, મુંબઇમાં ગિરગામથી ચોપાટી જવું હોય, અમદાવાદમાં ગાંધીરોડ ઉપર ચાલવું હોય કે પછી અસલાલી કે બારેજાના પાદરમાં ફરવું હોય—મોટા નગરમાં કે નાનાં ગામડાંમાં દરેક સ્થળે વસનારને ઉપયોગી છે.


કલાકે ૪૦ માઇલ (બે પૈડે રોકાણિયું)		૧૫૬ ફૂટ
,,	(ચાર પૈડે ,,)	૮૦ ફૂટ

(૪) હાંકનારના સ્વભાવ ઉપર રહે છે. અકસ્માત બનતો અટકાવવા સારૂ તાત્કાલિક કામ લેવાનું હોય એવી અણીની વેળાએ ભલભલા અનુભવી હાંકનારની મતિ પણ મુંઝાઇ જાય છે. પોતાની તદ્દન પડખે જ બીજાં વાહન અથવા માણસ હોય તેમજ રસ્તાની સપાટી કોણ જાણે કેવી હોય, તેથી કરીને ભારે સાવધાન હાંકનાર પણ ભાન ભૂલી જાય છે. એટલે આપણે જ સંભાળીને ભયથી આઘા રહેવું, સામા માણસને વિશ્વાસે ન રહેવું.

રસ્તા કેમ ઓળંગવા?


રસ્તા ઓળંગતાં સીધી લીટી લેવી, જેથી પાસે આવતાં વાહનમાત્ર આંખે ચડે. આડા ચાલતાં વાહન તરફ આપણી શિહ આવે, ને પાસે આવતાં વાહન દેખાય નહિ.

તરભેટા કે ચોભેટા આગળ રસ્તો ઓળંગવો હોય તો ભેટે જ ન ઓળંગવો. ભેટા ઉપર વાહનની સંખ્યા, ત્યાં મળતા રસ્તાઓ ઉપર હોય તે કરતાં હમેશાં ઘણી વધારે હોય છે. એટલે એક રસ્તો બીજાને મળી જાય તે પહેલાં તેને ઓળંગી લેવો. રસ્તાની અધવચમાં પગપાળા સારૂ વીસામો હોય તો વીસામાવાળી જગ્યાએ જ રસ્તો ઓળંગવો, જેથી જરૂર પડે તો વાહનનું વેન રહે ત્યાંની વાટ જોઇ શકાય. તરભેટા આગળ સિપાઇ ઊભો હોય, તો સિપાઇએ વાહન રોક્યાં હોય તે વેળાએ સિપાઇના મોઢા આગળ થઇને રસ્તો ઓળંગવો. એકબીજાનો હાથ ઝાલીને રસ્તો કદાપિ ન ઓળંગવો, કેમકે એમ કરતાં ગભરાઇ જવાય.




ઉપરની તરભેટાની આકૃતિમાં——ક આગળ ઓળંગવું ..... ખ આગળ નહિ.


'ખ' આગળ ઓળંગવામાં જોખમ છે. એક તો, 'ક' વાળી જગ્યાઓની વચ્ચે ભેટા ઉપર 'ક' આગળ હોય એના કરતાં ચારગણાં વાહન હોય છે. વળી 'ખ' આગળ ઓળંગતાં પગપાળાને ગાડીમાર્ગે ઝાઝો કાપવો પડે છે, અને એ ઠેકાણે ગાડી કઈ તરફ જાય તે અનિશ્ચિત હોય છે, એટલે પણ અકસ્માતનું જોખમ વધે છે.



આ આકૃતિમાં બનાવ્યા મુજબનો ચોભેટો હોય ત્યાં ક આગળ ઊતરવું, ... ખ આગળ નહિ.
વી=પગપાળાનો વિસામો.



આ પંચભેટામાં ══ક આગળ ઊતરવું. ...... ખ આગળ નહિ. વી=પગપાળાનો વીસામો.



આવા ચોભેટામાં——ક આગળ, કે ——ગ આગળ ઊતરવું; ..... ખ આગળ નહિ. બે=બેટ.

જેને અડખેપડખે વાહન ઘડિયાળના કાંટાની પેઠે ફરતાં હોય એવો બેટ ચોબેટાની મધ્યમાં હોય તો કાં 'ગ' આગળ ઊતરવું, જ્યાં બીજે ક્યાંય કરતાં રસ્તાની પહોળાઇ ઓછી છે; અથવા 'ક' આગળ. અર્થાત્ બેટાના ખૂણાથી ઓછામાં ઓછા ૫૦ પદ દૂર ઊતરવું. ખૂણાની નિકટમાં ઊતરવામાં જોખમ છે, કેમકે આ ઠેકાણે વચલા બેટની સતત પ્રદક્ષિણા કરતાં વાહનની ભીડ હોય છે.

પગપાળાના ષોડશગ્રંથ

૧ ગાડીમાર્ગે ન ચાલવું. પગથી હોય ત્યાં પગથી જ વાપરવી; પગથી ન હોય ત્યાં માર્ગને જમણે પડખે ઠેઠ છેડા ઉપર ચાલવું, જેથી પાસે આવતાં વાહન–માત્ર નજરે ચડે.

૨ ચાલતા વાહનથી ધૂળની ડમરી ચડે તો ધૂળ બેસી જાય ત્યાં લગી ખમી જવું, ને બધું દેખાવા માંડે પછી ચાલવું. ધૂળના ગોટામાં ન ચાલવું.

૩ જમણી બાજુ પહેલાં નજર કરી લેવી ને પછી પગથી નીચે પગ મૂકવો.

૪ જમણી બાજુથી વાહન નથી આવતાં એની ખાત્રી કર્યા વિના ટ્રામના મોઢા આગળ રસ્તો ઓળંગવો નહિ.

૫ તમારો માર્ગ નિષ્કંટક છે અને એકે બાજુથી વાહન આવતાં નથી, એની પ્રથમ ખાત્રી કર્યા વિના ટ્રામની પાછળ રસ્તો ઓળંગવો નહિ.

૬ તરભેટામાં ખૂણા આગળથી ઊતરવું નહિ. એ ઠેકાણે વાહનની ભીડ હોય છે.

૭ રસ્તો ઊતરતાં અચકાવું નહિ. અચકાવાથી આવતા વાહનનો હાંકનાર મૂંઝવણમાં પડે છે.

૮ આડા ન ઊતરવું. આડા ઊતરવાથી વધુ ચાલવું પડે, તથા પાછળથી આવતાં વાહન જોવામાં અગવડ થાય.

૯ તમારા મિત્રનો હાથ ઝાલીને અથવા એક લુગડું બીજા સાથે બાંધીને રસ્તો ઓળંગવો નહિ.

૧૦ વાહન પાછળ દોડવું નહિ. વાહન કદાચ ઓચિંતું અટકી જાય, ને તમને વગાડે.

૧૧ ચાલતા વાહન ઉપરથી ઊતરવું નહિ, ઊભું રહી જાય ત્યાં લગી ખમવું સારું છે.

૧૨ પગથી રોકવી નહિ ને બીજાને રોકવા દેવી નહિ. સ્વાર્થીપણા કે અવિચારીપણાથી બીજાને અગવડમાં ન મૂકવા.

૧૩ ઊભેલા વાહન પાછળ ઊભવું નહિ. હાંકનાર એને કદાચ એકદમ વાળે ને તમને પાડી નાખે.

૧૪ પાસે આવતી ટ્રામગાડીઓ કઇ દિશામાં જાય છે એ પ્રથમ નક્કી જાણ્યા વિના ટ્રામબેટો ન ઓળંગવો.

૧૫ મિત્ર વાહન હાંકતો હોય ત્યારે વાતો કરીને એનું ધ્યાન ખેંચવું નહિ.

૧૬ વાહન ઉપર અંકુશ રાખનાર સિપાઇની પાછળથી રસ્તો ઓળંગવો નહિ. એથી એ તમને જોઇ શકે નહિ, ને એની મદદ તમને ન મળી શકે.

પગપાળાની પંચદશી

૧ સદાય ભયથી ચેતતા રહેવું.

૨ કર્તવ્યારૂઢ સિપાઇની આજ્ઞા માનવી.

૩ જ્યાં વિસામા ને બેટ હોય એવે સ્થળેથી ગાડીમાર્ગ ઓળંગવો.

૪ સીધી લીટીએ માર્ગ ઓળંગવામાં વધુ સુરક્ષિતતા છે, તમારા ગન્તવ્ય પ્રત્યે એ ટૂંકામાં ટૂંકો રસ્તો છે, અને બધાં પાસે આવતાં વાહન તમે જોઇ શકો છો.

૫ તમારી પડખેનાં વાહન સિપાઇએ રોક્યાં હોય ત્યાં જ મારગ ઓળંગવો, અને ડાબી તરફ જનારાં વાહન જોતા રહેવું.

૬ હઠીલા હાંકનારને હમેશાં મારગ આપવો.

૭ ગાડીમાંથી પાસેની બાજુએ હમેશાં ઊતરવું, ને તમારો ગાડીવાળો પગથી આગળ તમને ઉતારે એવો આગ્રહ રાખવો.

૮ ટ્રામમાંથી ઊતરતાં પહેલાં ખાત્રી કરવી કે પાછળથી વાહન તો આવતાં નથી.

૯ ચાલતા વાહનમાંથી ઊતરવામાં જોખમ છે. પણ ઊતરવું જ હોય તો જે દિશામાં વાહનની ગતિ હોય એ દિશામાં મોઢું રાખીને જ ઊતરવું, જેથી જોખમ ઓછું થાય.

૧૦ બાળક, અંધ તથા લૂલાંપાંગળાંને ગાડીમાર્ગે ઊતરવામાં સહાય કરવી.

૧૧ ટ્રામની આગળપાછળ રસ્તો ઊતરતાં જમણી ને ડાબી બંને બાજુએ નજર કરી લેવી.

૧૨ બસ ઉપર ચડવું હોય તો પગથી ઉપરથી ચડવું.

૧૩ નગરચર્ચા પગથી ઉપરથી જોવી ઉત્તમ છે; ગાડીમાર્ગેથી જોતાં ઇસ્પિતાલ દેખાઇ જવાનો ડર રહે છે.

૧૪ મિત્ર હારે ચાપડા મારવા હોય તો પગથી ઉપર રહીને જ મારવા.

૧૫ ઘર છોડો ત્યાંથી તે ઘેર પાછા આવો ત્યાં લગી 'અરે મન, સમજ સમજ પગ ધરીએ' એ સૂત્રને તમારો ભોમિયો બનાવવો.

દેસાઈ વાલજી ગોવિન્દજી

હાથમાં હતી તે નેતરની દાંડી ચિમની સાથે અજબ લહેકાથી તેણે વગાડી



હરીકેન

બાજરો ગાડીમાં ભરવા માટે મોડી રાત સુધી આંખો મીચી નહોતી, છતાં શહેરમાં પીઠના વખતે જવાની ઉતાવળમાં, રવજી વહેલા અંધારામાં ઊઠી તૈયારી કરવા લાગ્યો. અંધારામાં કપડાં શોધી તેણે પહેર્યાં. ઘણી ગોત કરી પણ ફેંટો હાથ ન આવતાં તેણે કહ્યું, 'જરા દીવો કરને! મારૂં માથા બાંધ્યાનું હાથ નથી આવતું.'

તે પથારીમાંથી ઊઠી. અંધારામાં ફાંફાં મારી દીવાસળીની પેટી અને દીવો શોધી કાઢ્યાં. ઘણી દીવાસળીઓ બગાડી, પણ પવન હતો-એટલે દીવો થઇ-થઇને હોલવાઇ જતો હતો. બહુ મહેનતે પાલવ આડો રાખી જ્યોત ચેતાવી અને એ ધ્રૂજતી જ્યોતમાં માથે બાંધ્યાનું શોધી કાઢ્યું.

દીવાને એના સ્થળે ગોખલામાં મૂકતાં વળી પાછો પવનનો ઝપાટો લાગ્યો અને અંધારૂં પથરાઇ ગયું.

બંને જણ પાછાં ખાટલા પર બેઠાં. તેણે ફેંટો બાંધતાંબાંધતાં પૂછ્યું, 'શહેરમાંથી કાંઇ મંગાવવું છે?'

'છોકરાંઓ માટે કાંઇક ખાવાનું લાવજો; રાજી થશે. બીજું કાંઇ નથી લાવવું.'

તેણે ફેંટો બાંધી લીધો. કોઢમાંથી બળદ કાઢી ગાડું જોડ્યું. રાશ હાથમાં લઇ અધીરા બળદને જરા ઊભા રાખતાં તેણે કહ્યું, 'ત્યારે હવે હું જાઉં છું.'

'મને એક વાત સાંભરી;' તેની વહુએ ભાત બાંધીને આપતાં કહ્યું: 'ધરમચંદ શેઠને ત્યાં ફાનસ લાવ્યા છે એ તમે જોયું છે ને? એવું ફાનસ લાવો તો દીવાનું સુખ થાય. બાજરો ઉપણતાં કેટલી વપત પડી હતી? એવું ફાનસ હોય તો રાતવરત પણ કામમાં આવે.'

'ઠીક.' કહી તેણે બળદને છૂટા મૂક્યા.

નહિ સળગવા સરજાએલા એક ફાનસની નાની સરખી વાત

વિજ્ઞાનના જ્ઞાન વિના તેનો ઉપભોગ કરવા નીકળનારા—રેડિયો, ગ્રામોફોન, મોટર કે વીજળી વાપરનારા આપણ બધાને માટે આ—સાદા ઉદાહરણમાં ગર્ભિત બોધ છે

તેણે શહેરની દાણાપીઠમાં લાવીને ગાડું ઊભું રાખ્યું અને બળદ છોડ્યા. થોડી નીરણ નાખી. ત્યાં અનાજના દલાલો તેને ઘેરી વળ્યા. બધાએ, જાણે ડૉક્ટર મરેલા શરીરનું પોસ્ટમૉર્ટમ કરતો હોય તેમ, બાજરાને નીચેથી ઉપર ચડાવીચડાવી જોયો અને મુઠ્ઠી ભરીભરીને વાનગી લીધી. બાજરો સારો હતો, છતાં 'દાણો ઝીણો છે, રંગ શામળો છે' વગેરે કહી ભાવ બોલવા માંડ્યા.

બાજરાનો ભાવ નક્કી કરવાનું રવજીના હાથમાં નહોતું, એટલે ઘણી માથાકૂટને અંતે વધારે માગનારને ત્રણ વાર થતાં તોળી આપ્યો.

નવીનવી જાતના લાગા અને દલાલી વગેરે બાદ જતાં તેના હાથમાં બાજરાની કિંમત આવી. તે તેણે ગણી જોઇ. હવે મહેસુલ ભરવામાં આમાં કેટલી રકમ ઉમેરવી પડશે તે બંને હાથની આંગળીના વેઢા ગણતાં પણ પૂરી થઈ નહિ. તેણે એક નિઃશ્વાસ નાખી એ પ્રયત્ન કરવો મૂકી દઇ આવેલી રકમ ગજવામાં મૂકી અને બળદ તથા ગાડું સામી દુકાનવાળાને ભળાવી તે હટાણું કરવા નીકળ્યો.

શેર-દોઢશેર ગાંઠિયા અને તેટલી તેલની જલેબી લીધી, રાશ વરત કરવા જોઈતું સુતર લીધું અને પાછો ગાડા ભણી વળ્યો. એટલામાં રસ્તામાં એક દુકાનના આગલા ભાગમાં ફાનસ ટાંગેલાં જોયાં. નામ તો તે ભૂલી ગયો હતો, એટલે તેણે તે તરફ આંગળી ચીંધી દુકાનવાળાને પૂછ્યું. 'ફાનસનું શું લેવાનું છે?'

દુકાનદાર મેમણના છોકરાએ ફાનસ ઉતારી નેતરના કટકાને છેડે બાંધેલા લુગડાથી ધૂળ ઝાપટી પૂછ્યું, 'હરિકન લેવું છે?'

'હા.'

'જાપાની લેવું છે કે જરમની? અમેરીકન પણ આવે છે.'

'જે સારૂં હોય તે આપો ને.'

'અમેરીકન સારૂં આવશે. અસલ ડીઝ માર્કનું. પણ પૈસા વધારે પડશે.'

'બહુ પૈસા બેસે એવું તો નથી લેવું. સાધારણ ટકાઉ અને સારૂં હોય તે બતાવો.'

'ત્યારે આ જાપાની લઇ જાવ. એકદમ ટકાઉ છે. સૌદેશી આવશે પણ ટકશે નહિ.' કહી તેણે નેતરની દાંડી હાથમાં હતી તે ચીમની સાથે અજબ લ્હેકાથી વગાડી, અને અવાજ સાંભળનારના મનમાં 'આ ચીમની આવી રીતે અથડાય તોપણ ફૂટે નહિ' એવો ભાવ ઉપજાવ્યો.

રવજીએ હરીકેન ખરીદ્યું અને પૈસા ગણી આપ્યા. તેને રસ્તામાં પણ હરિકેનના વિચારો આવવા લાગ્યા. તેને સંભાળીને, ફૂટે નહિ એવી રીતે લુગડાં વીંટીને આડા સાથે બાંધ્યું હતું, છતાં ક્યાંય અફળાતું તો નથી ને, એની વારંવાર તપાસ કરતો હતો.

ઘરમાં એને ક્યાં લટકાવવું એનો હવે તેણે વિચાર કરવા માંડ્યો. 'ઘર વચ્ચોવચ લટકાવીએ તો છોકરાંનાં માથાં ભટકાય. એક તરફ ખૂણામાં ટાંગ્યું હોય તો ફળીઆમાં અને આખા ઓરડામાં અજવાળું ન પડે.' આ વિચારમાં વળી બીજો વિચાર આવ્યો: 'એને ખીંટીએ લટકાવવું કે છાપરાની વળીમાં દોરી બાંધીને લટકાવવું?'

આ બધા વિચારોમાં તેનો રસ્તો ક્યાં ગયો તેની પણ ખબર પડી નહિ. ગાડાને આવતું ભાળી છોકરાંઓ ડેલીમાંથી દોડ્યાં. ગાડાને હાંકીઓથી સૌ ઉપર ચડી ગયાં અને બાપા શહેરમાંથી શું લાવ્યા છે તે તપાસવા મંડી પડ્યાં.

એક છોકરાએ બાંધેલી પોટકીમાંથી પડીકું તોડી જલેબીનું ગૂંચળું કાઢ્યું અને તે તરફ બીજાઓનું ધ્યાન જતાં ભાગ માટે સૌ અંદરઅંદર લડવા લાગ્યા. રવજીએ ફળીઆમાં ગાડું ઊભું રાખ્યું. છોકરાના હાથમાંથી જલેબીનું ગૂંચળું લઇ તેના ભાગ પાડી આપ્યા અને બાકીની જલેબી તથા ગાંઠીઆનું પોટકું માથે ઉપાડી છોકરાઓ તેમની માને આપવા દોડી ગયા.

રવજીએ આડેથી હરીકેન સંભાળપૂર્વક છોડ્યું અને તેની વહુને આપ્યું. આ નવી વસ્તુ જોઇ બધાં છોકરાં બોલી ઉઠ્યાં: 'બાપા ઇ શું છે?'

'હરીકન ફાનસ.'

'એમાં દીવો થાય?' 'હા.'

'બાપા, ઈ ચીતર મને, હો.' ફાનસ ઉપરનો કાગળ બતાવી એક છોકરે કહ્યું.

'ઉઘાડો તો ખરા, ઇ કેવું છે!'

હરીકેન જોવાના કુતૂહલમાં છોકરાંઓ ખાવાનું પણ ભૂલી ગયાં.

ઉપરનો કાગળ કાઢી નાખ્યો અને બધાંએ ફાનસ-ને હાથ ફેરવીફેરવી જોયું. હવે આમાં દીવો થશે ત્યારે કેવું લાગશે, અજવાળું કેવું પડશે વગેરે બાબતોની સૌ વાતો કરવા લાગ્યા.

રવજી શીશો લઇને ધરમશી શેઠને ત્યાંથી ગ્યાસ-તેલ લઇ આવ્યો અને સૌ સાંજ પડવાની રાહ જોવા લાગ્યાં.

હજી અંધારૂં નહોતું થયું ત્યારથી છોકરાંઓ કહેવા લાગ્યા: 'બા, અંધારૂં થઇ ગયું; દીવો કરને.'

સંધ્યા વખત થયો એટલે પ્રથમ ઘીનો દીવો કરીને ઠાકર મહારાજનું નામ લઇ હરીકેન હાથમાં લીધું. ચીમની ઉંચી કેવી રીતે કરવી તે સૂઝયું નહિ અને દીવાસળી સળગાવેલી તેનાથી આંગળી દાઝી.

રવજીની વહુએ કંટાળીને કહ્યું: 'તમે હરીકન લઇને ધરમશીને ત્યાં જાવ અને આજ તો ત્યાંથી દીવો કરી લાવો. પછી શીખી લેજો.'

રવજી ફાનસ લઇ ધરમશીને ત્યાં ગયો અને દીવો કરાવી આવ્યો. પરંતુ ગ્યાસતેલ મોઢા સુધી ભર્યું હતું એટલે દીવો ફટ ફટ થવા લાગ્યો. ઘેર પહોંચ્યો એ-ટલી વારમાં તો ચીમની મેશથી કાળી થઇ ગઇ.

'આના કરતાં તો આપણા દીવાનું અજવાળું સારૂં પડે છે, ખરૂં કે નહિ બા?' છોકરાંઓએ અભિપ્રાય આપ્યો.

હરીકેન નીચે મૂકયું ત્યાં તો એક બાજુની શેડ એકદમ ઊંચી થઇ અને ચીમનીમાં તડ પડી. ભડકો થવાની બીકે રવજીએ ફૂંક મારી હોલવવા માંડયું. પણ ફૂંક મારી ગાલ દુખવા આવ્યા અને મોઢું દાઝયું ત્યારે માંડ હોલવાયું. હરીકેન નીચે મૂકયું ત્યાં ચીમનીમાંથી કાચ ફૂટીને હેઠે વેરાણો.

અંધારામાં કાચ વીણતાં રવજીએ કહ્યું: 'હવે અંધારૂં કયાં સુધી રાખીશ? કોડિયાનો દીવો તો કર.'

રસનિધિ

તમારો કૅમેરા ઓળખો

જેટલી વસ્તુઓ ચિત્રમાં લેવાની જરૂર હોય તેટલી વસ્તુઓ અમુક અંતરેથી પાડતાં ફિલ્મ પર આવશે કે નહિ તે જોવાને માટે દરેક પ્રકારના કૅમેરાઓમાં ખાસ યોજના કરેલી હોય છે શિખાઉ અને એમેચ્યોર ફોટો પાડનારાઓમાં ખાસ કરીને બૉક્સ અને ફોલ્ડિંગ રોલફિલ્મ કૅમેરા વધુ વપરાય છે. તેમાં ચિત્રભાગની મર્યાદા જોવા માટે કરેલી યોજના 'વ્યુ-ફાઇન્ડર'ના નામથી ઓળખાય છે. બૉક્સ કૅમેરામાં આડું અને ઊભું ચિત્ર લેવા માટે બે જુદાં વ્યુફાઇન્ડરો હોય છે. છબી લેવાના લેન્સની એક બાજુએ, કૅમેરાના ખૂણા પર, બે નાનકડા કાચના ટુકડા જેવા ચળકતા લેન્સ ગોઠવેલા હોય છે. તેના વડે બનેલું ચિત્રનું નાનું પ્રતિબિંબ ઘસેલા કાચ પર અવળું દેખાય છે. વિષયની સામે કૅમેરા ગોઠવતાં એ કાચ પર ચિત્રની જેટલી હદ દેખાય તેટલો જ ભાગ ફિલ્મ પર આવશે.

ફોલ્ડિંગ રોલફિલ્મ કૅમેરામાં વ્યુફાઈન્ડરની રચના જુદા પ્રકારની હોય છે. કૅમેરાનું ઢાંકણું ઉઘાડી લેન્સની બેઠક બહાર કાઢતાં, લેન્સની ઉપર જમણે છેડે નીચેની આકૃતિ જેવી રચના કરેલી હોય છે. તેને બ્રિલિયન્ટ વ્યુફાઇન્ડર કહે છે. આડું




ચિત્ર લેવા માટે તેને કાટખૂણે ફેરવવું પડે છે. તેમાં જોવાની ચોક્કસ રીત છે. વ્યુફાઈન્ડરની બરાબર ઉપરથી, સપાટી પર દૃષ્ટિ નાખીને દૃશ્ય જોવું જોઇએ. નહિ તો દૃષ્ટિકોણના ભેદને લીધે ચિત્રની હદમાં ફેર પડે છે. ઊભું ચિત્ર લેતાં, ઉપરની પહેલી આકૃતિમાં બતાવ્યા પ્રમાણેની ટપકાં વાળી લીટીઓ અને ઉપરનીચેની વ્યુફાઈન્ડરની ધારની વચમાં આવતો ચિત્રભાગ જ ફિલ્મ પર પડશે. તેથી ઊલટું, આડું ચિત્ર લેતાં ટપકાંવાળી લીટી ડાબાજમણી ધાર વચ્ચે દેખાતા વિષયો ચિત્રમાં આવશે.

કેટલાક કૅમેરામાં આવા વ્યુફાઈન્ડર ઉપરાંત ફિલ્મના માપનું જ લેન્સની આગળ પાતળા તારનું બનાવેલું વ્યુફાઇન્ડર પણ હોય છે. તેને વાયર-ફાઈન્ડર કહે છે. કૅમેરાની પીઠ પર મૂકેલા દૃશ્ય જોવાના કાણામાંથી જોતાં જેટલો ભાગ આ વાયરફાઈન્ડર-માં સમાવેશ પામે તેટલી હદમાંના વિષયો જ ફિલ્મ પર આવે છે.

વિષયની આજુબાજુની, જરૂર કરતાં થોડી વધારે જગ્યા ચિત્રમાં લેવી એ સલાહભર્યું છે; કેમકે ઘણીવાર વ્યુફાઇન્ડરની સહેજ ખામીને લીધે કે જોવામાં થતી ભૂલના પરિણામે વિષયનો મહત્ત્વનો ભાગ કપાઇ જાય છે. માટે અગમચેતી વાપરીને વધારેપડતું ચિત્ર ઉતારી, પાછળથી ચિત્રનો નકામો ભાગ પ્રિન્ટમાંથી કાપવો કે તે સિવાયના નૅગેટિવના ભાગનું એન્લાર્જ-મેન્ટ કરવું. આ સૂચના ખાસ કરીને નજીકથી ચિત્રો લેનારા-ઓ માટે છે.

—બલવન્ત ભટ્ટ



હર્ષદ (હરસિદ્ધ) માતાનું મંદિર અને તેના જૂના અવશેષો


કાઠિયાવાડના પશ્ચિમ કાંઠા પર દ્વારકાથી વીસ ગાઉ અને પોરબંદરથી દસ ગાઉ દૂર બરડા અને બારાડીના પ્રદેશની હદો-હદ ઉપર અરબ્બી સમુદ્રને કાંઠે કોયલો નામનો ડુંગર છે. એ ડુંગર ઉપર એક અતિ પુરાણા મંદિરનું ખંડિયેર અને અસલી કિલ્લાના અવશેષો છે અને તળેટી નીચે હર્ષદ (હરસિદ્ધ) માતાનું મંદિર છે. બરડાના ડુંગરમાં ધુમલી ગામનાં મકાનોના અવશેષોની બાંધણીને લગતી જ આ પુરાણા મંદિરની બાંધણી છે; તે ઉપરથી, ધુમલી શહેર જે સંવત ૫૩૭ની આસપાસ વસાવાએલું તે અરસામાં જ આ મંદિરનો સમય પણ કલ્પી શકાય છે. પુરાણું મંદિર કિલ્લાના ઊંચા ભાગ પર એકલા પથ્થરથી જ બાંધેલું છે. મંદિરની બેસણી લગભગ પાંચ ફીટ ઊંચી છે. મંદિરના બે ભાગ છે: એક નિજમંદિર અને બીજો બહારના ઘુમ્મટવાળો ભાગ. નિજમંદિર ઉપર શિખર છે અને તેના પાછળના ભાગ ઉપર તથા ચારે બાજુ ઘણી જ કારીગરીવાળી કોતરણીઓ કરેલી છે. બહારના ભાગમાં સ્તંભો ઉપર જૂની હિંદુ ઢબનો ઘુમ્મટ છે. ભીંતો પરનાં શિલ્પ ઉપરથી એ સમયના પહેરવેશ, અલંકાર અને વપરાતાં વાદ્યો વગેરેનો ખ્યાલ આવે છે.

નીચે તળેટીમાં બંધાએલું નવું મંદિર ચૌદમા સૈકા લગભગ જગડુ શાહ નામના ધનાઢ્ય શેઠે બંધાવેલું છે. તેની ધર્મશાળાઓ વગેરે યાત્રાળુઓના નિવાસસ્થાન માટે જામનગર પ્રદેશના ગૃહસ્થો તરફથી બંધાએલાં છે. ડુંગર ઉપર ચડવા માટેનાં પગથિયાં જામ ખંભાળીઆના એક ગૃહસ્થે બંધાવેલાં છે આ અતિ રમ્ય અને એકાંત સ્થળે જવા માટે જામનગર-દ્વારકા રેલવેના ભોપલકા સ્ટેશને ઊતરી ત્યાંથી ગાડારસ્તે આઠેક ગાઉ લગભગ કાપવા પડે છે. ત્યાં રહેવા વગેરેનો સારો અને સગવડવાળો બંદોબસ્ત છે.

—નાગોરી શાન્તિલાલ વિઠ્ઠલદાસ સારડા (જામનગર)



હરસિદ્ધમાતાનું પ્રાચીન મંદિર



મંદિર ઉપર સુંદર શિલ્પનો નમૂનો

ઇન્દ્રિયોને છૂટથી રમતી રાખવાના સ્થાન જેવા સ્વર્ગના મોહો કે પરજીવનની લાલચો પાછળ વલખાં મારવામાં નહિ પણ આ લોકમાં જ મૈત્રી અને ભ્રાતૃભાવ સર્જવામાં સાચી માનવતા રહેલી છે એવું જગતમાં પહેલી જ વાર ઉપદેશનાર ગુરુ કુંગ

(અનુસંધાન પાછળના પૃ. ૪૪૫થી)

પોતાની ચણેલી મહત્ત્વાકાંક્ષી દીવાલનો પાયો આમ ખોદાતો જોઇ કુંગ તાબડતોબ પોતાના ચુનંદા ચુસ્ત અનુયાયીઓ વીણી લઇ યાત્રાએ નીકળી ગયો.

સારી ચીનાઈ સલ્તનતના ખૂણેખૂણા તે ભમવા લાગ્યો. તે ઉપદેશતો કે, 'સારૂં રાજ્યતંત્ર ત્યારે જ સંભવી શકે જ્યારે રાજા ને પ્રધાન, પિતા ને પુત્ર, હરકોઇ નાગરિક પોતાની વિભિન્ન ફરજો પૂરેપૂરી સમજી અદા કરે. સમાજનું એકત્વ ભ્રાતૃભાવ ને મૈત્રી પર થવું જોઇએ.'

પોતાની યાત્રામાં તે ઘણીવાર કહેતો: 'કોઇપણ રાજા બાર માસ મને આધીન રહી વર્તે તો દુનિયા કેવી હોવી જોઇએ તેનો હું દાખલો બેસાડું; ને ત્રણ વર્ષ મને રાજ્ય સોંપે તો સ્વર્ગને દુનિયાના તખ્તા પર રજુ કરૂં.'

દાંપત્યજીવન અને કૌટુંબિક–વાત્સલ્ય સંબંધેના તેના ખ્યાલો પણ તેની રાજનીતિ જેવા જ આદરણીય છે.

ચીનાઇ સલ્તનતમાંના જુદાજુદા રાજાઓ અને રાજકુટુંબીઓ તેને સાંભળતા,—ફરી સાંભળવા ઉત્સુક રહેતા; પણ તેનો ઉપદેશ આચારમાં મૂકવાના ખ્યાલને તો છેટેથી જ નવ ગજના નમસ્કાર કરતા.

તેર વર્ષ સુધી પોતાના આદેશોને પ્રબોધતો એ ચીનની ભાગોળે ભાગોળ ખૂંદી વળ્યો. તેને નિરાશા ચોકખી જણાતી છતાં તે કદી યે નાહિંમત ન બન્યો. આજ નહિ તો આવતી કાલે પણ ચીનનો ઉદ્ધાર મારા આદેશોના સ્વીકાર વિના નથી જ થવાનો એવી સજ્જડ આત્મશ્રદ્ધા તેણે કદી નહોતી ખોઈ.

ઘૂમીઘૂમીને છેક છપ્પન વર્ષની વયે તેણે પાછો પોતાના પ્રાંત લુ માં પગ મૂકયો. તેની સાથે જ વિદ્યાભિખ્ખુઓનું મોટું ટોળું પણ એ પ્રાંતમાં દાખલ થયું. જુદાંજુદાં વતનોની તેની પરિચયફેરમે આકર્ષાએલી વ્યક્તિઓનો એ સંઘ હતો. એ શિષ્યસંઘ વિદ્યાર્જન કરતો અને સાથે ચીનનાં શહેરો અને સીમાડાઓમાં ગુરુના આદેશનું પ્રચારકાર્ય કરતો રહેતો. ગુરુમાં દરેકે દરેક શિષ્યને પૂરતો વિશ્વાસ હતો અને તેના મોંમાંથી ટપકતો હરેક શબ્દ ટપકાવી લેવાને આતુર રહેતો. આજે એ શિષ્યોદ્વારા ટપકાવી લેવાએલા 'ગુરુ'ના સ્વમુખના જ શબ્દોમાંના 'સુવર્ણરાજ્ય' તથા અન્ય મહાન ગ્રંથો ચીનની મહામોલી દોલત બની ગયાં છે.

બધા લોકનેતાઓ જેમ જ કુંગનો માર્ગ પણ ફૂલે પાથર્યો નહોતો. ઘણાં ગામોમાં પ્રવેશવા તેને મનાઇ થએલી. થોડાઘણા જ મતભેદના પરિણામે ઘણે ઠેકાણે તેને માર પણ ખાવો પડેલો. આવા પ્રકારો તો ઘણાયે ગણી શકાય, પણ તે તો તેમની ઉપેક્ષા જ કરતો આવેલો.

બધા ધર્મોમાં પ્રધાન એવા પુરુષોત્તમ (Superman)ની ભાવના પણ કુંગને સ્ફુરેલી: પરંતુ પુરુષોત્તમપણાની તેની વ્યાખ્યા જુદી જ હતી. પુરુષોત્તમપણું જગતથી અતડા રહેવાથી નહિ, પણ જિંદગીના વ્યવહારૂ પ્રશ્નો ઉકેલતા રહી જગતને તેની આવશ્યકતાઓ અને આદર્શો પૂરા પાડવામાં છે એમ તે કહેતો. દુનિયાનો ત્યાગ કરનારાઓની તે હમેશાં ઉપેક્ષા કરતો રહેતો.

કુંગે ૬૭ વર્ષની વય બાદ વાનપ્રસ્થ જીવન સ્વીકાર્યું. અને તે પછી પોતાના શિષ્યોની મંડળી વચ્ચે જ તેની દુનિયા સમાઈ ગઈ. આનું કારણ કેટલાકો જણાવે છે તેમ તેના વ્હાલા પુત્ર તથા તેવા જ વ્હાલા બે મુખ્ય શિષ્યો ઝે લુ અને યેનહુઇનાં મૃત્યુ હતાં.

આ એકાંત ગમગીનીમાં તેણે સારા યે ચીનનો ઇતિહાસગ્રંથ લખી નાખ્યો. એ પૂરો થયે થોડા જ દિવસો બાદ તેણે એક શિષ્યને કહેલું કે, 'ચીનનો કોઇ પણ શાહ હજી મારા આદેશો સ્વીકારવા તૈયાર નથી. મારે હવે મારી જીવનલીલા સંકેલી લેવી જોઇએ.'

અને કેમ જાણે ભાવિ આગાહી તરીકે આ શબ્દો ન ઉચ્ચારાયા હોય તેમ, થોડા જ દિવસો બાદ એ મહાન સુધારકે ૭૩ વર્ષની વયે પોતાની જીવનલીલા સંકેલી લીધી.

લાગટ ત્રણ વર્ષ સુધી તેના અનુયાયીઓએ તેનો શોક પાળ્યો. ઘણાએ તો તેની કબર પાસે ઝૂંપડાં બાંધ્યાં. તેના અવસાનના ખબર આખા ચીનમાં ફરી વળ્યા અને જિંદગીના છેલ્લા દાયકા સુધી અવમાનિત થએલા એ સુધારકનું ઋણ વાળવા જાણે ચીનની પ્રજા જાગી હોય તેમ, એક તિથિ નિયત કરી સારી પ્રજાએ જાહેર શોક પાળ્યો. તેના શિષ્યોને બધાં રાજ્યો, જાણે તેના જીવતે કરેલા અપમાનનો બદલો વાળવા હોય તેમ, સારા હોદ્દાઓ પર નિયુક્ત કરવા લાગ્યાં. ચીનના શહેનશાહ તરફથી તેના કુટુંબના વડાને ઉપાધિ મળી: 'મહાન ગુરુ-

ના સીધા વંશજ અને શાહી ફરમાનથી નીમાએલા ડ્યુક.'

પરંતુ મૃત્યુબાદની સુધારકની પ્રશસ્તિ તો પ્રજાને પોતાની હીણપત ઢાંકવામાં જ કામ લાગે. અવગણ્યો એ સુધારક તો એ પ્રશસ્તિ વગર પણ મહાન જ રહેત. તેણે કદી કોઇ પયગંબર કે મહાન સંત હોવાનો દાવો નહોતો કર્યો તે એની ખરી ખૂબી હતી. સ્વર્ગની લાલચો આપી તેણે પોતાના અનુયાયીઓ ભેગા નહોતા કર્યા. પ્રાર્થના, પૂજા, અમરતા અને વ્યક્તિત્વ અર્પાએલો ઇશ્વર જે બીજા ધર્મોની એક પાંખની ગરજ સારે છે તેમાં તે મુદ્દલ માનતો નહોતો. ઈશ્વર, આત્મા કે પરજીવન ઉપર તેની જબાનમાંથી એકે શબ્દ નથી નીકળ્યો. તેણે તો આ દુનિયા પર જ પોતાનું લક્ષ્ય ઠરાવેલું. ઉપવાસના દિવસોએ પીતાંબરીના અપવાદ સિવાય તેણે નહોતાં કદી રંગીન કપડાં પહેર્યાં કે નહોતો કદી એ મિષ્ટાન્ન જમ્યો.

ઇન્દ્રિયોને છૂટથી રમતી રાખવાનાં સ્થાનો જેવાં સ્વર્ગો અને બેહિસ્તોની તેના અનુયાયીઓને કયાંય પણ યાદ ન દેતાં તે તો ઉલટો બોધતો ગયો કે:

> આ દુનિયા વિષેનું અને તમારા પોતા વિષેનું જ્ઞાન વધારો ને આ દુનિયાને જેટલી સુંદર બનાવાય તેટલી બનાવો;
>
> બીજાઓનું જે આચરણ તમને ન ગમતું હોય તેવું આચરણ તમો પણ કોઇની સામે ન કરો;
>
> ભ્રાતૃભાવ અને મૈત્રીથી જગતના સંચાલનમાં સહાય કરો.

અશોક હર્ષ

પ્રલય

-દ્રુતવિલંબિત-

પ્રલયના મરુતો ફુંકતા હશે,
નહિ પુરે મુરલી સુર તે સમે.
નહિ સુધા, તવ, સાગર મંથને;
પ્રલય ભેરી અનંતની વાગશે.

તુમુલ ભીષણ, માનવ,—નૃત્ય એ
નિરખશે, સહશે કયમ કારમું ?
અખિલ વિશ્વનું ચિત્રવિલોપીને
યુગ અનેકની પૃથ્વિની વેદના
ફૂલવી સર્જનયજ્ઞ મહીં વિભુ,
નવલસર્જન આશિષ આપશે?


હરિશ્ચન્દ્ર ભટ્ટ

આબીસીનિયા

આબીસીનિયા એટલે આકાશને ટેકો દેતાં ગિરિશિખરોનો બનેલો ફ્રાંન્સ જેવડો એક મુલક. તેની ચારે બાજુ રેતી અને કીચડવાળા મોટા પ્રદેશો, જેમાં ઇટલી, બેલ્જિયમ અને હૉલંડ સમાઇ જાય. એકલી વેરાન ભૂમિ; જેમાં ન મળે ચાલવાનો કોઇ માર્ગ. વળી એ પર્વતોનાં શિખર દસદસ હજાર ફૂટ ઊંચે. તે બધાંના અંતરગાળામાં ૧૩૫૦ ચોરસ માઇલનો સમુદ્ર, તે પણ ખરી સમુદ્રસપાટીથી ૬૦૦૦ ફૂટ ઊંચે. ત્યાર પછી, આ ગિરિમાળા પરથી લાખો ટનના જળપ્રવાહોના અને નીચેની સપાટી પર સેંકડો ફીટની પછાડા મારતી નદીઓના પ્રચંડ ધોધો, જેને લઇને વરસમાં એક વાર તો કોઇ પણ એ જળપ્રદેશ પાર કરી શકે નહિ એવો બની રહે; અને ઊનાળાની ઋતુમાં ફરી પાછો ધગધગતો રણપ્રદેશ થઇ જાય,—એવો કે ખૂબ ખડતલ આદમી કે જનાવર જ એને પાર કરી શકે. આ બધી હકીકત સામે રાખી એ વિશાળ મુલકની ભૌગોલિક પરિસ્થિતિ કલ્પી શકશો. એ જ આજે ધ્યાન ખેંચી રહેલું આબીસીનિયાનું મહારાજ્ય.

સવા ચાર લાખ ચોરસ માઇલના વિસ્તારવાળા એ આબીસીનિયાની વસ્તી એટલે આફ્રિકાનાં સૌથી સશક્ત દસ કરોડ માનવીઓ. પણ તેમાંથી પાંચ કરોડ જ સાચા સૅમેટિક જાતિના ઍબીસીનિયનો હશે; બાકીના આફ્રિકાની અનેક જાતિઓનું સંમિશ્રણ. આબીસીનિયા શબ્દનો અર્થ જ 'મિશ્ર જાતિઓ'. તેમનો બધો ઇતિહાસ પોતાની સ્વતંત્રતા અને હયાતી સાચવી રાખવા પાછળ ખર્ચાયો છે. આફ્રિકાની બીજી કોઈ પણ જાતિ આ પ્રમાણે ટકી રહી નથી. તેઓ ખરેખરા દુર્દમ્ય મજબૂત યોદ્ધાઓ છે અને વારંવાર ઝઘડાઓ તથા લડાઇઓ ખેડતા રહ્યા હોવાથી તેમના સ્વભાવમાં કાતિલ જાલિમપણું અને ઝનૂન રહેલાં છે. છતાં પોતે અપનાવેલા ખ્રિસ્તી ધર્મનું પાલન કરવામાં તેઓ અડગ ભક્તિભાવ બતાવી રહ્યા છે.

એમનો દાવો છે કે તેઓ એશિયા કે આફ્રિકાની પ્રાચીનમાં પ્રાચીન જાતિ છે. તેમનો પુરાણપુરુષ એરો આદમના ચોવીસ છોકરાઓમાંનો એક હતો. એણે આબીસીનિયામાં સંસ્થાન જમાવ્યું. એટલું તો



ઉત્તરે ઇટાલિયન ઇરીટ્રિયા અને ફ્રેન્ચ સોમાલીલૅન્ડ, પશ્ચિમે બ્રિટિશ સુદાન, દક્ષિણે બ્રિટિશ યુગાન્ડા તથા કૅનિયા અને ઇટાલિયન સોમાલીલૅન્ડ તથા પૂર્વે ઇટાલિયન અને બ્રિટિશ સોમાલીલૅન્ડ – એમ ચારે દિશાએ યુરોપીય સત્તાઓથી ઘેરાએલા એ આઝાદ આબીસીનિયા પર સૌનો ડોળો ચોંટેલો છે. સૌને તેમાં વ્યાપારી અને સામ્રાજ્યવાદી હિતો રહેલાં છે.

ખરું કે આબીસીનિયાના બાદશાહોની વંશાવળી જગતની કોઇ પણ પ્રજા કરતાં જૂની ને અખંડ છે. રાજા સુલેમાન અને રાણી શેબાના તેઓ વંશજો છે. એ વંશાવળી ખરેખર ક્રમબદ્ધ લખાણમાં સચવાએલી છે અને તેમાં ઓરીથી માંડી આજના બાદશાહ હાઇલે સિલાસી સુધી અખંડ નામાવલિ ચાલી આવે છે. જોકે તેમાંનો પૂર્વભાગ કેટલો ખરો હશે તે કોઇ કહી શકે નહિ. એ નામાવલિમાં ૩૩૩ બાદશાહોનાં નામ છે. એમાં એક બાદશાહે તો માત્ર અરધો દિવસ રાજ્ય કર્યું છે; તો બીજો વળી ચારસો વર્ષનો રાજ્યકાળ માણી જાય છે!

ઇથિયોપીઆના (એ આબીસીનિયાનું જ બીજું નામ.) ઇતિહાસનું દરેક પ્રકરણ અને તેનો વિકાસક્રમ અજબ રસથી ભરેલાં છે. ત્યાં ખ્રિસ્તી ધર્મ આવ્યો તે પણ નસીબવંતા કોઇ બે ખ્રિસ્તી યુવાનો વહાણ ભાંગી જતાં કિનારે ઘસડાઇ આવેલા તેમને આભારી છે. પણ હકીકત એમ છે કે ઈશુના ચોથા સૈકામાં આબીસીનિયાની રાણી સોફાયાએ એ ધર્મ ગ્રહણ કરી પ્રજામાં અપનાવ્યો. બધી ધર્મસંસ્થાઓનો વડો 'અબૂના' નામથી ઓળખાય છે. તેની રાજદ્વારી સત્તા પણ શાહ સિલાસીથી બીજે નંબરે ગણાય છે. આબીસીનિયાના ઇતિહાસમાં સોળમા સૈકામાં મુસલમાન ચડાઇઓ ટોળાંબંધ થઇ તે વખતે બાદશાહને થોડો વખત પહાડોમાં ભરાઇ રહેવું પડ્યું હતું. એ ઇતિહાસ રાણા પ્રતાપ જેવો અથવા ઈંગ્લંડના રાજા આલ્ફ્રેડ કે સ્કૉટલંડના રાજા રૉબર્ટ બ્રુસનાં સંકટો સાથે સરખાવી શકાય એવો છે. પણ પછી થોડા વખતમાં એ દુશ્મનોની પૂંઠ કરતાં જ શાહ લીબન ડેન્ગલ પોતાનું લશ્કર લઇ બહાર પડ્યો અને મુસલમાનોને પૂર્વમાં અને ઉત્તરમાં હાંકી કાઢ્યા અને કાયમને માટે આબીસીનિયાનું ખ્રિસ્તી રાજ્ય મુક્ત અને સ્વતંત્ર બનાવી દીધું.

આબીસીનિયાના લશ્કરમાં ઘાતકીપણું તો છે જ. શાહ થીઓડોરે લૉર્ડ જેમીઅરની ચડાઈ થઇ તે અરસા-



બે પશ્ચિમી કલાકારોએ ઇટાલી આબીસીનિયા યુદ્ધ વિશે દોરેલાં વ્યંગચિત્રો: ઉપર—નાની માછલીને ગળવા ગયતી મોટી માછલી; નીચે—આક્રમણ કરતા ઇટાલીના પગને (નકશામાં ઇટાલીનો આકાર હોલબૂટ પહેરેલા પગ જેવો છે) ઇથિયોપીઆ તરફ આગળ વધતું અટકાવતી સુલેહવાંછુ દુનિયા, અને પાછળથી ધક્કો દેતો યુદ્ધદેવ.

માં પડોશના રાજ્ય પર હુમલો કરી કેટલા યે કેદીઓ પકડી, તેમાંના ૭૦૦૦ નિરાધાર માણસોને એકીસાથે કતલ કર્યા હતા.

આબીસીનિયા પર બીજું કલંક એ છે કે ત્યાં ગુલામી પ્રથા જીવતી છે. સ્ત્રીઓ પુરુષો તથા બાળકો મળી અંદાજે એક લાખ ગુલામો એ દેશમાં હશે. આબીસીનિયામાં સમૃદ્ધિ ઘણી છે પણ કોઇને તેનો ચોક્કસ ખ્યાલ નથી. વિશાળ ભૂમિ અણખેડાએલી પડી છે. કૉફી, હાથીદાંત, રૂ અને સોનું માત્ર બહાર આવે છે. એ દેશમાં સોનું છે એ વાતે તો કંઇકને ત્યાં જવા લલચાવ્યા છે.

આ અજબ મુલકનો ભાગ્યવિધાતા એકલો શાહ-હાયલેસિલાસી છે. તેના સામંતો જેવા બીજા કંઇક રાસ અથવા રાજાઓ છે. રૂંવાડેરૂંવાડે તેનામાં રાજતત્ત્વ ભર્યું છે અને આખી યે સલ્તનત તેના તરફ સંપૂર્ણ વફાદાર છે. જગતની આગળ આવેલી પ્રજાઓની હારમાં પોતાની પ્રજાને લાવવાની તેની તીવ્ર મનોકામના છે. તેણે વીસ વરસમાં પોતાના રાજ્યમાંથી ગુલામીનો સદંતર નાશ કરવાનું ૧૯૩૧માં જાહેર કર્યું. ૧૯૩૨માં તેણે પ્રજાને બંધારણ અને પ્રજાસમિતિના હક્કો કરાર કરીને આપ્યા.

મુસૉલિની જેવી શક્તિશાળી વ્યક્તિ સાથે બાથ ભીડવાની હિંમત રાખનાર આ શાહ સિલાસી ખરો માટીમર્દ છે. તે પોતાને હિઝ મૅજેસ્ટી, બાદશાહ પહેલો હાઇલે સિલાસી, રાજાઓનો રાજા, પરમેશ્વરનો નીમેલો જૂડાનો વિજયી સિંહ, ઇથિયોપીઆનો સમ્રાટ, એવાં બિરૂદો લગાડે છે તેમાં માત્ર ખાલી દમામ જ નથી. તેણે પોતાની ભુજાઓની તાકાતથી દેશના તખ્ત અને તાજ મેળવ્યાં છે. તેની રગેરગમાં શાહી કુટુંબનું રક્ત છે; પણ આ બાબતનું જીવનના પૂર્વકાળમાં કંઇ મહત્ત્વ હતું નહિ.

૧૮૧૬માં ઇટલીએ તેની સ્વતંત્રતા પર તરાપ મારવા પહેલો પ્રયત્ન કર્યો. પણ તેમાં ઇટલીને થાપટ લાગી હતી. સો વર્ષ પછી ૧૯૧૬ના યુરોપી યુદ્ધ વખતે ઇથિયોપીઆ કેટલીક ખટપટોથી નબળું પડ્યું હતું તેથી તે વખતે એક ક્રાન્તિ થઇ. તેમાં તે વખતના બાદશાહ લીજયાસુને ગાદી છોડવી પડી અને અગાઉ ઇટલીને શિકસ્ત આપનાર બાદશાહ મેનેલીકની બેટી જ્યોતીફને લોકોએ સિંહાસન પર બેસાડી. પણ તે સ્ત્રી હતી એટલે રાજ્ય ચલાવવાને કોઇ પ્રતિનિધિની જરૂર હતી. ઘણી ઢીલચાલને અંતે રાસ તફારી રાણીનો પ્રતિનિધિ થઇ પડ્યો.

તફારીનો જન્મ ૧૮૬૧માં થયો હતો. એનો બાપ રાસ મૅકેનન અગાઉના સમ્રાટ મૅનેલિક બીજાનો ભત્રીજો થાય. મૅકેનન જબરો રાજ્યદ્વારી પુરુષ હતો અને હરાર પ્રાંત ઉપર તેનો અધિકાર હતો. ૧૯૧૬માં ઇટલીને શિકસ્ત આપવામાં તેનો જબરો હાથ હતો. તફારીમાં પિતાના અનેક ગુણો ઊતર્યા છે. ૧૯૧૨માં તેણે મેનેલિકની ભાણેજ શાહજાદી મેનન જોડે લગ્ન કર્યું અને રાણી જ્યોતીફના પ્રતિનિધિ બની તેણે દેશની દુર્દશા

નિવારવા પાંચ વર્ષ ખૂબ મહેનત કરી ૧૯૨૬માં શાંતિ અને સુવ્યવસ્થા આણ્યાં; અનેક રાષ્ટ્રો જોડે લાભદાયક સંધિઓ કરી; જિબૂટીથી એડીસઅબાબા સુધી રેલવે બાંધી. આમ તે અનેક રીતે તાજ વગરનો બાદશાહ બન્યો. ૧૯૨૭માં ઇટલીએ તેને ખુશ કરવા એક લડાઇની ટૅંક ભેટ કરી જે તેને આગળઉપર બહુ ઉપયોગી થઇ પડી. હવે રાણી જોતીફને તેની ઇર્ષ્યા થવા લાગી અને પોતાની સત્તા પોતાના હાથમાં લેવા તેણે એક કાવત્રું રચ્યું. એક વાર તફારી કામસર રાણીને મળવા ગયો તે વખતે રાણીના સેનાપતિ અબ્બા વૈકૂએ રક્ષપાલોની મદદથી તેને મહેલમાં જ કેદ કરી લીધો.

તુરત તફારીનાં માણસોએ આ ખબર તેની સ્ત્રીને પહોંચાડી દીધા. શાહજાદી મેનન જેવીતેવી સ્ત્રી નહોતી. તેણે પોતાના પતિના સૈનિકો અને મ્યુનિસિપાલિટીના હથિયારબંધ સિપાઇઓ ભેગા કર્યા અને પતિને છોડાવવા શાહી મહેલ પર હુમલો કર્યો.

આ વખતે તેણે પોતાની ઇટાલિયન ટૅંક આગળ રાખી અને મહેલની સામે તે ધરી દરવાજા ઉઘાડવાનો હુકમ કર્યો પણ કોઇએ ન માન્યું, એટલે ટૅંક આગળ ઉપડી ને દરવાજાને માર્યો ધક્કો. દિવાલ કે દરવાજાનો તેને શો હિસાબ. આ ભયંકર આફત આવતી જોઇ રાણીના રક્ષકો નાઠા અને મેનેલિક બીજાની કબરગાહમાં ભરાયા. શાહજાદી મેનને ટૅંક ત્યાં ખડી કરી દીધી. આ વખતે મહેલના છાપરા પર ઊભોઊભો તફારી બધો ખેલ જોઇ રહ્યો હતો!

દુશ્મનો રાતભર મકરબામાં પુરાઈ રહ્યા. સવારમાં તફારી દુશ્મનોને કહેવા લાગ્યો: 'જલદી શરણુ થઈ જાઓ, નહિ તો મકરબો તોડી અમે અંદર આવીશું.' સેનાપતિએ કહ્યું: 'મકરબો તોડશો તો આખા દેશનો ક્રોધ તમારા પર ઊતરશે.' તફારીએ સંભળાવી દીધું: 'બેશક, મકરબો હું તોડી નાખીશ, એટલું જ નહિ પણ એક નવું સ્મારક એવું કરીશ કે જેથી તેની કીર્તિ વધશે. એ સ્મારકના પાયામાં તમારાં સૌનાં હાડકાં પૂરીશ.'

આવતા અંકથી
'કુમાર'માં
સુધારો અને વધારો
બંને થશે
જોતા રહેજો

એ સાંભળી દુશ્મનો કંપી ઊઠ્યા અને ચૂપચાપ બહાર આવી શરણુ થયા. અંતે સમાધાન કરવા રાણીએ તેને શોવાકા પ્રાંતનો અધિપતિ બનાવ્યો. ત્યાં જઇને તફારીએ પોતાની સત્તા ચૂપચાપ મજબૂત કરવા માંડી.

હજુ રાણી જોતીફને જંપ વળ્યો નહિ, એટલે પોતે તલ્લાક આપેલા પતિ ગુકસાને મેળવી દસબાર હજારનું લશ્કર તૈયાર કર્યું. રાસ તફારીએ છાનાંમાનાં ત્રણ એરોપ્લેન ખરીદ કર્યાં અને તેના ઉપરી તરીકે એક ફ્રેન્ચમૅન રાખ્યો. ગુકસાની ફોજ નજીક આવી ને એક સવારે ઉપર જુએ છે તો તફારીનાં બલૂનો બાજની પેઠે ઉપર ભમરી ઘૂમી રહ્યાં હતાં. થોડી વારમાં ઉપરથી મશીન ગનનો મારો શરૂ થઇ ગયો અને બીજી બાજુથી તફારીના પાયદળે પણ હુમલો કર્યો. ગુકસા પાસે પણ મશીનગનો તો હતી, પણ લડાઇની શરૂઆતમાં જ બલૂનોએ તેના મોરચા પર બૉમ્બ ફેંકી તે રદ કરી નાખી હતી.

ગુકસાના સિપાઇઓને માથે લાલ કલગી અને છાતી પર લાલ પહેરણો હતાં, એટલે રાસતફારીના સિપાઇઓને નિશાન લેવું બહુ સહેલું પડ્યું. ૩૧મી માર્ચ ૧૯૩૦ના આખા દિવસની લડાઈ પછી મેદાન તફારીને હાથ પડ્યું. દુશ્મનોનાં દસ હજાર માણસો ખપી ગયાં, જ્યારે તફારીનાં માત્ર ત્રણસો ખપ્યાં. ગુકસા માર્યો ગયો અને તેનું મસ્તક ફ્રૅંચ વિમાની રાસ તફારીના દરબારમાં લઇ ગયો.

આ તરફ જોતીફ બીમાર પડી હતી તેને આ ખબર વિજળી પડ્યા જેવા લાગ્યા. ૧૯૩૦ની બીજી એપ્રિલે તે ગુજરી ગઈ અને તફારીનો સિંહાસનનો રસ્તો મોકળો થઇ ગયો. તે જ દિવસે તેણે પોતાને શહેનશાહ તરીકે જાહેર કરી સત્તા હાથમાં લીધી અને શાહ હાઇલે સિલાસી નામ ધારણ કરી ગાદીએ બેઠો.



માધુકરી

નવા આવતા વાઇસરૉય

*** એમને ઓળખવા પૂરતી માહિતી આપતો ટૂંક પરિચય તો આપણે મેળવી લેવો જોઇએ.

લૉર્ડ મિન્ટો પછી આજે ત્રીસ વરસે પહેલી જ વાર એક સ્કૉટની હિંદના વાઇસરૉય તરીકે નીમણુક થઇ છે. આવતા ઍપ્રિલે હિંદ આવનાર એ વાઇસરૉય લૉર્ડ લિન્લિથગોનું મૂળ નામ વિકટર ઍલેકઝાંડર જૉન હોપ છે. હોપ એ એમની કૌટુંબિક સંજ્ઞા છે.

એકવીસ વર્ષની વયે એમને માર્ક્વિસની પદવી મળી અને આજે એ માર્ક્વિસ ઑફ લિન્લિથગોના નામે ઓળખાય છે. ઍડિનબરો પાસેનું ફર્થ ઑફ ફોર્થ એ તેમનું મૂળ વતન. તેઓ સંપૂર્ણ સ્કૉટિશ તોખમ ધરાવે છે. પરંપરાથી એ વંશમાં યોદ્ધાઓ, ન્યાયાધીશો અને કારભારીઓ પાકતા આવ્યા છે.

આજે એમનું વય ૪૮ વર્ષનું છે. હિંદુસ્તાન વિષેના અનુભવનો તેમનો સંચય વર્ષોજૂનો છે. હિંદી ખેતીવાડીના કમિશનના પ્રમુખપદે તેમણે હિંદની મુલાકાત લીધેલી અને તેના પરિપાકરૂપે હિંદી ખેતીવાડી ઉપર જે ઝીણામાં ઝીણી વિગતો સમાવતું પુસ્તક પ્રકટ કરેલું તે આજ પણ નમૂનેદાર લેખાય છે.

તેમની રહેણીકરણી અઢારમી સદીની જ લાગે. તેમના શૉખો પણ બધા અઢારમી સદીના! છતાં દુનિયાની પ્રગતિ સાથે તેઓ પાછળ નથી રહેતા. શરદીના અટકાવની છેલ્લામાં છેલ્લી શોધથી માંડી દૂરના પૂર્વની ચાલુ પરિસ્થિતિની તેઓ બધી માહિતી ધરાવતા રહે છે. તેમનું ભેજું કોઈ પણ વિષયને ગ્રાહ્ય કરી લે છે. ઝાઝું બોલનાર કરતાં એ ઝાઝું સાંભળનાર છે.

ધંધા-વ્યાપાર અને અર્થશાસ્ત્ર ઉપરનું તેમનું જ્ઞાન ચાલુ ધંધાદારીઓ કરતાં વધારે છે. બૅંક ઑફ ઇંગ્લંડ ઉપરાંત બીજી છ કંપનીઓના તેઓ ડાયરેક્ટર છે.

હિંદના વાઇસરૉયોમાં એ ચોથા સ્કૉટ વાઇસરૉય છે. તેમનો સ્વભાવ બહુ એકાંતપ્રિય અને ચિંતનશીલ છે. જીવનચરિત્ર અને વિજ્ઞાનનાં પુસ્તકોનો એમને બહુ જ શૉખ છે,

કાજી

- ઉપજાતિ -

કાજી થવા કોઇ તણો ચહું ના,
ના તોળવા હું મુજ અલ્પ પલ્લાં
થકી ચહું અન્ય તણાં જ કૃત્યો:

જો તોળવું કાંઇ કદાપિ મારે,
—ને તોળવા તત્પર હું સદાયે,
મારા બધા યે ગુણ દોષ તોળું:

ને ક્ષીર ને નીર કરી નિરાળાં,
હું ક્ષીરનો સાચવનાર થાઉં,
ને પૂર્ણતા પંથ પ્રયાણ પામું.

હિંમતલાલ મર્થક



લૉર્ડ લિન્લિથગો

જ્યારે લોકપ્રિય ગણાતાં બીજાં સામયિકોને તેઓ હાથ પણ નથી અડાડતા.

તેઓ પોતાની પત્ની અને બે પુત્રીઓ સહિત હિંદ આવશે ત્યારે 'સ્કૉટ ગાર્ડ્ઝ'માં જોડાએલા તેમના બે પુત્રો અને સૌથી નાની પુત્રી ત્યાં જ રહેશે.

રાજબંધારણનો નવો ધારો તુરતમાં અમલમાં આવવાનો છે. ૧૯૩૯નું વર્ષ પૂરૂં થાય તે પહેલાં તો નવી ધારાસભાઓ અને વહીવટી સંસ્થાઓ સ્થાઈ જવી જોઇએ અને તેમનું કામ ચાલુ થઇ જવું જોઇએ. નવા વાઈસરૉયની પદ્ધતિ ઉપર એ બધાંનો અને હિંદના ભાવિનો ઘણો આધાર છે. (સંકલિત)

ખરૂં ઉત્તરાયણ ક્યારે ?

* * * '૨૨મી ડિસેમ્બરે કે ૧૪મી જાન્યુઆરીએ ?' એમ પૂછીને આ લેખમાં ખગોળગણિતના આપણા જાણીતા જ્ઞાતા શ્રી હરિહર ભટ્ટ આપણાં ચાલુ પંચાંગોમાં ચાલી આવતી એક મોટી ભૂલનો નિર્દેશ કરે છે એ જાણવા, સમજવા ને સુધારવા જેવી છે એમ કોઈપણ વાચકને લાગ્યા વિના નહિ રહે.

ગુજરાતમાં સૌથી વધારે પ્રમાણમાં વપરાતા ગ્રહલાઘવીય પંચાંગોમાં ઉત્તરાયણ દર વર્ષે ૧૪મી જાન્યુઆરીએ આપવામાં આવે છે; પણ પ્રત્યક્ષ પંચાંગ, મહેન્દ્ર જૈન પંચાંગ, તિલક પંચાંગ, કેતકી પંચાંગ, બાપુદેવ પંચાંગ વગેરેમાં ઉત્તરાયણ ૨૨મી ડિસેમ્બરે આપવામાં આવે છે. તો આ બેમાંથી ખરો દિવસ કયો તે તપાસવાનો આ લેખનો હેતુ છે.

ડિસેમ્બરના આરંભથી જો આપણે સૂર્યોદય અને સૂર્યાસ્તને પ્રત્યક્ષ જોઇને તે વખતે ઘડિયાળમાં કેટલા વાગ્યા છે તે નોંધી રાખીએ, તો આપણને માલૂમ પડશે કે ૨૨મી ડિસેમ્બર સુધી દિવસ ઘટતો જાય છે અને રાત વધતી જાય છે; પણ ત્યાર પછી દિવસ વધતો જાય છે અને રાત ઘટતી જાય છે.

વળી ઉપલા પ્રયોગમાં સૂર્ય ક્ષિતિજ ઉપર કયે સ્થળે ઊગે-આથમે છે, તે દૂરની ટેકરી, ઝાડ વગેરે નિશાનીઓથી જોતા જઇએ તો આપણને માલૂમ પડશે કે ૨૨મી ડિસેમ્બર સુધી સૂર્ય દક્ષિણ તરફ જતો જાય છે, પણ ત્યાર પછી તે ઉત્તર જવા માંડે છે.

વધારે નવાઇની વાત તો એ છે કે ગ્રહલાઘવીય પંચાંગો ઉત્તરાયણ ૧૪મી જાન્યુઆરીએ લખતાં છતાં તે જ પંચાંગોમાં લખેલું દિનમાન ૨૨મી ડિસેમ્બર સુધી ઘટતું જાય છે અને ત્યાર પછી વધતું જાય છે. આમ દિનમાન ૨૨મી ડિસેમ્બરથી વધે છે અને ઉત્તરાયણ ૧૪મી જાન્યુઆરીએ લખાય છે! આવાં પરસ્પરવિરોધી લખાણો આ પંચાંગોમાં માલૂમ પડે છે.

આમ આપણાં ઉત્તરાયણ અને દક્ષિણાયનમાં ૨૩ દિવસની ભૂલ પેસી ગઇ છે. વસંત, ગ્રીષ્મ, વર્ષા વગેરે ઋતુઓ પણ આ અયનોની સાથે જોડાએલી હોવાથી તેમાં પણ તેટલી જ ભૂલ આવે છે.

આમ શાથી બનવા પામ્યું ? આપણાં ગ્રહલાઘવીય પંચાંગો અયનથી અયન સુધીના વર્ષનું માપ ઈ.સ. ૫૦૦ની લગભગમાં બનેલા સૂર્યસિદ્ધાંતમાં આપેલા વર્ષમાન પ્રમાણે લે છે. આ વર્ષમાન અયનથી અયન સુધીના સૂક્ષ્મ માપ કરતાં લગભગ ૧ ઘડી મોટું છે. તેથી ઇ.સ. ૫૦૦થી આજ સુધીમાં વીતેલાં લગભગ ૧૪૦૦ વર્ષમાં વાર્ષિક ૧ ઘડીની ભૂલ એકઠી થઇને આજે લગભગ ૨૩ દિવસ જેટલી થઇ છે.

છેલ્લાં ૧૦ વર્ષથી જ્યારે જ્યારે ઉત્તરાયણ આવે છે, ત્યારેત્યારે ઉપલી વાત અમે લોકોના અને પંચાંગકારોના કાન ઉપર નાખીએ છીએ. અમારી આ વાત ખોટી છે એમ હજુ સુધી કોઇએ જાહેરમાં કે ખાનગીમાં અમને કહ્યું નથી. તો પછી ઉત્તરાયણ તા. ૧૪મી જાન્યુઆરીએ લખવાને બદલે તા. ૨૨મી ડિસેમ્બરે લખવામાં ગ્રહલાઘવીય પંચાંગકારોને શી મુશ્કેલી છે તે ખરેખર અમારા સમજવામાં આવતું નથી. અમે હજુ પણ આશા રાખીએ છીએ કે આપણા ગ્રહલાઘવીય પંચાંગકારો આવતા વર્ષથી આવડી મોટી અને આટલી દેખીતી ભૂલ તો જરૂર સુધારી લેશે, અને ઉત્તરાયણ તેને ખરે દિવસે એટલે કે તા. ૨૨મી ડિસેમ્બરે જ લખાશે. —હરિહર ભટ્ટ

આનાસાગર

અજમેર પાસેનું આ તળાવ અન્નસાગર નહિ પણ આનાસાગર તરીકે ઓળખાય છે. અજમેર વસાવનાર ચૌહાણ રાજા અજયદેવના પુત્ર આનાએ (અર્ણોરાજે) એ બંધાવ્યું હતું. આ અર્ણોરાજ સુપ્રસિદ્ધ પૃથ્વીરાજ ચૌહાણનો પિતામહ હતો. એને સિદ્ધરાજ જયસિંહે યુદ્ધમાં હરાવ્યો હતો, પરન્તુ એની વીરતાથી પ્રસન્ન થઇ પોતાની કાંચનદેવી નામની પુત્રી પરણાવી હતી. એ કાંચનદેવીનો પુત્ર સોમેશ્વર, તે પૃથ્વીરાજનો પિતા.

અર્ણોરાજના સમયમાં સિંધ કે પંજાબના મુસલમાનોએ અજમેર ઉપર ચડાઇ કરી હતી અને હાલ જ્યાં આનાસાગર તળાવ છે, ત્યાં યુદ્ધ થયું હતું. એમાં અર્ણોરાજે મુસલમાનોને હરાવી નસાડી મૂક્યા હતા. મુસલમાનોના રૂધિરથી અપવિત્ર થએલી એ ભૂમિને શુદ્ધ કરવાને તેણે ત્યાં એક તળાવ ખોદાવ્યું જે એના નામ ઉપરથી આનાસાગર તરીકે ઓળખાય છે. આ તળાવ ખારી ભૂમિમાં હોવાથી તેમાં ખારૂં પાણી નીકળ્યું, તેથી તેણે ચન્દ્ર નામની નદીનું પાણી તેમાં વાળીને પાણી મીઠું બનાવ્યું હતું. આ તળાવની વચ્ચે એક ભવ્ય શિવમંદિર બાંધવામાં આવ્યું હતું, જેનું નામ પોતાના પિતાના નામ ઉપરથી તેણે અજયદેવપ્રાસાદ રાખ્યું. પ્રાચીનકલાપ્રિય લૉર્ડ કર્ઝને પોતાના અમલમાં એ તળાવ સમરાવ્યું હતું. રેલવેની કેટલીક માર્ગદર્શિકાઓ (ગાઈડ)માં આ તળાવ શાહજહાંએ બંધાવ્યું હતું એમ જણાવવામાં આવ્યું છે, પણ એ વાત ખોટી છે. ઉપરની હકીકત પૃથ્વીરાજ ચૌહાણના રાજકવિ કાશ્મીરના પંડિત જયાનકે રચેલા **પૃથ્વીરાજવિજય** નામના મહાકાવ્યમાં આપેલી છે. શાહજહાંએ કદાચ તેનો જીર્ણોદ્ધાર કર્યો હશે.

—રામલાલ ચુનીલાલ મોદી

મૌન વ્રત

આ વ્રત પોષ મહિનામાં ઉત્તરાયણના દિવસે બાળાઓ સૂર્યપૂજન કરીને લે છે.

જે બાળાએ આ વ્રત લીધું હોય તે સૂર્ય આથમવાની પાંચદસ મિનિટ પહેલાં હાથપગ ધોઇ કોગળા કરી સ્વચ્છ થાય છે. પછી સૂર્યનાં દર્શન કરી લઇ પોતાનું બોલવું બંધ કરે છે ને વગર બોલ્યે ઘરનું કામકાજ કરે છે. જ્યાં સુધી આકાશમાં તારાઓનાં દર્શન ન થાય ત્યાંસુધી તે આ મૌન રાખે છે. જ્યારે તારાઓ ઊગે છે ત્યારે તેમનાં દર્શન કરી લે છે. ત્યાર પછી બે હાથ જોડી મૌન છોડાવનાર ભાઈ અગર બેન પાસે જઇ ઊભી રહે છે. મૌન છોડાવનાર ત્યારે નીચે પ્રમાણે બોલે છે:

'સાંજ ફૂલી સંધ્યા ફૂલી; આલર વાગ્યા, ઝાલર વાગ્યા, ઘંટ વાગ્યા, ઊગ્યા તારા, મુનિવારા, સીતાની વાડીમાં દાડમ દ્રાક્ષ, બીજોરાં, સદાય ફળ;મુનિઓનાં મૌન છૂટે;બોલો મુનિ રામરામ.'

આટલું સાંભળીને મૌનવ્રત વાળી બાળા બોલે છે: 'રામ રામ.' આ પ્રમાણે દરરોજ બીજી ઉત્તરાયણ આવતાં સુધી તે કરે છે. પછી ઉત્તરાયણને દિવસે એક પિત્તળની ઘંટડી અને એક વસ્ત્રનું દાન કરી વ્રતની પૂર્ણાહુતિ કરે છે.

આ વ્રત કોઇ પાંચ વરસ અને કોઇ ત્રણ વરસ કરે છે. જ્યારે ચોમાસાની ઋતુમાં રાત્રે તારા દેખાતા નથી ત્યારે ઘીનો દીવો કરી પાણીના વાસણમાં તેનું પ્રતિબિંબ જોઇને પોતાનું મૌન વ્રત છોડી શકાય છે. —મણિગૌરી

ગોપનાથ

* * * અમારી માગણીનો સારો જવાબ વાચકોએ આપ્યો છે અને આપણાં વિવિધ જાણવા જેવાં સ્થળોના ટૂંકા પરિચયો અમારી પાસે આવતા જાય છે.

ભાવનગર તાબાના તળાજા ગામથી સાતેક ગાઉ દરિયા કિનારા ઉપર આ રમણીય સ્થળ આવેલું છે. તેનું સૌંદર્ય કેવળ કુદરતી સૌંદર્ય છે. પાસે જ અખૂટ જલભંડાર સમો સાગર ઉછાળા મારે છે, જેનાં દસ દસ પંદર પંદર ફીટ ઉંચાં ઉછળતાં મોજાંઓ કંઇ અનેરા સૌંદર્યથી મનને ભરી દે છે. ભલભલા વહાણોને પણ ગોથાં ખવડાવી દે એવાં એ મોજાંઓએ બનાવી કાઢેલા કિનારાનું સૌંદર્ય પણ અપ્રતિમ છે. કિનારા સાથે એ મોજાંઓ અથડાઇ અથડાઇને કોતરાએલી એ કરાડો જોઇને જોનારને કુદરતની કરામતનો ખ્યાલ અવશ્ય આવે તેવું છે. ચોરસ લંબચોરસ અને એવા અનેક આકારની વીસથી પચીસ ફીટ ઊંચી ભેખડો ત્યાં પડેલી છે. આ સ્થળે દરિયાકાંઠો ખરાબ હોવાને લીધે વહાણો આવી શકતાં નથી, અને આ ખરાબાથી વહાણોને સાવચેત રાખવા માટે અહીં એક ઊંચી ભેખડ ઉપર એક દીવાદાંડી બાંધવામાં આવી છે. આ દિવાદાંડી ભમરડાની માફક ધીરેધીરે ફરે છે તેથી દૂરથી તેનો દેખાવ પ્રકાશિત તારાના જેવો લાગે છે.

સમુદ્રને કાંઠે જ થોડાં સુંદર મકાનો વચ્ચે મહાદેવનું એક ભવ્ય શિવાલય આવેલું છે. લગભગ એકસોથી દોઢસો માણસો એક સાથે ઊભા રહીને સહેલાઇથી દર્શન કરી શકે તેવું તે અંદરના ભાગમાંથી પહોળું છે. આ મંદિરની વ્યવસ્થા કરવા માટે અહીં એક વિદ્વાન મહંત રહે છે. દર વર્ષે ઘણા યાત્રાળુઓ અહીં આવે છે તેમને અહીં દરેક જાતની સગવડ પૂરી પાડવામાં આવે છે અને તેને માટે અહીં એક કોઠાર રાખવામાં આવે છે. મંદિરના તાબામાં જમીન તથા ગામ પણ છે તેની આવકમાંથી મંદિરનું ખર્ચ પૂરું કરવામાં આવે છે.

અનાજ દળવાની ઘંટી તો લગભગ સૌના ઘરમાં હોય છે. તેવા જ આકારની પત્થરની એક જબરદસ્ત ઘંટી અહીં છે. આ ઘંટીને એક મોટા ઓરડામાં રાખવામાં આવી છે અને તેને ઘાણીની માફક બે મોટા હૃષ્ટપુષ્ટ બળદો વડે ચલાવવામાં આવે છે. તેની વચગાળે કાણાં કાણાં વાળો એક અનાજ ભરેલો મોટો ટોપલો મૂકવામાં આવે છે, જેમાંથી ધીમે ધીમે અનાજ ઘંટીની અંદર જાય છે. એકંદરે આ સ્થળ ઘણું જ આનંદ આપે તેવું છે. ઉનાળામાં તો ગમે તેટલી ગરમી હોય છતાં અહીં તેની બીલકુલ અસર થતી નથી. હવાફેર માટે આ સ્થળ ઘણું જ ઉત્તમ છે. —રમણિકલાલ મણિશંકર ભટ્ટ

નર્મદાનો નવો પૂલ


* * * તમે એ જોયો ન હોય તો કાંઇ નહિ; પણ જ્યારે જોશો ત્યારે, આટલી માહિતી એને વિષેની જો તમારા ધ્યાનમાં હશે તો જોવામાં વધારે રસ આવશે.

ભરૂચ પાસે નર્મદાના જૂના પૂલને રદ કરી હાલમાં જ નવો પૂલ મુંબાઇના ના. ગવર્નરને હાથે ઉપયોગમાં લેવા ખુલ્લો મુકાયો છે. જૂનો પૂલ એવો તો જર્જરિત થઇ ગયો હતો કે ૧૯૨૫-૨૬માં તેનું નિરીક્ષણ કરવા ગએલા મિ. એચ. એફ. નિકૉલ્સે નવા પૂલની આવશ્યકતા અનિવાર્ય જણાવેલી. 'નર્મદા વાયાડક્ટ' નામે ઓળખાતા ૧૮૮૧માં બંધાએલા એ જૂના પૂલે પણ એટલો બધો બોજો સહન કર્યો હતો કે તેને સમારવા કરતાં નવો પૂલ જ બાંધવાનું મુંબાઈ સરકારે યોગ્ય ધાર્યું.

નદીના વહન અને ભરૂચના વહાણવટાને ખ્યાલમાં લઇ મુંબાઇ સરકારે ૧૯૩૦માં નવા પૂલ માટે ડિઝાઇનો (આલેખો) મંગાવી. ૧૧૦૦ જેટલાં સફરી અને ૮૦૦ જેટલાં તરી વહાણો નદીમાં આવજા કરતાં રહેતાં હોઇ પૂલના થાંભલા એવી રીતે ઊભા કરવાના હતા કે જેથી તેમની અવરજવરને કંઇ અડચણ ન નડે.

દરિયા પેઠે જ એ નદીમાં ભરતીઓટ આવે છે અને એની અસર પૂલથી પણ પચીસ માઇલ દૂર સુધી થાય છે. તેની ખાડી ૧૩ાા માઈલ પહોળી છે. ભરતી વખતે તેનાં પાણીની ઊંડાઇ ત્રીસ ફૂટ અને ઓટ વખતે વીસ ફૂટની આસપાસ હોય છે. વરસાદના દિવસોમાં તો તે હદ ઉપરાંત વધી જાય છે.

૧૯૩૨માં હાલના પૂલની ડિઝાઇન પસંદ કરી ખર્ચનો અડસટ્ટો કાઢી કામ ચાલુ કરવાની સરકાર તરફથી મંજૂરી



નર્મદાનો નવો પૂલ: હિન્દી પેઢીના ઇજનેરી સાહસનો અજબ નમૂનો

અપાઇ. હિન્દુસ્તાનમાં રજિસ્ટર થએલી એક પેઢીને ૧૯૩૩ના મેની ૩૦મીએ પૂલના થાંભલાઓ તૈયાર કરવાનો, તેમને નદીમાં ઉતારવાનો તથા પૂલના ઉપરના માળખાનું પોલાદ પૂરૂં પાડવાનો કૉન્ટ્રૅક્ટ આપવામાં આવ્યો અને કામ પૂરૂં કરવા સવા ત્રણ વરસની મુદત અપાઈ. બી. બી. સી. આઇ. રેલવેના હોમબોર્ડના તંત્ર હેઠળ કામ ચાલુ થયું. પૂલના થાંભલા માટી કે રેતી ઉપર જ બાંધવાના હતા. નદીના તળિયા પરની નકામી વસ્તુઓને બહાર કાઢવામાં અને થાંભલાઓની બાંધણીમાં એર લિફ્ટનો ખૂબ ઉપયોગ થયો હતો. ૧૯૩૫ના મેની ૨૦મી તારીખે પૂલની છેલ્લી કમાન પૂરી થઇ.

આ પૂલને કુલ સત્તર થાંભલા છે: આઠ નદીને ઉત્તર કાંઠે, બે દક્ષિણ કાંઠે અને સાત પાણીની અંદર. ૨૮૨ ફૂટ લંબાઇની એક એવી પંદર કમાનોથી એ બંધાએલો છે.

હિંદમાં અત્યારે આ પૂલ સિવાય બીજા બે મોટા પૂલો છે. એક પૂલ કાલાબાગ પાસે સિંધુ પર અને બીજો બ્રહ્મદેશની ઇરાવતી પર. આ બંને પૂલોનું બાંધકામ એક જ વખત કરવામાં આવેલું છે, જ્યારે નર્મદા પરનો આ પૂલ ત્રીજી વાર બંધાઇ પૂરો થયો છે. એના જૂના બે પૂલોની કોઇ ખામી તેમાં ન આવે એવી ખાસ તકેદારીથી તે બાંધેલો છે. અને સવા ત્રણ વર્ષની મુદત મળી હોવા છતાં બે વરસમાં જ તે પૂરો થયો છે. તેની પાછળ એકંદર ૬૬·૦૪ લાખ રૂપિયા ખરચેલા છે. (સંકલિત)


નર્મદાના એ નવા પૂલને હું મારા ગાડામાંથી નિહાળી રહ્યો હતો. એક માઇલ કરતાં યે વધુ લાંબું એ બાંધકામ મને હેરત પમાડતું માથા ઉપર તોળાઇ રહ્યું હતું. સીમેન્ટ-કૉન્ક્રીટના એના પંક્તિબંધ મહાકાય થાંભલા બબ્બેની જોડી બનીને આખા નદી-પટમાં ઊભા હતા. શ્વેત ઐરાવતોની જંગી હાર જાણે ક્યાંક જતી જતી ત્યાં થંભી જઇ રેવાના જળમાં ક્રીડા કરતી હતી; ને એ તમામની પીઠ પર પૂલ રૂપી સળંગ એક અંબાડી હતી પણ કોની? કોઇ રાજરાજેન્દ્રની? નહિ: વિશ્વના નવશાસક જનતા-જનાર્દનની. લાખોનો જનવિરાટ એ અંબાડી પર ઘૂમતો હતો.

જૂના સેતુ પર જે કીડી વેગે ચાલતી હતી તે ને તે જ આગગાડીઓ આ શ્વેત ગજરાજોની પીઠ ઉપર હવે તો ચાલુ ઝડપે જ દોડી જાય છે. જૂનો પૂલ આ નવીનની બરાબરની પ્રત્યે જાણે કોઇ મૂંગા પિતામાત્ર જોઇ રહ્યો છે.

પરંતુ આ પૂલના માર્મિક પ્રશ્નને રખે મારી ઉપમાઓના અલંકારો તળે દાટી બેસીશ એવી બીક લાગે છે. એ ભવ્ય બાંધકામ આજે છેક દરિયાપારનાં છાપાંમાં તારીફો પામી રહ્યું છે, ને એવું સાહસ મુકરર કરેલી અવધ કરતાં યે એક વર્ષ વહેલું પાર કરી આપનાર અંગ્રેજ યાંત્રિકોની એક માતબર પેઢીને સૌ કોઈ અભિનંદી રહ્યું છે. મુંબાઇના ગવર્નર સાહેબે નર્મદાના એ નવા સેતુને ખુલ્લો મૂકતી વેળા પણ ધન્યવાદ આપ્યા એ સરકારી કોન્ટ્રેક્ટ લેનારી મૂળ બ્રિટિશ-હિન્દ પેઢીને, જેણે પૂલના ગરેડા વગેરે લોઢાનો સામાન પૂરો પાડવા ઉપરાંત, સેતુના પ્રચંડ નિર્માણ કામમાં એક પત્થર પણ ચડાવ્યો નથી.

એ આખું જ સાહસ એક દેશી પેઢીનું છે. વિલાયતી પેઢીએ નવા સેતુનું તમામ સર્જન એક હિન્દી પેઢીને ભળાવ્યું હતું. પણ એના નામનો ક્યાં યે ઉલ્લેખ નહોતો!

(બે ઘડી મોજ) — ઝવેરચંદ મેઘાણી




બહાર ગએલી માની સૂચના પ્રમાણે બે નાનાં બાળકો મકાનની અંદરની સાંકળ વાસી બેઠેલાં, એવામાં મકાનને ચોતરફથી આગ લાગી. છોકરાંની ચીસો સાંભળી આવેલા પડોશીઓએ એકઠા થઇ બહારની સાંકળ તો ઊઘાડી નાખી, પણ અંદરની કોણ ઊઘાડે? બીજાં બધાં બારીબારણાં પણ બંધ હતાં. એવામાં રસ્તે જતા કોઇ અજાણ્યા બુઝર્ગે ઝટપટ એક ચાદર ઓઢી બાજુના મકાન પર થઈ સળગતા છાપરા પર પડતું મૂક્યું. છાપરા સાથે તે અંદર પડ્યો અને સળગી ઊઠેલી ચાદર ફેંકી દઇ દોટ મૂકી બારણું ઉઘાડી નાખ્યું. પછી તો હજારો હાથોએ બાળકોને ખેંચી લીધાં. પણ પેલો ખરો બચાવનાર ક્યાં? એ તો પોતાનું નામ પણ જણાવા દીધા વિના ચુપચુપ પોતાને માર્ગે પડી ગયો હતો.

અનેકાર્થી શબ્દ: **વામવું**=તજવું; ઉલટી કરવી; મનની વાત કહી દેવી; ભાર ઓછો કરવા માટે કોઇ ચીજ ફેંકી દેવી; કમી કરવું, ઓછું કરવું; મટાડવું.

૧૦૧×૧૦૧=૧૦૨૦૧
૧૧૧×૧૧૧=૧૨૩૨૧
૧૨૧×૧૨૧=૧૪૬૪૧
૨૦૨×૨૦૨=૪૦૮૦૪
૨૧૨×૨૧૨=૪૪૯૪૪
૨૬૪×૨૬૪=૬૯૬૯૬
૩૦૭×૩૦૭=૯૪૨૪૯

ઉપલા આંકડાઓમાં ગુણાકારના જવાબરૂપે આવેલી રકમોને બંને તરફથી વાંચી જોતાં સરખી જ વંચાશે. એવા બીજા શોધી શકશો?—ત્રિ. વી. હેમાણી

કહેવતોના અર્થ: 'કટકના પગ અવળા'; એટલે કે લશ્કરના પગનું ઠેકાણું નહિ; ચારે તરફ ચાલે. મતલબ એ કે લશ્કરને અમુક ચોક્કસ દિશામાં જ ચાલવાનું નિશ્ચિત હોતું નથી. જેમ લડાઇની બાજુ ફરે તેમ જુદીજુદી દિશામાં કૂચ કરવી પડે. ધાર્યું હોય કાંઇક અને બીજું કરવું પડે એવીસ્થિતિમાં આકહેવતવપરાયછે.



આ આકૃતિની ઉપર નીચેની બંને ધારો સમાંતર જ છે, પણ પીંછાં આકારે જતી બંને બાજુની રેષાઓને લીધે વચલો ભાગ આંખને જાડો લાગે છે એ દષ્ટિભ્રમને કારણે.



શિકાગોના વિશ્વમેળામાં આઠ ફૂટની મૂછોથી જગતમાં રેકર્ડ રાખનાર સ્વ. દેશુર અરજણનું ખાલી પડેલું સ્થાન લઇ શકે એવી બીજી વ્યક્તિ પણ આપણે ત્યાં છે. એનું નામ વજાભાઇ અને લાઠી સંસ્થાનમાં તે ભરવાડનો ધંધો કરે છે. ઊતરતી અવસ્થામાં ખરતી જતી હોવા છતાં આજે પણ એમની મૂછો બરાબર અઢી ફૂટની છે. પહેલાં તો એ સાડાત્રણ ફૂટની હતી!



દાક્તરો અને વિજ્ઞાનના શિક્ષકો હાથ ધોવા માટે આ આકૃતિમાં બતાવેલી હવા-દબાણના નિયમાનુસાર વર્તતી 'પ્રવાહી-પ્રવાહિક શીશી' બનાવીને જો વાપરે તો ચોકખાઈ વધારે સચવાય. યોજના સમજાવા પૂરતી શું આકૃતિ પોતે જ સ્પષ્ટ નથી?

ઘુવડના કાનની રચના એવી હોય છે કે જ્યારે કાંઇ ન સાંભળવુંહોય ત્યારે તે કાનના પડદા ઢાળી દે છે.

અમેરિકામાં અમુક વખતમાં જેટલું પાણી વપરાય છે તેથી બમણું પૅટ્રોલ વપરાય છે.

સોનાની તંતુશક્તિ એટલી બધી છે કે એક રતલમાંથી ૯૦૦ માઇલ જેટલો તાર નીકળી શકે છે.

કોઇપણ દેશ કરતાં વધુ મદ્ય વાપરતો દેશ આબીસીનિયા છે. દરેક ખાણા સાથે મદ્ય લેવાનો ત્યાં રિવાજ છે.

અવારનવાર સૅન્ડપેપર (રેતીઆ કાગળ)ના ટુકડા તમારી કાતર વડે કાપતા રહેજો. એનાં પાનાં એથી તેજ રહેશે

વીંટી વગેરે દાગીના ઉપરનાં નંગ સાફ કરવા માટે ચોખ્ખું કોલનવૉટર બસ છે. પછીથી શામવા લેધર વડે સાફ કરી લેજો

ચોમાસું વીત્યા પછી આપણે છત્રીઓને ગોળ વીંટાળી લઇ સખત રીતે પૅક કરી મૂકીએ છીએ, પણ એ ભૂલ છે. એમ સખત રીતે વીંટાળી મૂકવાથી કપડું ખરાબ થઇ જાય છે અને તેની ઘડ આગળથી ચીરા પડી ફાટે છે.

બારી-કબાટના કાચ હવે સાફ કરો ત્યારે કપડા પર થોડો સરકો છાંટી સાફ કરી જોજો; અને પછી ચમક જોજો.

વિખ્યાત અંગ્રેજ લેખક બર્નાર્ડ શૉને એક વાર એક નટીએ પોતાની સાથે લગ્ન કરવાની વિનતિ કરી જણાવ્યું કે 'આપણા લગ્નના ફળરૂપ જે બાળક થશે તેમાં મારૂં રૂપ અને તમારી બુદ્ધિ આવવાથી તે અદ્દ્ભુત માનવી નીવડશે.' આના જવાબમાં શૉએ લખ્યું કે 'પણ બાઈ સાહેબ, એને બદલે મારૂં રૂપ અને તમારી બુદ્ધિનો સંયોગ થઇ ગયો તો?'



કુમાર

વર્ષ બારમું — વાર્ષિક સાંકળિયું ૧૩૩-૧૪૪





ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

આ મહીને ફોટોગ્રાફી હરીફાઇમાં આવેલાં ફોટો-ચિત્રો સંખ્યામાં ને ગુણમાં છેલ્લા મહીના કરતાં ઊતરતી કોટિનાં છે. પોર્ટ્રૅટ ફોટોગ્રાફી (માનવ તસ્વીર)ને બે વિભાગમાં વહેંચી શકાય: અમુક સ્ત્રી કે પુરુષનું લાક્ષણિક ગુણદર્શન કરાવે એ હેતુથી લેવાતા ફોટોગ્રાફોનો એક વર્ગ; બીજા વર્ગમાં કોઇ પણ પાત્ર લઇ તેની જાતીય ખાસિયત અને પ્રવૃત્તિ દર્શાવનાર ચિત્રો- જેને type pictures કહી શકાય તે—આવે. ભાઇશ્રી હિંમતસિંહ બારપુરા (અલીરાજપુર)નું 'મારૂં સુંદર વાસણ' નામનું ફોટો ચિત્ર આ બીજા પ્રકારનું ગણાય. તેને પહેલું ઇનામ મળે છે. ગામડાની ગુજરીમાં માલ ખપાવવા હાથમાંના વાસણનું પ્રદર્શન કરતી ઊભેલી ભીલ કન્યાનું આ ફોટો-ચિત્ર પોર્ટ્રૅટનો ઠીક નમૂનો ગણાય. તે ચિત્રના વિષયનું નામ કે વ્યક્તિત્વ જાણવાની જોનારને જરૂર રહેતી નથી. ભીલ જાતિની કન્યાઓને કુદરતે બક્ષેલાં ઘાટ ને તંદુરસ્તી ચિત્રમાં હૂબહૂ દેખાય છે. તેથી કરીને આ ચિત્ર તે જાતિના પ્રતીક રૂપ બને છે. પાત્રના મુખ ઉપરના ભાવો ઠીક છે, પરંતુ પાછળ દેખાતો બંગલો વિષયને અનુરૂપ નથી લાગતો. કૅમેરાની ચાંપ દાબતાં અગાઉ પાત્રની બૅકગ્રાઉન્ડ બરોબર તપાસી લેવી જોઇએ. ઘણાં યે સારાં ચિત્રો અજુગતી બૅકગ્રાઉન્ડથી બગડે છે. બીજું ઇનામ જીતનાર ભાઇ રસિકલાલ ગામી (કડી)ની 'બાલક્રીડા' અને ત્રીજું ઇનામ મેળવનાર ભાઇ બાલચંદ મહેતા (ગોંડળ)ની 'તડાફડી'માં એ જ દોષ વધારે પ્રમાણમાં દેખાય છે. પહેલા ચિત્રમાં બાળકોની પાછળ ઓટલા પર બેઠેલી સ્ત્રીના (અરધા) કપાએલા અંગથી બૅકગ્રાઉન્ડ ભરાઇ જાય છે તે ચિત્રમાં ખૂંચે છે અને અરૂચીકર લાગે છે. 'તડાફડીની મઝા'માં ભીંતની કૉર્નિસ ચિત્રના બે ભાગ પાડે છે અને એ રીતે ચિત્ર-લક્ષ્ય નબળું પડે છે. બને ત્યાં સુધી તમારાં ચિત્રોને ગોળ કે લંબગોળ કદી કાપતા નહિ. એ ટ્રિમિંગ અપવાદરૂપ હોવું જોઇએ.

'બાલક્રીડા'માં ડોલોમાંથી પાણી ઉટાડી મસ્તીમાં આનંદ કરતાં બાળકોનું ચિત્ર સારૂં ઝડપાયું છે. પરંતુ બંને બાળકોનું ચિત્ત જુદીજુદી વસ્તુઓમાં પરોવાએલું હોવાથી ચિત્ર નબળું બને છે. હસતા બાળકનું મુખ એન્લાર્જ કરવાથી ઠીક ફોટો-ચિત્ર બનશે. ભાઇ બાલચંદનો ચિત્રવિષય સારો છે, પરંતુ હૃષ્ટપુષ્ટ નાના બાળકને તારામંડળ કે ફટાકડાની લૂમ ચેતાવતાં ઝડપ્યો હોત તો ચિત્ર વધુ ઉચિત ગણાત. ભાઈ કૃષ્ણપ્રસાદ ભણસાળી (મહુધા)નું ફોટોચિત્ર 'પેટ કરાવે વેઠ' નોંધપાત્ર છે. પ્રિન્ટ જોઇએ તેના કરતાં વધુ કાળો થયો છે. પ્રિન્ટ જરા હળવો લેવાની જરૂર છે.

—બલવન્ત ભટ્ટ



મથાળે ડાબી બાજુથી (૧) 'પેટ કરાવે વેઠ'–કૃષ્ણપ્રસાદ ભણસાળી (મહુધા) નોંધપાત્ર; (૨) 'તડાફડીની મઝા'–બાલચંદ મહેતા (ગોંડળ) ત્રીજું ઈનામ; (૩) 'બાળક્રીડા'–રસિકલાલ ગામી (કડી) બીજું ઇનામ; નીચે: 'મારૂં સુંદર વાસણ'–હિંમતસિંહ બારપુરા (અલીરાજપુર) પહેલું ઈનામ